

# પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત...

# પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ




**પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**સંકલન કર્તા : શ્રી પ્રકાશ મોદી** (અધિક કલેક્ટર, નિવૃત)

**પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ**

**પ્રકાશન વર્ષ : ૨૦૨૧-૨૨**

**નોંધ :** આ પુસ્તિકામાં પંચાયત વિભાગ દ્વારા અમલી લોકકલ્યાણકારી યોજનાઓની સરળ જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યોજનાઓના અર્થઘટન, અમલ, ફેરફાર અને નાણાકીય મંજૂરીની બાબતો માટે સરકારશ્રીના વખતોવખતના ઠરાવ, હુકમો અને પરિપત્રો જ આધારભૂત ગણાશે. યોજનાઓના અર્થઘટનમાં તે જ નિર્ણાયક રહેશે. આ યોજનાઓની વધુ વિગતો માટે પંચાયત વિભાગની કચેરીનો સંપર્ક કરવો.

सत्यमेव जयते

# સંદેશ

ભારતીય બંધારણ અનુસાર દેશ અને રાજ્યમાં ત્રિસ્તરીય પંચાયત માળખામાં કાર્યોની વહેંચણી ખૂબ જ સ્પષ્ટતા સાથે કરવામાં આવી છે. ગ્રામ પંચાયત સૌથી પાયાની ભૂમિકામાં રહી વિકાસ કાર્ય કરે છે. ગામમાં ઘર વપરાશ અને પશુઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા, રસ્તાની સફાઈ, સરકારી મિલકતની જાળવણી, આરોગ્ય વિષયક કાર્યો, વીજળીની વ્યવસ્થા, ગ્રામ વિકાસનું આયોજન, ખેતીવાડી સુધારણા આયોજન, પ્રાથમિક શિક્ષણ જેવાં અનેક સ્થાનિક વિકાસનાં કાર્યો કરે છે.

ગુજરાત સરકાર દ્વારા "રૂર્બનાઈઝેશન"ના વિચારને એક વાસ્તવિકતાનું સ્વરૂપ આપવા માટે પંચાયત વિભાગ અંતર્ગત સમરસ, પંચતીર્થ, સીડમની, માદરે વતન, સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના જેવી ઘણી ઉમદા યોજનાઓ થકી ગ્રામીણ વિકાસ સાધવામાં આવી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોની મહિલાઓમાં નેતૃત્વના ગુણ વિકસે તે માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૩૩% મહિલા અનામત બેઠકો રાખવામાં આવી છે અને તેનો અસરકારક અમલ પણ થઈ રહ્યો છે તેમજ લોકશાહીના પાયા એવા પંચાયતના સ્તરથી મહિલા સશક્તિકરણ થઈ રહ્યું છે.

**"પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ"** પુસ્તિકાના માધ્યમથી પંચાયતલક્ષી યોજનાઓ વિષે જન-જાગૃતિ વધશે. આ પુસ્તિકાના માધ્યમથી મોટાભાગના લોકો પોતાના વતનના ગામને શાંતિ, સુરક્ષા અને સૌહાર્દમય 'આદર્શ ગામ'નું વાતાવરણ આપવાની દિશામાં આગળ વધે તેવી શુભકામના પાઠવું છું. પંચાયત વિભાગના સહયોગ સાથે માહિતી વિભાગે તૈયાર કરેલી પુસ્તિકા તમામ જિજ્ઞાસુઓ માટે ઉપયોગી નીવડશે તેવો મને વિશ્વાસ છે.

**(ભૂપેન્દ્ર પટેલ)**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

सत्यमेव जयते

# સંદેશ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ગામને ગ્રામસ્વરાજનું પાયાનું એકમ કહેલું. ગ્રામસ્વરાજ એટલે સંપૂર્ણપણે પોતાની ઈચ્છાઓ મુજબનું પડોશીઓથી સ્વતંત્ર, પરંતુ પરસ્પર એકબીજા પર આધારિત ગણતંત્ર.

ગ્રામ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસ માટે અમલમાં મૂકવામાં આવેલી યોજનાઓએ ગુજરાતના ગામોને સ્વચ્છ, સ્વસ્થ અને નિર્મળ બનાવ્યા છે. 'મિશન મંગલમ્' જેવી યોજનાઓએ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને ઘરઆંગણે રોજગારીના અવસરો પૂરા પાડ્યાં છે. ગામના સભ્યો વચ્ચે સ્નેહ તેમજ સૌહાર્દ જળવાઈ રહે તે માટે અમલી બનાવાયેલી 'સમરસ ગામ', 'તીર્થ ગામ', 'આદર્શ ગામ' અને 'પંચવટી' જેવી યોજનાઓએ ગુજરાતના ગામડાંઓને આદર્શ ગામ બનાવ્યાં છે. ગામમાં પાણીની વ્યવસ્થા, રસ્તાની સફાઈ, સરકારી મિલ્કતની જાળવણી, આરોગ્ય વિષયક કાર્યો, વીજળીની વ્યવસ્થા, ખેતીવાડી સુધારણા આયોજન, પ્રાથમિક શિક્ષણ સહિતનાં સ્થાનિક વિકાસના અનેક કાર્યો ગ્રામલક્ષી યોજનાઓ થકી સંપન્ન થયા છે.

માહિતી ખાતું અને પંચાયત વિભાગના સંયુક્ત પ્રયત્નોથી **"પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ"**ની પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકા **"પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ"** સંદર્ભે નાગરિકોને ખૂબ ઉપયોગી થશે. સફળ ગ્રામ પંચાયતોની સિદ્ધિ તથા પદ્ધતિઓને અન્ય ગ્રામ પંચાયતો અનુસરે એ હેતુથી તૈયાર થયેલી આ પુસ્તિકાને હું આવકારું છું.

આ પુસ્તિકા વિકાસ કાર્યોની ઝલક તો પ્રસ્તુત કરે જ છે, સાથોસાથ લોકસુખાકારીના અનેક કાર્યો કરવા આપણને સૌને પ્રેરિત કરનાર બની રહેશે.

પુસ્તિકા તૈયાર કરનાર સૌને અભિનંદન સાથે અનેક શુભકામનાઓ...

**(અર્જુનસિંહ ચૌહાણ)**
મંત્રી, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ,
ગુજરાત સરકાર

सत्यमेव जयते

# સંદેશ

પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ એકબીજાનાં પૂરક બની ગ્રામીણ વિકાસ અને ગરીબી ઉન્મૂલન માટેની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની જુદી-જુદી કલ્યાણકારી યોજનાઓ દ્વારા ગ્રામીણ ક્ષેત્રોમાંની ગરીબી દૂર કરવાનાં સંનિષ્ઠ પ્રયાસ કરે છે. ગુજરાત રાજ્યમાં પંચાયતીરાજનાં અમલ દ્વારા લોકતંત્રના સત્તાના વિકેન્દ્રીકરણ થકી પાયાની સવલતો આપવામાં આવે છે. પંચાયતીરાજ ગ્રામ વિકાસ માટે મહત્ત્વની કડીરૂપ હોઈ તેને અતિ સુદૃઢ, સંગીન અને સશક્ત બનાવી વિકાસલક્ષી યોજનાઓ થકી સામાજિક, આર્થિક ઉત્થાનના સુચારૂ સંચાલન માટેની જવાબદારીઓ સોંપાયેલ છે.

ત્રિસ્તરીય પંચાયતીરાજ માળખા અનુસાર જિલ્લા પંચાયતનાં વડપણ હેઠળ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની પ્રવૃત્તિઓમાં જરૂરી નિયંત્રણ, સહાય અને માર્ગદર્શકરૂપ બનવાનું છે. જેમાં ગ્રામ પંચાયતનાં માધ્યમથી ગ્રામજનોની ગ્રામસભાને બંધારણીય દરજ્જો અપાયો છે, જેથી ગ્રામજનોની પૂરતી જરૂરીયાત જાણી સર્વાંગી અને સાતત્યપૂર્ણ વિકાસ સાધી શકાય. ગ્રામ પંચાયત દ્વારા વિશેષરૂપે સરપંચ અને સભ્યોનું મુખ્ય લક્ષ્ય શિક્ષણ, મહેસૂલ, આરોગ્ય, કૃષિ જેવી વિવિધ વિભાગોની યોજનાઓના સફળ સંચાલન અને અમલીકરણ કરવાનું છે.

ગ્રામજનો પોતાની સ્થાનિક જરૂરીયાત મુજબ માળખાકીય સવલતોને સુદૃઢ કરીને ટકાઉ અસ્ક્યામતોને ઊભી કરી શકે તેવા શુભાશયથી પંચાયતનાં વિકાસને લગતી યોજનાઓને જનસામાન્ય સુધી પહોંચાડવાના પ્રયાસના ભાગરૂપે માહિતી ખાતા દ્વારા **"પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ"** પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે, જે સરાહનીય છે.

પંચાયત, ગ્રામ વિકાસ અને માહિતી ખાતાનાં આ સંયુકત પ્રયાસને આવકારી, પુસ્તિકાની ઉપયોગીતા સર્વને ફળદાયી બને એવી શુભેચ્છા પાઠવું છું.

વિશેષમાં, આ પુસ્તિકાના સંકલનકર્તા તરીકે શ્રી પ્રકાશ મોદી, અધિક કલેકટરે(નિવૃત્ત) પણ એમના કાર્યકાળનાં પંચાયત ક્ષેત્રનાં વિશાળ અનુભવ અને અભ્યાસની પ્રચૂર નોંધનીય કામગીરીનું યોગદાન આપ્યું છે, જે બદલ તેઓને પણ શુભેચ્છા પાઠવું છું.

**(બ્રિજેશ મેરજા)**
રાજ્યકક્ષાના મંત્રી, પંચાયત(સ્વતંત્ર હવાલો),
ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ (રા. ક.),
ગુજરાત સરકાર

# સંદેશ

ભારતના મિસાઈલ મેન, વૈજ્ઞાનિક તેમજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એપીજે અબ્દુલ કલામે આપેલો 'પુરા/PURA'નો ખ્યાલ અને તેવો જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'રૂર્બનાઈઝેશન'નો વિચાર આ બંને ભારત અને ગુજરાત રાજ્યને સાતત્યપૂર્ણ વિકાસની દિશામાં માર્ગદર્શન કરી રહ્યાં છે. 'PURA/પુરા' કહો કે 'રૂર્બનાઈઝેશન' બંને શબ્દોનો મુખ્ય અર્થ અંતે તો 'આત્મા ગામનો અને સુવિધા શહેરની' થાય છે.

ભારત કૃષિપ્રધાન દેશ હોવાની ઓળખની સાથે સમૃદ્ધ ગામડાઓના દેશ તરીકે પણ જાણીતો છે. ગ્રામજનોમાં એકમેકને મદદરૂપ થવાની, મોટા-નાના પ્રસંગોમાં સાથે ઊભા રહેવાની, સંગઠિત થઈને ગામની સમસ્યાઓને દૂર કરવાની જે સમજ છે તે ગ્રામસભા તેમજ પંચાયતના બંધારણીય માળખાને સુદૃઢ કરે છે. પંચાયતના પ્રમુખને ગ્રામજનો તરફથી ચૂંટણી મારફત જે સત્તા સોપવામાં આવે છે તેના ભાગરૂપે સરપંચ વિવિધ યોજનાઓનો અસરકારક અમલ કરી ગામમાં સુખાકારી, સલામતી અને શાંતિને આવકારે છે. મહિલાઓ માટે ગ્રામ્ય સ્તરે આર્થિક વિકાસની તકોને વધારવા 'સેલ્ફ હેલ્પ ગૃપ', પાકા રસ્તા, સંચાર માધ્યમો માટે નેટવર્કની ઉપલબ્ધતા, PPP મોડલ અંતર્ગત 'સૂજલામ-સૂફલામ જળ સંચય' યોજના અંતર્ગત તળાવો-નદી ઊંડા કરવા જેવી વિવિધ યોજનાઓ થકી રાજ્યનો ગ્રામીણ વિસ્તાર પરિવર્તિત થઈ રહ્યો છે.

સરદાર આવાસ, પંચવટી, સમરસ ગ્રામ, સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ અને તીર્થ ગામ - પાવન ગામ જેવી પંચાયતલક્ષી યોજનાઓને પુસ્તિકા સ્વરૂપે લોકો સમક્ષ રજૂ કરવાનો વિચાર તેમજ પ્રયાસ જરૂરી છે. મને વિશ્વાસ છે કે, માહિતી ખાતા તેમજ ગ્રામ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રકાશિત પુસ્તિકા **'પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ'** એ ગ્રામજનો માટે પ્રગતિ કરવાનું પ્રેરકબળ બની રહેશે.

**(ડી. પી. દેસાઈ)**
માહિતી નિયામક

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પંચાયતી રાજનો ઉદય | ૧૧ |
| ગુજરાતમાં પંચાયતી રાજના મંડાણ | ૧૨ |
| ૭૩મા બંધારણીય સુધારાની મહત્ત્વની જોગવાઈઓ | ૧૩ |
| સ્વશાસનનું શક્તિશાળી માધ્યમ : ગ્રામસભા | ૧૫ |
| પંચાયતી રાજ સંસ્થાઓ | ૧૯ |
| જુદા-જુદા વર્ગોની પંચાયતોનું કાયદેસર મંડળ | ૨૫ |
| પંચાયતની ચૂંટણી | ૨૬ |
| પંચાયતની સમિતિઓ | ૩૪ |
| અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતોનું વિસ્તરણ PESA કાયદો | ૩૬ |
| પેસા એક્ટ દ્વારા મળેલા વિશેષાધિકાર | ૪૦ |
| અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભા | ૫૫ |

**પંચાયત વિભાગની યોજનાઓ** ૫૮

| | |
|---|---|
| સરદાર પટેલ આવાસ યોજના | ૫૯ |
| સરદાર આવાસ યોજના-૨ | ૬૦ |
| (બી.પી.એલ. સિવાયના ગુણાંકના કાચા આવાસ ધરાવતા કુટુંબોને આવાસ) | |
| જમીન સંપાદન અને માળખાગત સુવિધા | ૬૧ |
| ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના | ૬૨ |
| ઈ-સેવા સેતુ | ૬૩ |
| ગરીબ કલ્યાણ મેળા | ૬૪ |
| રૂર્બન માળખાકીય સુવિધા | ૬૫ |
| સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ યોજના | ૬૬ |
| મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન | ૬૭ |
| સમરસ ગ્રામ પંચાયત યોજના | ૬૮ |
| તીર્થ ગામ - પાવન ગામ | ૬૯ |

| | |
|---|---|
| પંચવટી યોજના | ૭૦ |
| ગ્રામ પંચાયતોને ઉત્તેજન આપવા માટે સીડમની | ૭૧ |
| તાલુકા-જિલ્લા પંચાયતોનું વહીવટી તંત્ર સંગીન બનાવવું | ૭૧ |
| પંચાયત ઘર અને તલાટી મંત્રીના નિવાસસ્થાનના બાંધકામ માટે | ૭૨ |
| ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન | |
| ગ્રામસભા | ૭૩ |
| ૧૫મું નાણાપંચ | ૭૪ |
| વતન પ્રેમ યોજના | ૭૫ |
| મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (MG-NREGA) નરેગા | ૭૬ |
| સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | ૭૮ |
| સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (IWMP- Inclusive Water Management Program) | ૮૦ |
| પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) | ૮૨ |
| દીનદયાલ અંત્યોદય યોજના/એન.આર.એલ.એમ/મિશન મંગલમ | ૮૪ |
| આમ આદમી વિમા યોજના | ૮૭ |
| પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) | ૮૮ |
| શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન | ૮૯ |
| ગ્રામ વિકાસલક્ષી કામગીરીની ઝલક | ૯૦ |
| **સાફલ્યગાથા** | **૯૩** |
| ડાંગ વન વિભાગે વિસ્તાર્યું સફેદ મુસળીના ઔષધિય પાકનું વાવેતર | ૯૪ |
| જનસંપર્કની આગવી પ્રણાલી વિકસાવતું સાંજણાસર ગામ | ૯૫ |
| બેંકની નોકરી છોડી સરપંચ બનેલા યુવાને ગામના વિકાસને આપી નવી દિશા | ૯૭ |
| નારી શક્તિનો સાક્ષાત્કાર કરાવતું નવાનગર ગામ | ૯૯ |
| શિક્ષિત સરપંચે નગીચાણા ગામની કરી કાયાપલટ | ૧૦૦ |
| 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર આત્મસાત કરતું બોટાદ જિલ્લાનું માંડવધાર ગામ | ૧૦૨ |
| વિકાસના પરિમાણોને પરિપૂર્ણ કરતું જાફરીપુરા ગામ | ૧૦૪ |

# પંચાયતી રાજનો ઉદય

૧૧મી સદીના ભારતના ગામડાંઓ વર્તમાન ગામડાંઓથી અલગ પ્રકારની જીવનશૈલી ધરાવતાં હતાં. ગામના ચોરે, ગામનાં જ વડીલો દ્વારા ગામની સમસ્યાનું સમાધાન થતું જે સર્વમાન્ય રહેતું.

ઈ.સ. ૧૯૦૭માં રૉયલ કમિશને વિકેન્દ્રીકરણની નોંધ લીધી. ૧૯૧૯માં સ્થાનિક સ્વરાજ્યનો રાજ્યના વિષય તરીકે સ્વીકાર થયો અને મુંબઈ વિલેજ પંચાયત એક્ટ, ૧૯૨૦માં અમલી બન્યો. દેશી રાજ્યએ કાયદા કર્યા જેમ કે વડોદરા ગ્રામ અધિનિયમ ૧૯૨૬ ભાવનગર ગ્રામ અધિનિયમ ૧૯૪૬ વિગેરે તે સમયે પ્રજાલક્ષી કાર્યોમાં કોઈ એક સૂત્રતા નહોતી. આથી કોઈ રાજા - રજવાડા તેનું મહત્વ સ્વીકારતા બાકીના પ્રજાનો વિકાસ રામ ભરોશે રહેતો. સ્વતંત્રતા પછી બંધારણ સભામાં પંચાયત રાજની ફરજીયાત જોગવાઈ ન કરતાં, આર્ટીકલ ૪૦ હેઠળ માર્ગદર્શક સિધ્ધાંતોમાં "ગ્રામ પંચાયતનું સંગઠન કરવા માટે રાજ્ય પગલાં લેશે અને સ્વરાજ્યના એકમ તરીકે ગ્રામ પંચાયત કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર અપાશે" એવો નિર્દેશ કરીને પંચાયતો રચવાનું રાજ્યોની મરજી પર છોડી દેવામાં આવ્યું.

પ્રથમ પંચવર્ષિય યોજનામાં લોક ભાગીદારી મેળવવા માટે ભલામણો કરવા શ્રી બળવંતરાય મહેતા સમિતિ (૧૯૫૬) રચવામાં આવી. વિગતવાર અભ્યાસ બાદ તેઓએ ત્રિ-સ્તરિય પંચાયતો રચવાની ભલામણ કરી. ગ્રામ પંચાયતમાં અનુસૂચિત જાતિમાંથી તથા અનુસૂચિત જનજાતિમાંથી એમ બે સ્ત્રી સભ્યોના પ્રતિનિધિત્વની ભલામણ કરી. ગ્રામ્યકક્ષાએ સ્ત્રીસશક્તિકરણના પાયા અહીંથી જ નંખાયા તેમ કહી શકાય. ગ્રામ પંચાયતને પાણી પુરવઠો, સ્વચ્છતા, (અત્યારે સ્ટ્રીટ લાઈટ), રસ્તાઓની જાળવણી તથા જમીનની જાળવણીની જવાબદારી સોંપવાની ભલામણ કરી.

વર્ષ ૧૯૭૭માં અશોક મહેતા સમિતિએ કર માટેના વિષયોની યાદી તથા પંચાયતોની નિયમિત ચૂંટણીઓ કરવાની ભલામણ કરી. જ્યારે ૧૯૮૫ માં ડૉ. જી. વી. કે. રાવ સમિતિએ કાર્યક્રમ આયોજન તથા અમલીકરણ માટે જિલ્લાને એક યુનિટ (એકમ) ગણવાની અને નિયમિત રીતે પંચાયતની ચૂંટણીઓ કરવાની ભલામણ કરી. ગ્રામ પંચાયતોને સક્ષમ બનાવવા વર્ષ ૧૯૮૭ માં ડૉ. એલ.એમ. સંઘવી સમિતિએ વધુ નાણાકીય સાધનો ફાળવવા ભલામણ કરી. એનાથી પણ આગળ શ્રી પી. કે. થુંગનના નેતૃત્વ હેઠળ રચાયેલી સાંસદિય પેટા સમિતિએ પંચાયતીરાજને બંધારણીય માન્યતા આપવા દર પાંચ વર્ષે ચૂંટણીઓ યોજવા અને જિલ્લા પરિષદનાં વિકાસ માટે આયોજનની સત્તા સોંપવા ભલામણ કરી.

# ગુજરાતમાં પંચાયતી રાજના મંડાણ

ગુજરાત જ્યારે દ્વિભાષી મુંબઈ રાજ્યમાં હતું ત્યારે મુંબઈ વિલેજ પંચાયત એક્ટ, ૧૯૫૮ અમલમાં આવ્યો. ૧ લી, મે, ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં ફક્ત બે મહિનામાં તત્કાલીન ગૃહમંત્રી શ્રી રસિકલાલ પરીખના નેતૃત્વ હેઠળ ૧૫ સભ્યોની લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિની રચના કરવામાં આવી. સમિતિની વિવિધ ભલામણોના અમલ માટે જિલ્લા લોકલ બૉર્ડ, જિલ્લા શાળા મંડળ, જિલ્લા ગ્રામ પંચાયત બોર્ડ અને જિલ્લા વિકાસ મંડળનો પંચાયતમાં સમાવેશ કરી સુગ્રથિત અધિનિયમ એટલે કે, "ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧" ઘડાયો જે તે સમયે ચીન સાથે યુદ્ધની સ્થિતિના કારણે એક વર્ષનો વિલંબ થતાં તારીખ ૧-૪-૬૩ થી અમલી બન્યો. કચ્છમાં ૧૫ એપ્રિલ ૧૯૬૩ અને ડાંગમાં ૧ લી જૂન, ૧૯૭૨ થી આ અધિનિયમ અમલમાં આવ્યો.

વર્ષ ૧૯૭૮માં નિમાયેલી રિખવદાસ શાહ સમિતિની મોટા ભાગની ભલામણોનો સ્વીકાર થયો જેમાં ગામમાં એકથી બે બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવી, સરપંચની સીધી ચૂંટણી કરવી, ગામની સહકારી મંડળી, યુવક મંડળ અને મહિલા મંડળને આમંત્રણ આપવું, નાણાકીય બાબતોમાં સરપંચ અને તલાટી કમ મંત્રીને સંયુક્ત જવાબદાર ગણવા. ગ્રામ પંચાયતની બિનહરીફ ચૂંટણી બાબતે રૂા. ૧૦૦૦/- નું ઈનામ આપવું તથા ગ્રામસભામાં હક્ક પત્રકોની નોંધ, કરવેરાની વસૂલાતો, દબાણો, વિકાસના કામો અને સરકારે આપેલી સૂચનાઓની ચર્ચા કરવી વગેરેનો સ્વીકાર કરવામાં આવ્યો.

# ૭૩મા બંધારણીય સુધારાની મહત્ત્વની જોગવાઈઓ

પહેલાં પંચાયત માત્ર વિકાસના કામો કરવાનું સાધન હતું. પંચાયતીરાજ વ્યવસ્થાને સુદૃઢ કરવાના હેતુથી ભારત સરકાર દ્વારા પંચાયતીરાજને બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું. વર્ષ ૧૯૯૨માં સંસદમાં ૭૩માં બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજને બંધારણીય સ્વરૂપ અપાયું. ૨૪ એપ્રિલ ૧૯૯૩માં ૭૩મો બંધારણીય સુધારો અમલી બનાવ્યો. આથી ૨૪ એપ્રિલને પંચાયતીરાજ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તા. ૧૫ એપ્રિલ, ૧૯૯૪ થી અમલમાં આવ્યો. આ ૭૩માં બંધારણીય સુધારાની કેટલીક આગવી લાક્ષણિક્તાઓ છે:

૭૩મા સુધારાથી બંધારણ ભાગ-૯ (આર્ટીકલ-૨૪૩, ૨૪૩-ક થી ૨૪૩-ઘ, ૨૪૩-એ થી ૨૪૩-એન) ઉમેરીને પંચાયતરાજની જોગવાઈઓ કરવામાં આવી.

- ત્રિસ્તરિય પંચાયતો ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતની રચના કરવામાં આવી.
- વસ્તીના ધોરણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સભ્યપદો અને અધ્યક્ષપદો માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે.
- આ ઉપરાંત આર્થિક પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ છે. આ અનુસંધાને ગુજરાતમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૧૦ ટકા પદો અનામત રાખવામાં આવ્યા છે.
- દરેક સ્તરની પંચાયતના સભ્યપદો અને અધ્યક્ષપદો પૈકી ૩૩ ટકા (ગુજરાતમાં ૫૦ ટકા છે) પદો મહિલાઓ માટે અનામત રાખવામાં આવ્યાં છે.
- સરપંચ/તાલુકા/જિલ્લા પ્રમુખની ચૂંટણીમાં ઉપર મુજબ અનામત
- સરપંચની ચૂંટણી પંચાયતના સભ્યોને બદલે ગ્રામ સભાના મતદારો પ્રત્યક્ષ રીતે કરે છે. તાલુકા/જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી તેના સભ્યો જ કરે છે. સભ્ય ન હોય તે પ્રમુખ થઈ શકતા નથી.
- તાલુકા અને જિલ્લા પંચાયતમાં ધારાસભ્યને આમંત્રિત સભ્ય ગણેલા છે. તેઓ ચર્ચામાં ભાગ લઈ શકે છે પણ મત આપી શકતા નથી.
- દરેક ગામ/જૂથ ગામો માટે ગામના મતદારોની બનેલી ગ્રામસભાની જોગવાઈ કરવામાં આવી.
- ત્રણેય સ્તરની પંચાયતોની મુદ્દત પાંચ વર્ષની નક્કી થઈ. તેમજ વિસર્જિત પંચાયતની ૬ માસમાં ચૂંટણી કરીને નવસર્જન કરવાની બંધારણીય ફરજ પાડવામાં આવી.
- ૨૦ લાખથી વધુ વસ્તી ન હોય તેવા રાજ્યો માટે તાલુકા પંચાયતોની રચના મરજિયાત.
- સામાજિક ન્યાય સમિતિઓને વધુ સત્તાઓ સોંપવામાં આવી.
- ચૂંટણીઓ માટે સ્વાયત રાજ્ય ચૂંટણી પંચની રચના કરવામાં આવી છે.

- વિકાસના કામો માટે આયોજન કરવા આયોજન સમિતિ રચવાની જોગવાઈ કરવા બંધારણમાં સૂચવાયું છે.
- પંચાયતો માટે ખાસ નાણાપંચની જોગવાઈ કરવામાં આવી છે. નાણાપંચે રાજ્ય સરકારના એકત્રિત ભંડોળમાંથી પંચાયતોને નાણા ફાળવવા રાજ્ય સરકારને ભલામણ કરવાની હોય છે અને રાજ્ય સરકારે તે ભલામણો અને તે અંગે લેવાયેલા પગલાંથી વિધાનસભાને અવગત કરવાની રહે છે.
- ૭૩ માં બંધારણીય સુધારામાં અનુસૂચિ ૧૧ દાખલ કરી. તેમાંના ૨૯ વિષયો પંચાયતોને ફાળવાયા.

### જોગવાઈઓ

- મુદત પૂરી થતા પહેલા ચૂંટણીની જોગવાઈ.
- વિસર્જનના કિસ્સામાં વિસર્જનની તારીખીથી ૬ માસમાં ચૂંટણીની જોગવાઈ.
- પંચાયતના સભ્યને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ.
- પંચાયતો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરીકે કામ કરી શકે તે માટે સત્તા, અધિકૃતિ અને જવાબદારીઓ સોંપવાની જોગવાઈ.
- પંચાયતોની નાણાકીય સ્થિતિનો અભ્યાસ કરી જરૂરી ભલામણો કરવા દર ૫ વર્ષે રાજ્ય નાણાં પંચ રચવાની જોગવાઈ.
- પંચાયતોના હિસાબોની નિભાવણી અને તેના ઓડિટ માટે કાયદાકીય જોગવાઈ.
- પંચાયતોની ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા અને પંચાયતોની ચૂંટણીઓ યોજવા, તેનું સંચાલન, માર્ગદર્શન અને નિયંત્રણ માટે રાજ્ય ચૂંટણી પંચ રચવાની જોગવાઈ.

# સ્વશાસનનું શક્તિશાળી માધ્યમ : ગ્રામસભા

ભારતમાં વૈદિકકાળથી ચાલી આવતી પ્રાચીન વ્યવસ્થા એટલે ગામના લોકોની સભા-ગ્રામ સભા. આ સ્વયંભૂ સભાને કોઈ ચૂંટતું નથી. ગ્રામસભા એ શાસન વ્યવસ્થાનું એક એવું અજોડ માધ્યમ છે જેમાં લોકોની સીધી ભાગીદારીવાળી લોકશાહી ચાલે છે. ગ્રામસભાના સભ્યો જ, ચૂંટણી દ્વારા બનતી તમામ લોકતાંત્રિક સંસ્થાઓ જેમ કે ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયત, વિધાનસભા અને લોકસભાને ચૂંટે છે. ગ્રામ પંચાયત પંચાયતી રાજ સંગઠનનો અગત્યનો ભાગ છે. ગ્રામના મતદારોની બનેલી ગ્રામસભામાં લોકો તેમના ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓ સાથે સીધો સંપર્ક કરી શકે છે. તેથી ગ્રામસભાને ભારતની પાયાની વ્યવસ્થા અને સ્વશાસનનું શક્તિશાળી માધ્યમ ગણી શકાય છે.

### ગ્રામસભાની બેઠક

મતદારયાદીમાં નોંધાયેલા તમામ મતદારો ગ્રામસભાના સભ્ય બને છે. તેના અધ્યક્ષ એટલે કે સરપંચને સભા બોલાવવાનો અધિકાર છે. જો સરપંચ સભા ન બોલાવે તો જિલ્લા કે તાલુકા પંચાયત તેના અધિકારી મોકલીને બેઠક બોલાવી શકે છે.

### ગ્રામ સભાનું સ્થળ અને સમય

સભાનું સ્થળ અને સમય ગામના બહોળા સમુદાયને અનુકૂળ પડે તેવું નક્કી કરવું જોઈએ. શક્ય હોય ત્યાં સુધી પંચાયત કચેરીમાં સભા રાખવી. પરંતુ વધુ સભ્યો હાજર રહી શકે તે માટે શાળામાં કે ગામની કોઈપણ જાહેર જગ્યામાં બેઠક ગોઠવી શકાય. વર્ષમાં ઓછામાં

ઓછી બે સભા યોજવાની હોય છે. પણ સરકારે ૧૧-૭-૨૦૧૦થી પરિપત્રથી વર્ષ દરમિયાન ચાર સભાઓ કરવાનું સૂચન કર્યું છે.

- ૧લી મે (ગુજરાત સ્થાપના દિન)
- ૧૫મી ઑગષ્ટ (સ્વતંત્રતા દિવસ)
- ૨જી ઓક્ટોબર (ગાંધીજયંતિ)
- ૨૬મી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિન)

આ દિવસો સિવાય પણ સરપંચ ખાસ સંજોગોમાં અને ખાસ કામ માટે વધારાની સભા યોજી શકે છે. કાયદાકીય જોગવાઈ મુજબ બે સભા વચ્ચેનો ગાળો ત્રણ માસથી ઓછો હોવો જોઈએ નહીં.

## ગ્રામસભાની નોટીસ

ગ્રામસભાની નોટીસ સાત દિવસ પહેલાં અને ખાસ સભાની નોટીસ ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં જાહેર કરીને આપવી જોઈએ. પંચાયતના નોટીસ બૉર્ડ તેમજ ગામના અગત્યના જાહેરસ્થળો ઉપર નોટીસ પ્રસિધ્ધ કરવી જોઈએ. દાંડી પીટાવીને જાહેરાત કરવી તથા તાલુકા/જિલ્લા પંચાયતના સભ્યો, ધારાસભ્ય અને સંસદસભ્યને અલગ પત્ર સાથે એજન્ડા મોકલી આમંત્રણ પાઠવવું જોઈએ.

સંબંધ કર્તા અધિકારીઓ તેમજ ગામના યુવક મંડળ, મહિલા મંડળ, દૂધ મંડળી, ક્રેડિટ સહકારી મંડળી જેવી સહકારી સંસ્થાઓ વગેરેના હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા વિનંતી કરવી જોઈએ. જેઓનું કાર્યક્ષેત્ર ગામમાં જ છે તેવા મહત્ત્વના કર્મચારીઓ જેવા કે શિક્ષક, ડૉક્ટર, આંગણવાડી કાર્યકર, ગ્રામમિત્ર, તલાટીકમ મંત્રી વગેરે એ પણ આ સભામાં ઉપસ્થિત રહેવું જોઈએ.

## ગ્રામસભાની કાર્યસૂચિ

વર્ષની પ્રથમ સભામાં ગતવર્ષના હિસાબોનું પત્રક તથા વાર્ષિક વહીવટી અહેવાલ મૂકાય, ચાલુવર્ષના વિકાસના કામોની સમીક્ષા થાય તથા તૈયાર થયેલા હિસાબોની ઓડિટ નોંધ તથા તેના વાંધાઓના નિકાલના ખુલાસા કરેલા હોય તેની વિગતો બતાવવામાં આવે છે. વર્ષની ત્રીજી સભામાં પંચાયતના આગામી બજેટ માટે સૂચનો મેળવવા જોઈએ.

આ ઉપરાંત સંકલિત ગ્રામ વિકાસ યોજનાની ચર્ચા, ગોકુળ ગ્રામ યોજના અમલમાં મૂકાયેલા કામોની ચર્ચા, ગ્રામ્યજળ અને જાહેર સુખાકારી સમિતિના કામોની ચર્ચા, પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના અંગે ચર્ચા, કોઈ મોટા પ્રોજેક્ટના અસરગ્રસ્તો માટેની પુનઃ વસવાટ યોજનામાં ગ્રામ સભાનો અભિપ્રાય, બી.પી.એલ. લોકોની યાદીની સમીક્ષા, વૃદ્ધ/વિધવા સહાયપાત્ર લોકોની યાદી તૈયાર કરવી, ચાલુ નાણાકીય વર્ષમાં ગ્રામ પંચાયત દ્વારા થયેલા વિકાસ કામોની યાદી તૈયાર કરવી, વિવિધ યોજના હેઠળના કામોની સમીક્ષા, પંચાયત અને મહેસૂલની બાકી વસૂલાતની સમીક્ષા ગામતળની મિલકતોના હક્કોમાં ફેરફાર તથા હક્કપત્રકમાં પડેલી નોંધોનું વાંચન અને ગામની વિવિધ સમિતિઓ દ્વારા થયેલા કામની સમીક્ષા કરવાની હોય છે.

## ગણપૂર્તિ અથવા અધ્યક્ષ સ્થાન

પચાસ સભ્યો કે મતદારોના ૧૦% ની સંખ્યાની હાજરીથી ગણપૂર્તિ થતાં સરપંચના અધ્યક્ષ સ્થાનેથી સભાનું કામકાજ શરૂ થાય છે. કોરમ ન થાય તો બીજા દિવસ પર સભા મુલતવી રાખવી જેમાં કોરમની જરૂર રહેતી નથી. સરપંચ ન હોય તો ઉપસરપંચ અને જો બંનેના હોય તો ગ્રામ સભાના પંચાયતના સભ્યોમાંથી કોઈ એક સભ્યની અધ્યક્ષતાને વરણી કરે છે.

### સભાની કાર્યવાહી

ગ્રામજનો સભાના બે દિવસ અગાઉ સુધી સભામાં ચર્ચવાના મુદ્દા મોકલી શકે છે. સભાના આગળના દિવસે ગ્રામ પંચાયતની બેઠક રાખવાની હોય છે અને તેમાં ગ્રામસભામાં જે બાબતો ઉપસ્થિત થવાની હોય તે બાબતો અંગે ચર્ચા-વિચારણા થાય છે. સભ્યએ અગાઉ લેખિતમાં પ્રશ્ન પૂછેલો હોય તો સંબંધકર્તા અધિકારીએ તે અંગેની માહિતી આપવાની રહે છે. સભાના ઠરાવો, સૂચનો ભલામણોનો અમલ ગ્રામ પંચાયતે કરવાનો હોય છે. નાગરિક અધિકાર પરત્વે ગ્રામ લોકોમાં જાગૃતિ આવે તેવી માહિતી આપવી જોઈએ. સભામાં રજૂ થયેલ પ્રશ્નો, ફરિયાદો માત્ર ઉપલી કચેરીએ મોકલવાને બદલે તે બાબતે સામૂહિક ચિંતન કરીને લોક-સહયોગથી તેનો નિકાલ લાવવાનો રહે છે. ગ્રામસભાની કાર્યવાહી નોંધ એક સપ્તાહમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની હોય છે.

### ખોટી ચર્ચા અટકાવવી

જો કોઈ સંસ્થા કે વ્યક્તિના ચારિત્ર્યની બદનામી થતી હોય, ગ્રામસભાના કાર્યક્ષેત્રમાં તે બાબત આવતી ન હોય, ખરાબ ભાષાનો પ્રયોગ થતો હોય અથવા કોઈ બાબત અદાલતમાં ચાલતી હોય તો તેવી બાબતો વિષે ખોટી ચર્ચા સભાના અધ્યક્ષ અટકાવી શકે છે.

### અસરકારક ગ્રામસભા માટે સૂચનો

ગ્રામસભાને અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે કેબિનેટ સબકમિટીની રચના કરેલી છે જેમાં ખૂબ અગત્યના સૂચનો બહાર પાડ્યા છે.

- ગ્રામસભાની બહોળી પ્રસિદ્ધિ માટે સાત દિવસ અગાઉ બેનર લગાવવા અને ગામના મહિલા મંડળ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને યુવક મંડળને આમંત્રણ આપવું.
- દાંડી પીટાવીને લોકોને જાણકારી આપ્યા બાદ જરૂર જણાય તો ગ્રામસભાનો સમય લોકોને અનુકૂળ હોય તે પ્રમાણે નક્કી કરવો.
- કોઈપણ વ્યક્તિ ગ્રામસભાની ચર્ચાને અનુરૂપ પ્રશ્ન પૂછી શકશે વિચારો મુક્તપણે રજૂ કરી શકશે.
- ગ્રામસભામાં ઉચ્ચ અધિકારીઓએ અગત્યની જોગવાઈ તથા નાણાકીય જોગવાઈ તેમજ સતા મર્યાદા બાબતની જાણકારી ગ્રામજનોને આપવી અને તેઓના પ્રશ્નોનો શા માટે નિકાલ થયો નથી તેની જાણકારી આપવી.
- ગ્રામસભામાં મધ્યાહન ભોજન યોજના, વાજબી ભાવની દુકાનો અંગે જમીન અને તેને લગતા રેકર્ડની સવિશેષ ચર્ચા કરવાની રહેશે. જિલ્લો કલેક્ટરે વિવિધ ખાતાના અધિકારી / કર્મચારીઓને ગ્રામસભામાં મોકલવા અંગે સંકલન કરવું.
- ગ્રામ સભાના દિવસે આવક જાવકના હિસાબો સ્વચ્છ અક્ષરે બોર્ડ ઉપર લખીને સભાના સ્થળે મૂકવા.
- જો કોઈ વ્યક્તિ ગ્રામ પંચાયતની કાર્યપદ્ધતિ અને કામને લગતાં રેકર્ડની નકલ માંગે તો ૧૫ દિવસમાં રેકર્ડની નકલ નિયત ફી લઈને આપવી.
- ગ્રામસભામાં જે - તે વિભાગની વિવિધ યોજનાઓ અંગે લોકોને સમજ આપતું સાહિત્ય - પત્રિકા વગેરે દ્વારા ગ્રામજનોને જાણકારી આપવી.
- જિલ્લા / તાલુકા કક્ષાના અધિકારીઓને ગ્રામ સભા અંગે કાયદાની જોગવાઈઓ અને નિયમોની જાણકારી આપવા માટે એક તાલીમ શિબિરનું આયોજન કરવું. આ સાથે સરપંચ - ઉપસરપંચને પણ તાલીમ આપવી.

# પંચાયતી રાજ સંસ્થાઓ

પરસ્પર સંકળાયેલી ત્રિસ્તરિય પંચાયતોમાં ગ્રામ પંચાયત ઉપર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનું નિયંત્રણ છે. તાલુકા પંચાયત ઉપર જિલ્લા પંચાયતનું નિયંત્રણ છે. આમ નીચેની પંચાયતો ઉપલી પંચાયતની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ વહીવટ કરે છે. આમ, ઉપલી પંચાયતોનો નીચલી પંચાયત ઉપર વહીવટ અને નાણાકીય અંકુશ રહે છે. તાલુકા સ્તરે તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ.) જિલ્લા સ્તરે જિલ્લા વિકાસ અધિકારી (ડી.ડી.ઓ.) તથા રાજ્ય સ્તરે વિકાસ કમિશનરની કચેરી નિયંત્રણની આ જવાબદારી નિભાવે છે. પંચાયતો ઉપર રાજ્ય સરકારનું નિયંત્રણ છે. જિલ્લા પંચાયતની અપિલ સમિતિના ઠરાવો સામે રીવીઝન અરજીઓ વિકાસ કમિશનર સંભાળે છે.

### ગ્રામ પંચાયત ગ્રામસભાને જવાબદાર

જેમ સંસદ અને કેન્દ્ર સરકાર તથા વિધાનસભા અને રાજ્ય સરકારના સંબંધો છે. તેમ ગ્રામસભા અને ગ્રામ પંચાયતના સંબંધો છે. ગ્રામ પંચાયતના સરપંચ અને દરેક સભ્યો ગ્રામ સભાને જવાબદાર છે. ગ્રામસભાના અધ્યક્ષ સરપંચ સીધી ચૂંટણીથી ચૂંટાય છે.

વાર્ષિક હિસાબનું પત્રક, ગત નાણાકીય વર્ષનો વહીવટી અહેવાલ, ચાલુ વર્ષના કામોનું આયોજન તથા છેલ્લી ઓડીટ નોંધના વાંધાઓ તથા અગાઉની ઓડીટ નોંધના વાંધાઓને માટે કરેલા ખુલાસા આ ચાર બાબતો વિચારણા માટે મૂકવાના નિયમથી ફરજીયાત બનાવવામાં આવી છે. ગ્રામ સભાની બેઠકના એક દિવસ અગાઉ ગ્રામ પંચાયતની બેઠક મળે છે. જેમાં

ગ્રામ સભામાં વિચારણા માટે રજૂ થયેલા કામો-પ્રશ્નોની ચર્ચા કરવાની છે. ઉપરાંત ગ્રામ સભાની બેઠકોમાં રજૂ થયેલ સૂચનો - ભલામણો - ઠરાવો ગ્રામ પંચાપતે વિચારણામાં લેવાના છે, પરંતુ કોઈ વાજબી કારણસર ઠરાવોનો અમલ કરવાનો વ્યવહારુ ન હોય તો તેનો અમલ કરવો ગ્રામ પંચાયત માટે ફરજીયાત નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ સભાનું ગ્રામ પંચાયત પર કાયદા કે નિયમથી કોઈ નિયંત્રણ નથી. આથી તે પંચાયત જે અહેવાલો રજૂ કરે તેને અનુમોદન આપે છે. વધારે વિગતો પ્રશ્નો પૂછીને મેળવી શકે અને સૂચનોના ઠરાવ કરી શકે છે. થયેલા ઠરાવો પંચાયતે સંબંધિત અધિકારીઓના ધ્યાને મૂકતા હોય છે. ખેતીની જમીનના માલિકીના ફેરફાર મંજૂર કરેલા હોય અને મંજૂર કરવાના બાકી હોય તે ઉપર ગ્રામ સભામાં ચર્ચા કરી રજૂઆતો કરી શકાય છે. રોજગાર અને વિકાસ કાર્યક્રમો હેઠળ હાથ પર લેવાનાં કામોની અગ્રતા ગ્રામસભાએ ઠરાવવાની છે.

### ગ્રામ પંચાયત ઉપર તાલુકા પંચાયતનું નિયંત્રણ

એ તો સર્વ વિદિત છે કે, ગ્રામ પંચાયત ઉપર તાલુકા પંચાયતનું નિયંત્રણ રહે છે. જેમાં મહત્ત્વના કાર્યોને આવરી લેવાય છે.

- દરેક બેઠકની કાર્યવાહીની નોંધ તાલુકા વિકાસ અધિકારીને મોકલવાની છે.
- ગ્રામ પંચાયતનું બજેટ પસાર કરતાં પહેલાં તાલુકા પંચાયતમાં મોકલીને સલાહ સૂચનો મેળવવા પડે છે.
- ગ્રામ પંચાયતે આપેલી મંજૂરી સામે તાલુકા પંચાયત અપીલ સાંભળે છે જેમાં મનાઈ હુકમ આપી શકે છે, ફેરફાર કરી શકે છે, મંજૂરી રદ પણ કરી શકે છે.
- સરપંચ કે ઉપ સરપંચ સામેની અવિશ્વાસની દરખાસ્તની વિચારણા માટે સરપંચ ગ્રામ પંચાયતની બેઠક બોલાવે નહિ તો તાલુકા વિકાસ અધિકારી ખાસ બેઠક બોલાવે છે.
- દર મહિને તાલુકા પંચાયતમાં ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીની બેઠક બોલાવે છે. તેમની કામગીરીની સમીક્ષા કરે છે તથા તેમને સૂચનાઓ આપે છે.
- તાલુકા વિકાસ અધિકારી ગ્રામ પંચાયતની બેઠકમાં તેના પ્રતિનિધિને મોકલી શકે છે.
- તાલુકા પંચાયતની અધિકૃત વ્યક્તિ ગ્રામ પંચાયતના કાર્યાલયમાં દાખલ થઈ શકે છે. રેકર્ડ તપાસી શકે છે. તેમજ જપ્ત પણ કરી શકે છે.
- તાલુકા પંચાયતની માંગણી મુજબ ગ્રામ પંચાયતે અહેવાલો, પત્રકો અને માહિતી પૂરી પાડવી.

### નીચેની બંને પંચાયતો ઉપર જિલ્લા પંચાયતનું નિયંત્રણ

- ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત ઉપર જિલ્લા પંચાયતનું નિયંત્રણ હોય છે.
- જિલ્લા પંચાયત ગ્રામ પંચાયતના મહેકમમાં વાજબી વધઘટ કરવા આદેશો કરી શકે છે તથા પંચાયત મંત્રીની નિમણૂંકો અને બદલી કરી શકે છે.
- કચેરીની તપાસ કરી શકે છે અને તે અંગેનો અહેવાલ અને રેકર્ડ માંગી શકે છે.
- જિલ્લા વિકાસ અધિકારી દર મહિને તાલુકા વિકાસ અધિકારીઓની બેઠક બોલાવે છે અને તેમની કામગીરીની સમીક્ષા કરે છે.

- જિલ્લા પંચાયત તાલુકા પંચાયતને અને તાલુકા પંચાયત ગ્રામ પંચાયતને વિકાસના કાર્યો માટે ગ્રાન્ટ ફાળવે છે.
- જિલ્લા પંચાયત તેના કામ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતને સોંપી શકે છે. તાલુકા પંચાયત તેના કામો ગ્રામ પંચાયતને સોંપી શકે છે.
- જો નીચેની પંચાયતો તેમની ફરજ ન બજાવે અને લોકહિતમાં કોઈ યોજના ન બનાવે તો જિલ્લા પંચાયત તેના અધિકારી મારફત આવું કાર્ય કરાવી કે યોજના અમલમાં મૂકીને તેનો ખર્ચ ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયત પાસેથી વસૂલ કરી શકે છે.
- જિલ્લા પંચાયતની અપીલ સમિતિ નીચેના સ્તરની પંચાયતના નિર્ણયો અને ઠરાવો સામેની અપીલો સાંભળે છે. તે મનાઈ હુકમ આપી શકે છે અને ઠરાવ પણ રદ કરી શકે છે.

આમ, સરકારે કાયદા દ્વારા પંચાયત ઉપર દેખરેખ અને નિયંત્રણની જોગવાઈ કરી છે. સરકાર સોંપે તે કાર્યો અને ફરજો બજાવવા પંચાયતો કાયદાથી બંધાયેલી છે. પંચાયતના ભંડોળની વ્યવસ્થા કેમ કરવી તેના નિયમો છે તેમ કામકાજના તથા મંજૂરીઓ આપવાના પણ નિયમો છે. રાજ્યનું નાણાપંચ પંચાયતના ખર્ચ અને આવકો ઉપર દેખરેખ રાખી રાજ્યને સલાહ આપે છે.

### પંચાયતોના ઠરાવો સામે અપીલ

સામાન્ય રીતે પંચાયતના તંત્રમાં અપીલના પ્રસંગો ખાસ કિસ્સામાં જ ઉપસ્થિત થાય છે. જેમકે, સામાન્ય ચૂંટણીઓ અને પેટા ચૂંટણીઓ સંબંધી તકરારો, સમિતિના ઠરાવની યથાર્થતા, અધિકારીએ પંચાયત ધારા હેઠળ મળેલી અધિકારની રૂએ કરેલા હુકમો, બાંધકામ બિનખેતી વગેરેની પરવાનગી, પદાધિકારીના હોદ્દા સામેના પગલાં, કરવેરા નાખવાની બાબતો અને આકારણી, પંચાયત ધારા હેઠળના નિયમો અન્વયે સભાઓની કાર્યવાહીઓની યથાર્થતા તથા પદાધિકારીની ચૂંટણીની યથાર્થતા વગેરે...

પંચાયતની કોઈ સમિતિ કે અધિકાર ધરાવતા સતાધિકારીના ઠરાવ કે આદેશો કોઈ પક્ષકારને ખોટા લાગે ત્યારે તેણે અપીલમાં જવુ પડે. સામાન્ય ન્યાયના સિદ્ધાંતો મુજબ ઓછામાં ઓછી એક અને કેટલાક ખાસ કિસ્સામાં બે અપીલની જોગવાઈ છે.

### અપીલો અંગેના સામાન્ય સિદ્ધાંતો

- રાજ્ય સરકાર અધિકારીઓને સત્તા આપી તેમના મારફત નિયંત્રણ રાખે છે. પંચાયતોએ રાજ્યની નીતિ અનુસાર જ વર્તવાનું હોય છે એટલે કોઈપણ બાબતમાં જ્યાં સ્પષ્ટ જોગવાઈ ન હોય ત્યાં નારાજ થયેલી વ્યક્તિ ઉપરની પંચાયત અને રાજ્ય સરકારમાં અપીલ કરી શકે છે.
- નાણાકીય નુકસાન થતું હોય કે થવાની શક્યતા હોય માત્ર તેવા કિસ્સામાં નારાજ થયેલી વ્યક્તિ જે તે પંચાયતની સામાન્ય સભા સમક્ષ બે મહિનામાં અપીલ કરી શકે. ગ્રામ અને તાલુકાની સામાજિક ન્યાય સમિતિના ઠરાવ સામે ૬૦ દિવસમાં ઉપરની પંચાયતની સામાજિક ન્યાય સમિતિ સમક્ષ અને જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ઠરાવ સામે રાજ્ય સરકારમાં અપીલ કરી શકાશે.
- ગ્રામપંચાયતો બાંધકામની પરવાનગી આપવા ઈનકાર કરી અરજી નામંજૂર કરી હોય તો ૩૦ દિવસમાં તાલુકા પંચાયતને અપીલ કરી શકાય છે.
- જિલ્લા પંચાયતની અપીલ સમિતિના અધ્યક્ષ જિલ્લા પંચાયતના પ્રમુખ છે અને સચિવ નાયબ જિલ્લા વિકાસ અધિકારી છે. અપીલ સમિતિને તાબાની ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોના કોઈ હુકમ અથવા નિર્ણય વિરુધ્ધની અપીલ સાંભળવાના અધિકારો છે, જેમાં કરવેરા અંગેના ઠરાવોની બાબતોનો સમાવેશ થઈ જાય છે. સમિતિની કાર્યવાહી દિવાની કોર્ટ મુજબની હોય છે.
- ગ્રામ પંચાયતને જિલ્લા પંચાયત કે તેની અધિકૃત સમિતિ મહેકમનો ઘટાડો કરવા આદેશ કરે તો તે સામે વિકાસ કમિશનરને અપીલ સાંભળવા અધિકારો મળેલા છે.
- તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને તેઓના તાબાની પંચાયતના ઠરાવોની અમલવારી અટકાવવા કે મોકુફ રાખવાના અધિકારો પ્રાપ્ત છે પણ આવા હુકમો રિવ્યુમાં લેવાના અધિકારો તેનાથી ઉપરના અધિકારીને મળેલા છે. આવા હુકમ સુધારવા કે રદ કરવા અપીલ કરી શકાય છે.
- પંચાયતોને હુકમોની ઔચિત્યતા ચકાસવાના સરકારના અધિકાર બાબતની છે. તેનો ઉપયોગ મહદઅંશે પંચાયતના ઠરાવો અને હુકમો સામે અપીલો કરવા માટે થાય છે. સરકાર આવી અરજીઓ સ્વીકારી અપીલો ચલાવે છે.
- પંચાયત પોતાની ફરજ બરાબર બજાવતી નથી તેમ ગણીને કલમ ૨૫૨ હેઠળ કોઈ આદેશ થયો હોય તો તે સામેની અરજી રાજ્ય સરકારે સાંભળવી.

### અપીલની અરજી તથા સુનાવણી

- અપીલ અરજી સાંભળવાની સત્તા કોને છે તે પહેલાં નક્કી કરી તેના નામથી અરજી લખવાની હોય છે. તે પછીની કલમમાં આવા હુકમથી નારાજ થયેલા એ અપીલ અરજી કોને કરી શકે તે જણાવ્યું હોય છે. અપીલ સાંભળવાના અધિકારો કોને આપ્યા છે તે ખાતરી કરીને અપીલ અરજી કરવી.

- અરજીમાં કયા સંજોગોમાં બાબત ઉપસ્થિત થઈ છે અને કયા હુકમ કે ઠરાવ સામે અરજી કરવામાં આવી છે, તે પહેલાં દર્શાવવું.
- જેમને ઉદ્દેશીને અપીલ લખી હોય તેને આ બાબત અપીલ સાંભળવાના અધિકાર કઈ કલમ અથવા કયા હુકમથી મળે છે તેથી આપની પાસે અરજી રજૂ કરી છે, તેમ પણ લખવું.
- અપીલ અરજી ઠરાવેલી મુદતમાં કરવામાં ન આવે તો અસ્વીકાર થઈ શકે. તેથી અરજી મુદતમાં કરી છે તેનો અરજીમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવો. રજા, હડતાલો, તોફાનો, હોનારત, રસ્તાબંધ, અરજદારને અકસ્માત અને જે કારણે વિલંબ થયો હોય તે વિલંબના દરેક કલાકનો ખુલાસો કરી શકાય અને મુદતનો બાધ જતો કરવા વિનંતી કરવી. આવી માંગણી ન કરી હોય તો સાંભળનાર વિલંબ માફ કરે નહિ.
- અપીલની મૂળ વસ્તુ રજૂ કરતી વખતે થયેલો ઠરાવ ખોટો, ગેરકાયદેસર, અધિકાર બહારનો, દ્વેષબુધ્ધિથી રાજકારણના દબાણ હેઠળ અને ન્યાયના સિદ્ધાંતોને નેવે મૂકી પુખ્ત વિચારણા કર્યા વગર ઉતાવળે અને અન્યાયપૂર્ણ રીતે કર્યો છે તેવું દર્શાવી તેના આધારમાં વજનદાર રજૂઆત અને આધાર પુરાવા પણ જોડવાના હોય છે.
- અપીલ અરજીમાં અરજદારે છેલ્લે પોતાની માંગણીઓની એક યાદી મૂકવી જોઈએ. હેરાનગતિનું વળતર આપવા અથવા વચગાળાની રાહત આપવા માંગણી અને વચગાળામાં કેવા હુકમ જરૂરી છે તે પણ માંગણીમાં સ્પષ્ટ મૂકવું જોઈએ.
- જે માંગણી કરી હોય તેને અલગ ક્રમ આપી દર્શાવવાની હોય છે. અરજીમાં છેલ્લે એકરાર કરી સહી કરવી, જેમાં અરજીમાં દર્શાવેલી વિગતો સાચી છે તેમ સોગંદપૂર્વક જણાવું છું એવું લખીને નીચે સહિ કરવી.
- અરજી રજૂ કરતી વખતે અપીલ અરજીમાં પોતાને વકીલ રોકવા ઈચ્છા હોય અને રોકેલા હોય તો તે દર્શાવી વકીલાતનામું પણ સાથે જોડવું જોઈએ.
- અરજી માટે ઠરાવેલી ફી ની રકમ અપીલ કરવાની હોય તે ઓફિસમાં પૂછીને કોર્ટ ફી સ્ટેમ્પના રૂપમાં ખરીદીને અરજી પર ચોંટાડવી.

આ તો થઈ અરજી કરતી સમયે રાખવામાં આવતી તકેદારીની વાત. જો અરજદાર, સુનાવણીના દિવસે હાજર ન રહે તો તેને અરજીના પરિણામ અંગે રસ નથી એમ સમજવામાં આવે છે. અરજદારે પોતાના સાક્ષી-પુરાવા રજૂ કરવા પોતે જ તજવીજ કરવાની હોય છે. બચાવ પક્ષે જે જવાબ કરેલો હોય તેની નકલ મેળવી જવાબની ઝીણવટભરી તપાસ કરવી.

## પંચાયતોનું વિસર્જન

સર્જન અને વિસર્જન સિક્કાની બે બાજુ સમાન છે. અત્યાર સુધી આપણે ગ્રામ પંચાયતના સર્જન, મહત્વ, જરૂરીયાત વિષે જ ચર્ચા કરી પણ આ ગ્રામપંચયાતનું એક પાસુ વિસર્જન પણ છે. જો ગ્રામપંચાયત કાયદાથી સોંપેલી તેની ફરજો પૂર્ણ કરવામાં ભૂલ કરે, નિષ્ફળ જાય કે અધિકારનો દૂરૂપયોગ કરે તો જિલ્લા પંચાયત કસૂરદાર ગ્રામ પંચાયતને વિસર્જન કરીને પોતે નિયુક્ત કરેલા વહીવટદાર દ્વારા ગ્રામ પંચાયતનું સંચાલન કરે છે.

ગ્રામ પંચાયતને ચોક્કસ સમય મર્યાદામાં તેની ફરજો પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. તે મુદતમાં ફરજો બજાવવાનું ચૂકે તો જિલ્લા પંચાયત ગ્રામ પંચાયતની ફરજો બજાવવાના અધિકાર પોતાના હસ્તક લઈ પંચાયત પાસેથી તેનો ખર્ચ મેળવી શકે છે.

જો પંચાયત સત્તાનો દુરૂપયોગ કરે અથવા સરકારી આદેશોનો અનાદર કરે તો વિસર્જન કરવાના પગલાંઓ લેવાય છે. ગ્રામ પંચાયતને ખુલાસા માટે તક આપવામાં આવે છે. વિસર્જન કરવાની નોટીસમાં કારણ સ્પષ્ટ જણાવવામાં આવે છે અને નોટીસના જવાબમાં પંચાયત ખુલાસો આપે છે. તેના ઉપર વિકાસ કમિશનર, જિલ્લા પંચાયતનો અભિપ્રાય મેળવે છે, પછી તે સંબંધિત ગ્રામ પંચાયતને સાંભળવાની તક આપે છે, અને ત્યારબાદ જરૂર જમાય તો વિસર્જનનો હુકમ કરે છે. વિસર્જિત ગ્રામ પંચાયતની તમામ મિલકત અને રેકર્ડ રાજ્ય સરકારને સુપ્રત થાય છે. વહીવટદાર નિમાય છે. જે બીજી ચૂંટણી સુધી વહીવટ સંભાળે છે.

આજ નિયમો એક સરખી રીતે બધા સ્તરની પંચાયતોને લાગુ પડે છે.

# જુદા-જુદા વર્ગોની પંચાયતોનું કાયદેસર મંડળ

- જે તે ગામના નામની ગ્રામ પંચાયત, તાલુકાના નામની તાલુકા પંચાયત અને જિલ્લાના નામથી જિલ્લા પંચાયતનું સંસ્થાપિત મંડળ રચાશે.
- દરેક પંચાયતને કાયમ ઉત્તરાધિકાર પ્રાપ્ત છે જેનો એક સામાન્ય સીલ પણ નક્કી કરાયો છે.
- પંચાયતના નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.
- જંગમ અને સ્થાવર એ બંને પ્રકારની મિલકત ધારણ કરી શકશે, ભાડાપટ્ટે આપી શકશે, વેચી શકશે અથવા બીજી રીતે સ્વત્વાર્પિત કરી શકશે.
- પંચાયત વિસ્તારની હદની અંદર કે બહાર જોગવાઈને આધિન પંચાયતને પોતાની મિલ્કત ભાડે આપવા, તબદીલ કરવા માટેનાં અધિકાર છે.
- પંચાયત લોન પણ લઈ શકે છે તેને નુકસાની માંડવાળની સત્તા છે અને તે જરૂરી કરાર પણ કરી શકશે.

# પંચાયતની ચૂંટણી

ત્રિસ્તરીય પંચાયતીરાજમાં ચૂંટણી ખૂબ મહત્ત્વની કામગીરી છે. પંચાયતની મુદત પૂરી થતાં અથવા વિસર્જન થયેલી પંચાયતની બાકીની મુદત માટે પુનઃ રચના કરવા રાજ્ય ચૂંટણી પંચ ચૂંટણીની તારીખ નક્કી કરે છે. પંચાયતની મુદત પૂરી થવાના અગાઉના બે માસથી મુદત પૂરી થયા પછીના પંદર દિવસની અંદરના સમયગાળામાં ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય છે. જો કે વિસર્જિત પંચાયતની બાકીની મુદત એક વર્ષની અંદર પૂરી થતી હોય તો ચૂંટણી કરવાની થતી નથી. પંચ તેની પ્રક્રિયા પોતાની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ પૂરી કરાવીને ચૂંટાયેલા સભ્યોના નામ જાહેર કરે છે.

### મતદાર મંડળની રચના

ગામની કુલ વસ્તીની સંખ્યાને સભ્યોની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તેનો વૉર્ડ બને છે. દરેક વૉર્ડની સંખ્યા લગભગ સરખી હોય છે. તાલુકા પંચાયતમાં મતદાર મંડળની રચના કરવામાં આવે છે. તાલુકાની કુલ વસ્તીની સંખ્યાને સભ્યોની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે તાલુકા મતદાર મંડળ બને છે. લગભગ દરેક મતદાર મંડળની સંખ્યા સરખી રહે છે પરંતુ તે માટે ગ્રામને વિભાજિત નહીં કરતાં સમગ્ર ગામનો મતદાર મંડળમાં સમાવેશ થાય છે. જિલ્લાના તાલુકા મંડળોની સંખ્યાને જિલ્લા પંચાયત સભ્યની કુલ સંખ્યાથી ભાગતા જે સંખ્યા આવે તે જિલ્લા મતદાર મંડળ બને છે. જિલ્લા

પંચાયતના દરેક મતદાર મંડળની વસતી લગભગ સરખી રહે છે. પરંતુ તે માટે તે તાલુકા પંચાયત મતદાર મંડળને વિભાજિત નહીં કરતાં સમગ્ર મતદાર મંડળનો સમાવેશ થાય છે.

### અનામત બેઠકો

ચૂંટણી પંચ દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે વસ્તીની સંખ્યા પ્રમાણે અનામત બેઠકો નિયત કરવામાં આવી છે. જેનું પાલન કરવું ફરજીયાત છે. સામાજિક અને શૈક્ષણિક પછાત (બક્ષીપંચ) વર્ગ માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે. બાકીની તમામ બેઠકો સામાન્ય બેઠકો છે. તમામ બેઠકોમાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. ગ્રામ પંચાયત વાર તેમજ દરેક વર્ગવાર અનામત બેઠકો મોટાભાગે નિયત હોય છે. દર ચૂંટણી વખતે મહિલાઓની બેઠકો જે-તે વર્ગમાં ફરતી રહે છે.

### ઉમેદવારી માટે લાયકાત

જો સામાન્ય નોકરીમાં ઉમેદવારી નોંધાવવા પણ યોગ્ય લાયકાત જરૂરી હોય છે તો આતો પંચાયતના પ્રમુખ-સરપંચ જેવા મહત્ત્વના પદો માટે નિયુક્તિની વાત છે એટલે યોગ્ય લાયકાત હોવી આવશ્યક છે. અહીં લાયકાત થોડા અલગ પ્રકારની છે. જેમકે, જે વ્યક્તિનું નામ પંચાયત મતદાર યાદીમાં નોંધાવેલું હોય તે મતદાન કરી શકે છે. જો કે, મતદાર તરીકે ગેરલાયક ઠરાવેલો હોય તો મતદાન કરી શકે નહી. જે મતદારે ૨૧ (એકવીસ) વર્ષની ઉંમર પૂરી કરેલી હોય તે ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે. પરંતુ તે ગેરલાયક ઠરેલ હોય તો ઉમેદવારી કરી શકે નહીં. એક પંચાયતમાં સભ્ય હોય તો તે વ્યક્તિ બીજા (ગ્રામ / તાલુકા / જિલ્લા) પંચાયતના સભ્ય થઈ શકતી નથી. જો એક કરતાં વધુ પંચાયતમાં ચૂંટાય તો ચાલુ બેઠક છોડવી પડે છે. પરંતુ ચાલુ બેઠકની મુદત ચાર માસ કરતા ઓછી હોય તો છોડવાની જરૂર નથી. બીજી બેઠક ઉપર ચૂંટાય તો કઈ બેઠક છોડવા માંગે છે તેની પંદર દિવસમાં જાણ કરવાની હોય છે. જો જાણ કરવાનું ચૂકે તો ચૂંટણી અધિકારી નક્કી કરે તે બેઠક છોડી દીધેલી ગણાય છે.

### ગેરલાયકાતો

- બીજા કોઈ ગુન્હા માટે છ માસ કે તેથી વધારે મુદતની સજા થઈ હોય તેવી વ્યક્તિ કેદમાંથી છૂટ્યા પછી પાંચ વર્ષની મુદત પૂરી ન થાય ત્યાં સુધી ગેરલાયક ઠરે છે.
- કોર્ટે અસ્થિર મગજની જાહેર વ્યક્તિ પણ ગેરલાયક ઠરે છે.
- હોદ્દા પરથી દૂર કરાયેલ વ્યક્તિ તે દૂર થયા તારીખથી પાંચ વર્ષ માટે ગેરલાયક ગણાય છે. જો કે રાજ્ય સરકાર ગેઝેટમાં હુકમ પ્રસિધ્ધ કરીને આવી ગેરલાયકાતમાંથી તે વ્યક્તિને મુક્તિ આપી શકે છે.
- પંચાયત નિયમની અન્ય કોઈપણ જોગવાઈ હેઠળ ગેરલાયક ઠરાવેલી વ્યક્તિ તે ગેરલાયકાતની મુદત પૂરી ન થાય ત્યાં સુધીજ ગેરલાયક ગણાય છે.
- પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ તથા પંચાયતની કોઈ સમિતિના અધ્યક્ષપદના હોદ્દા સિવાય અન્ય કોઈપણ વેતનવાળો હોદ્દો ધરાવતી વ્યક્તિ ગેરલાયક ઠરે છે.
- પંચાયત હેઠળની કોઈ નોકરીમાં અથવા પંચાયતના હુકમથી કરેલા કામમાં અથવા પંચાયત સાથેના કરેલા તથા તેના વતી કરેલા કોઈ કરારમાં પોતે અથવા પોતાના ભાગીદાર મારફત પ્રત્યક્ષ કે

પરોક્ષ રીતે હિસ્સો કે હિતસંબંધ ધરાવતી વ્યક્તિ આ ચૂંટણી લડવા ગેરલાયક ગણાય છે.

- પંચાયતના કોઈ અધિકારી કે નોકર સાથે લોનની લેવડદેવડનો સંબંધ ધરાવતી વ્યક્તિ કે તે લોનમાં ભાગીદાર તરીકે તથા સીધો કે આડકતરી રીતે હિસ્સો કે હિત સંબંધ ધરાવતી વ્યક્તિ ગેરલાયક ગણાય છે.
- સરકાર કે કોઈ સ્થાનિક સંસ્થાની નોકરીમાં હોય તેવી વ્યક્તિ ગેરલાયક ગણાય છે. મહેસૂલી મુખી કે પોલીસ પટેલ અથવા તેની જગ્યાએ કામ કરનાર વ્યક્તિ સરકારનો નોકર ગણાય છે.
- સ્વેચ્છાએ કોઈ વિદેશી રાજ્યનું નાગરિકત્વ પ્રાપ્ત કરેલ હોય અથવા વિદેશી રાજ્ય પ્રત્યે નિષ્ઠા કે વફાદારી સ્વીકારનાર વ્યક્તિ ગેરલાયક ગણાય છે.આમ છતાં જોઈન્ટ સ્ટોક કંપની અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા રજિસ્ટર્ડ મંડળી કોઈ પંચાયત
- સાથે કરાર કરે અથવા તેવી કંપની કે મંડળીને કોઈ પંચાયત કામે રાખે અથવા તો પંચાયત વતી કામે રાખવામાં આવે તે કંપની કે મંડળીમાં હિસ્સો કે હિત સંબંધ ધરાવતી વ્યક્તિ ગેરલાયક ગણાતી નથી.
- પંચાયતની લેણી રકમ માટે ખાસ નોટીસ બજાવ્યા પછી ત્રણ માસમાં ચૂકે તો ગેરલાયકાત ગણાય.
- અખબારમાં પંચાયતે જાહેરખબર આપી હોય તેવા વર્તમાનપત્રમાં હિત સંબંધ ધરાવતી વ્યક્તિ ગેરલાયક ગણાતી નથી.
- પંચાયતે કે તેના વતી બહાર પાડેલી લોનનું ડિબેન્ચર ધરાવતી વ્યક્તિ અથવા તેમાં બીજી રીતે સંબંધ ધરાવતી વ્યક્તિ અને પંચાયતની સંસ્થામાં નોકરીમાં રાખેલા હોય તે વ્યક્તિની કોઈ સગી થતી હોય તેવી વ્યક્તિ પણ ગેરલાયક ગણાતી નથી.
- તા. ૪.૦૮.૨૦૦૬ પછી બે કરતા વધુ બાળકો ધરાવતા હોય તો પણ ગેરલાયક ગણાય છે.
- પક્ષાંતર ધારામાં ગેરલાયક ઠરે છે.
- સામાન્ય નિવાસ સ્થાને પાણીની સગવડ સાથેનું શૌચાલય ન હોય તો ગેરલાયક ગણાય.
- પંચાયતોની મુદત સામાન્ય ચૂંટણી બાદની પ્રથમ બેઠકથી ૫ વર્ષ.

### પંચાયતોની ચૂંટણીઓ (કલમ-૧૫)

- સામાન્ય ચૂંટણીઓ મુદત પૂરી થવાના ૧૫ દિવસ, પહેલા પરંતુ ૨ માસ કરતા વહેલો ન હોય તેવા ગાળામાં કરવાની રહેશે.
- વિસર્જનના કિસ્સામાં વિસર્જનની તારીખથી ૨ માસમાં કરવાની રહેશે.
- પરંતુ વિસર્જિત પંચાયતની મુદત ૬ માસ કરતા ઓછી હોવાના કારણે પુનઃરચના કરાયેલ ન હોય તેવા કિસ્સામાં ૫ વર્ષની મુદતના ૧૫ દિવસ પહેલા, પરંતુ ૨ માસ કરતા વહેલો ન હોય તેવા ગાળામાં કરવાની રહેશે.
- ચૂંટણીઓની દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને સંચાલન રાજ્ય ચૂંટણી પંચ કરશે.
- ચૂંટાયેલા સભ્યોના નામો રાજ્ય ચૂંટણી પંચે ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવાના રહેશે.

## મતદારોની લાયકાત, મતદાર મંડળોની રચના, મતદાર યાદીઓ

- વોર્ડ રચના (કલમ-૧૬)
- ગ્રામ પંચાયતોમાં કુલ સભ્ય સંખ્યા જેટલા ૧ સભ્ય વાળા વોર્ડો રચાશે. દરેક વોર્ડની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રહેશે અને દરેક વોર્ડમાંથી ૧ સભ્ય ચૂંટાશે.
- તાલુકા પંચાયતોમાં કુલ સભ્ય સંખ્યા જેટલા ૧ સભ્યવાળા પ્રાદેશિક, વોર્ડ રચાશે. દરેક પ્રાદેશિક વોર્ડની વસતી હોય ત્યાં સુધી એક સરખી રહેશે.
- તાલુકા પંચાયતોમાં પ્રાદેશિક વોર્ડની હદમાં શક્ય હોય ત્યાં સુધી એક ગામના બધા વોર્ડોનો સમાવેશ થાય તે રીતે પ્રાદેશિક બોર્ડ રચના કરવાની રહેશે અને ૧ વોર્ડમાંથી ૧ સભ્ય ચૂંટાશે.
- જિલ્લા પંચાયતોમાં કુલ સભ્ય સંખ્યા જેટલા ૧ સભ્યવાળા પ્રાદેશિક વોર્ડ રચાશે, દરેક પ્રાદેશિક વોર્ડની વસતી હોય ત્યાં સુધી એક સરખી રહેશે.
- જિલ્લા પંચાયતોમાં વોર્ડની હદમાં શક્ય હોય ત્યાં સુધી એક તાલુકાના બધા વોર્ડોનો સમાવેશ થાય તે રીતે પ્રાદેશિક વોર્ડ રચના કરવાની રહેશે અને ૧ વોર્ડમાંથી ૧ સભ્ય ચૂંટાશે.

## મતદાર યાદીઓ (કલમ-૧૭ થી ૨૨)

- વોર્ડ વાર મતદાર યાદી તૈયાર કરવાની રહેશે.
- મતદાર યાદીઓ સામાન્ય ચૂંટણીઓ વખતે તૈયાર કરવાની રહેશે.
- પંચાયતની મુદત પૂરી થવાના ૨ માસ પહેલા મતદાર યાદીઓ તૈયાર કરવાની રહેશે.
- વિસર્જનના કિસ્સામાં સામાન્ય ચૂંટણીઓ (બાકી મુદત ૬ માસ કરતાં ઓછી હોય) યોજવાની હોય ત્યારે કોઈ પણ સમયે મતદાર યાદીઓ તૈયાર કરવાની રહેશે.
- વિધાનસભાની મતદાર યાદીમાં નામ નોંધાવવા હકદાર વ્યક્તિ પંચાયતની મતદારી યાદીમાં નામ નોંધાવવા હકદાર રહેશે.
- વિધાનસભાની મતદાર યાદી, જરૂરી બનેલ નામ સુધારા-કમી કરવા-ઉમેરવાને આધીન પંચાયતની મતદાર યાદી ગણાશે.
- તે જ પંચાયતના એક કરતા વધુ વોર્ડમાં નામ દાખલ થશે નહી.
- એક વોર્ડમાં એક જ વાર નામ દાખલ થશે.
- મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટેની લાયકાતની તારીખ એટલે જે વર્ષમાં ચૂંટણીઓ થવાની હોય તે વર્ષની ૧લી જાન્યુઆરી (કલમ-૧૪) રહેશે.
- લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧-ની કલમ-૧૯ પ્રમાણે લાયકાતની તારીખે ૧૮ વર્ષની ઉંમર અને જે તે મત વિસ્તારની સામાન્ય નિવાસી વ્યક્તિ મતદાર તરીકે નામ દાખલ કરાવી શકે (કલમ-૧૪)

## મત આપવાની અને ચૂંટવાની લાયકાત અને ગેર-લાયકાત (કલમ-૨૮, ૨૯, ૩૦)

- મતદાર યાદીમાં નામ હોય અને ગેરલાયક ઠરેલ હોય તે સિવાય, મતદાર જે તે વોર્ડના સભ્યની ચૂંટણીમાં મતદાન કરી શકશે.
- ૨૧ વર્ષની ઉંમર, મતદાર યાદીમાં નામ હોય અને ગેર લાયક કરેલ હોય તે સિવાય કોઈ પણ વ્યક્તિ કોઈપણ વોર્ડમાંથી ચૂંટણવાને લાયક ગણાશે.
- કોઈ વ્યક્તિ ૨ કે તેથી વધુ પંચાયતનો સભ્ય બની શકે નહી, મતલબ કે ગ્રામ/પંચાયત/જિલ્લામાંથી કોઈ પણ એકમાં સભ્ય રહી શકે.
- એક પંચાયતનો સભ્ય હોય તેવી વ્યક્તિ બીજી પંચાયતની ચૂંટણી લડી શકે.
- બીજી બેઠક પર ચૂંટાયેલ વ્યક્તિની પ્રથમ પંચાયતની બેઠક ખાલી પડેલી ગણાશે. સિવાય કે પ્રથમ પંચાયતની મુદત ચૂંટાયા તારીખથી ૪ મહિનામાં પૂરી થતી હોય.
- જો એવી વ્યક્તિ વિકલ્પ નહીં આપે તો સક્ષમ અધિકારી પંચાયત નક્કી કરશે.

## ચૂંટણીના પરિણામ

ચૂંટણીના પરિણામ જાહેર થયા પછી હરીફ ઉમેદવાર કે મતદાર પક્ષાંતર ધારામાં ગેરલાયક ઠરે તો ૧૫ દિવસમાં કોર્ટમાં અરજી કરીને પરિણામને પડકારી શકે છે. જેમાં માત્ર હરીફ ઉમેદવાર કે ચૂંટણીમાં ભષ્ટાચાર આચરનાર વ્યક્તિને જ પ્રતિવાદી તરીકે દર્શાવી શકાય છે. નામદાર સિવિલ જજ સુનાવણી કરીને ચૂંટણી રદ કરે છે કે તેને બહાલ રાખે છે. ક્યાં તો કોઈ ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરે છે.

ચૂંટણી કામગીરીમાં રોકાયેલા અધિકારીની ભૂલના કારણે કે અનિયમિતતાના કારણે ચૂંટણી રદ થતી નથી. જો ભ્રષ્ટાચાર આચરેલ હોવાનું સાબિત થાય તો જ હરિફ ઉમેદવાર ગેરલાયક ઠરે છે. બંને ઉમેદવારોને સરખા મત પડે તો ચૂંટણીમાં ચીઠ્ઠી નાખીને જેની તરફેણમાં ચિઠ્ઠી આવે તે ઉમેદવારને તેમના મળેલા મતપત્રોમાં એકમત ઉમેરીને ચૂંટાયેલા જાહેર કરાય છે. ઉમેદવાર કે તેના એજન્ટ કોઈને ખેંચી લેવા લાલચ આપે કે કોઈ ઉમેદવારની તરફેણમાં મત આપવા કે ન આપવા મતદારોને લાલચ આપે તો તે ભ્રષ્ટાચાર ગણાય છે. મતદાર ને મતદાન મથકે લઈ જવાકે લાવવા વાહનની વ્યવસ્થા કરે તો તે ભ્રષ્ટાચાર ગણાય છે.

ચૂંટણી વખતે ગેરલાયકાત ધરાવતા સભ્ય કે ચૂંટાયા પછી ગેરલાયકાત ધરાવતા સભ્યની બેઠક ખાલી થાય છે. બેઠક ખાલી થયેલ જાહેર કરતાં પહેલાં સભ્યને સાંભળવામાં આવે છે. આવા હુકમ સામે સભ્ય ૧૫ દિવસમાં સરકારશ્રીમાં અપીલ કરી શકે છે. સમગ્ર ચૂંટણી કે કોઈ સભ્યપદ પૂરતી ચૂંટણી રદ થાય તો નવી ચૂંટણી કરવાની થાય છે.

## તાલુકા પ્રમુખ/ઉપપ્રમુખ સત્તા અને કાર્યો

- પંચાયતની બેઠકો બોલાવવી, તેનું અધ્યક્ષ સ્થાન લેવું, સંચાલન કરવું.
- પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ પર દેખરેખ રાખવી.
- પંચાયતના/સમિતિઓના ઠરાવોની અમલવારી માટે જિલ્લા વિકાસ અધિકારી પર વહીવટી દેખરેખ રાખવી.

- કાયદાથી અને તે હેઠળ તેના પર નાખેલી સઘળી ફરજો બજાવવી અને સત્તા વાપરવી.
- પ્રમુખ કે ઉપપ્રમુખ પંચાયતના દફતરો તપાસી શકશે
- તાકીદના પ્રશ્નો જાહેર હિતમાં અને જેના માટે પંચાયત/સત્તાધિકારીની મંજૂરી જરૂરી હોય, તેવા કોઈપણ કાર્ય કરવા. મોકૂફ રાખવા, બંધ કરવાના આદેશ આપી શકશે. આવા પગલાઓના કારણે કારોબારી કે અન્ય સ્થાયી સમિતિની આગામી બેઠકમાં જાણ કરશે.

### ઉપપ્રમુખની સત્તા અને કાર્યો

- પ્રમુખની ગેરહાજરીમાં મિટિંગનું અધ્યક્ષ સ્થાન લેવું.
- નિયમો હેઠળ પ્રમુખે સોંપેલી સત્તાનો સદુપયોગ કરી, ફરજો બજાવવી.
- પ્રમુખની ખાલી જગ્યા અથવા ગેરહાજરીમાં પ્રમુખની સત્તા વાપરવી અને ફરજો બજાવવી.

### સરપંચ/ઉપસરપંચના કારોબારી કાર્યો (કલમ-૫૫)

- પંચાયત અધિનિયમની જોગવાઈઓ અને પંચાયતના ઠરાવો અમલમાં લાવવા કારોબારી સત્તા સરપંચને છે.

### સરપંચના બીજા કાર્યો/ફરજો

- પંચાયતની બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.
- પંચાયતના અધિકારી/કર્મચારીઓની કામગીરી ઉપર દેખરેખ નિયંત્રણ
- કોઈ પણ એક પ્રસંગે ૫૦૦ રૂપિયા સુધીનું આકસ્મિક ખર્ચ કરવાની સત્તા (૨૦૧૫નો સુધારો).
- પંચાયત ફંડમાંથી નાણા ઉપાડવા અને તેના વહીવટની જવાબદારી નિભાવવી.
- પંચાયત ફંડની કસ્ટડીની જવાબદારી નિભાવવી.
- પત્રકો/રીપોર્ટો તૈયાર કરાવવા.
- પંચાયત અધિનિયમ/નિયમોથી સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને કાર્યો બજાવવા.

### ઉપસરપંચના કાર્યો/ફરજો

- સરપંચની ગેરહાજરીમાં પંચાયતોની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.
- સરપંચની ૧૫ દિવસથી વધુ ગેરહાજરીમાં સરપંચની સત્તા વાપરવી અને ફરજો બજાવવી.
- સરપંચ/ઉપસરપંચની ગેરહાજરીમાં બેઠક નક્કી કરે તેવા સભ્યો તે બેઠકનું અધ્યક્ષ સ્થાન લેવું.
- પંચાયત ફંડમાંથી નાણાં ઉપાડવા માટે ચેકમાં સરપંચ અને મંત્રીની સંયુક્ત સહીથી જ નાણાં ઉપાડી શકાશે. (૨૦૧૮નો સુધારો)

### પંચાયતોને પોતાની વચ્ચે તાબેદારી અને તેમના સત્તા કાર્યો અને ફરજો (Subordination)

- ગ્રામ પંચાયતને, તા.પં. અને જિ.પં. ના અધિકારને આધિન રહીને, જે તે વિસ્તાર માટે અધિકાર
- તાલુકા પંચાયતને, જિ.પં. ના અધિકારને આધિન રહીને, જે તે વિસ્તાર માટે અધિકાર
- જિલ્લા પંચાયતને, જે તે વિસ્તાર માટે અધિકાર
- શહેર, મ્યુ. બરો, કેન્ટોટમેંટ સિવાય
- રાજ્ય સરકાર અને યોગ્ય સત્તાધિકારી (વિકાસ કમિશ્નર)નાં નિયંત્રણને આધિન
- ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનાં તાબા નીચે રહેશે.

- તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતનાં તાબામાં રહેશે.
- આ અધિનિયમ અથવા બીજો કોઈ કાયદાની રૂએ ઠરાવવામાં આવેલ સત્તા વાપરવી, કાર્યો ફરજો બજાવવા અને તેમને એવી જવાબદારી અને અધિકાર રહેશે.

### પંચાયત સંગઠન અને રાજ્ય સરકારે પંચાયત ઉપર નિયંત્રણ રાખવા બાબત

- ગુજરાત રાજ્યનું પંચાયત સંગઠન, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો અને ગ્રામ સભાઓનું રહેશે.
- રાજ્ય સરકાર પ્રત્યક્ષ રીતે અથવા એ હેતુસર પોતે સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નીમેલ અધિકારી અથવા અધિકારીઓ મારફત પંચાયત ઉપર પોતાનું નિયંત્રણ રાખશે.

### પંચાયત ફંડ વિભાગો - (ત્રણ)

### ૧. પંચાયત ફંડ (મહેસુલ વિભાગ)

સામાન્ય રીતે પંચાયત અધિનિયમમાં કરેલ જોગવાઈ પ્રમાણે પંચાયતોને નાણાકીય સાધનો ઊભા કરવાની સત્તા છે તે આધારે પંચાયતનોને જે નાણાં મળે છે તે પંચાયત ફંડનો ભાગ બને છે. પંચાયતોએ તેમાંથી પોતાનાં કાર્ય અદા કરવા, તેનો ઉપયોગ કરે છે. તેનો સમાવેશ આ વિભાગમાં થશે.

**બે પેટા વિભાગ છે**

**૧. મહેસુલી આવકઃ-** આ પેટા વિભાગમાં પંચાયતના કરવેરા અને ફીની આવક, વૈધાનિક અનુદાનની આવક, વૈધાનિક નિધીમાંથી મળતા અનુદાનોની આવક, પંચાયતની પ્રવૃત્તિની આવક, વ્યાજની આવક વિગેરેનો સમાવેશ થશે.

**૨. મહેસુલી ખર્ચઃ-** પંચાયતના ફંડમાંથી પંચાયતનાં સામાન્ય વહીવટ અને મહેકમ ખર્ચ માટે જરૂરી ખર્ચની જોગવાઈ પ્રથમ કરવાની રહેશે. પંચાયતોએ લીધેલા લોનનાં હપ્તા અને વ્યાજની ચુકવણી પણ આ વિભાગમાં આવશે. પંચાયતોએ પોતાનાં વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષી કાર્યો અંગે જુદા જુદા સદરે યોગ્ય રકમ ફાળવવી.

### ૨. રાજ્ય સરકારની યોજના માટે યોજનાકીય ગ્રાન્ટ તથા કામગીરી સહાય અનુદાન યોજના

એજન્સી ધોરણે તબદીલ થયેલ પ્રવૃત્તિઓ માટે મળવાપાત્ર અનુદાન પણ આ વિભાગમાં આવશે.

### ૩. દેવા વિભાગ

૧. લોન ૨. અનામત ૩. પેશગીઓ અને ૪. ઉપલક ખાતાઓને લગતા વ્યવહારોનો સમાવેશ

### હોદ્દા ઉપરથી દૂર કરવા (કલમ-૫૭/૭૧/૮૫)

- પંચાયતનો કોઈ સભ્ય, સરપંચ, ઉપ-સરપંચ, પ્રમુખ, ઉપપ્રમુખ
- પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણુક માટે અથવા શરમજનક વર્તણુક માટે દોષિત થયો હોય
- પોતાની સત્તાનો દુર ઉપયોગ કરે
- પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવાર ભૂલો કરે
- પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થયો હોય
- ગ્રામ/તાલુકા પંચાયત માટે જિલ્લા વિકાસ અધિકારીને સત્તા
- જિલ્લા પંચાયત માટે વિકાસ કમિશનરને સત્તા

### હોદ્દા ઉપરથી મોકૂફ રાખવા (કલમ-૫૯/૭૩/૮૭)

- સરપંચ, ઉપ-સરપંચ, પ્રમુખ, ઉપપ્રમુખ, સમિતિના અધ્યક્ષ
- નૈતિક અધ:પતનવાળા કોઈ ગુનાના સંબંધમાં કોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હોય
- જેને કોઈ ગુના માટે જેલમાં અટકમાં રાખવામાં આવ્યો હોય
- કલમ-૩૦ હેઠળ પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ન ઠરાવે તેવી કેદની શિક્ષા ભોગવતો હોય
- નિવારક અટકાયતને લગતાં કોઈ કાયદા હેઠળ અટકમાં રાખવામાં આવ્યો હોય
- ગ્રામ/તાલુકા પંચાયત માટે જિલ્લા વિકાસ અધિકારીને સત્તા
- જિલ્લા પંચાયત માટે વિકાસ કમિશનરને સત્તા

# પંચાયતની સમિતિઓ

**ત્રિસ્તરીય પંચાયતીરાજ પધ્ધતિ અન્વયે દરેક સ્તરે વિવિધ સમિતિઓની રચના અને સંચાલન અંગેની જવાબદારીઓ-૧**

- સમિતિના અધ્યક્ષ સમિતિના સભ્યો પોતાનામાંથી ચૂંટશે.
- જે સમિતિમાં સરપંચ, ઉપસરપંચ, પ્રમુખ/ઉપ પ્રમુખ સભ્ય હોય તે સમિતિનું અધ્યક્ષપદ તેઓ ન સ્વીકારે તો જ અન્ય સભ્યને પ્રાપ્ત થાય
- સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ સબંધિત પંચાયતી રાજ્ય સંસ્થામાં ચૂંટાયેલ અનુ.જાતિના સભ્ય જ હોવા જોઈએ.
- જિલ્લા પંચાયતના પ્રમુખ, પ્રમુખ અને જિલ્લા સમિતિનું અધ્યક્ષપદ બન્ને એકસાથે ધરાવી નહી શકે.
- સમિતિના અધ્યક્ષ તરીકે માત્ર સબંધિત પંચાયતના ચૂંટાયેલા સભ્યો જ નિમાશે આમંત્રિત સભ્યો અધ્યક્ષપદ ધરાવી શકાશે નહિ.
- સામાજિક ન્યાય સમિતિ સિવાયની સમિતિઓના નિર્ણય સામે સબંધિત ગામ/તાલુકા/જિલ્લા પંચાયતમાં અપીલ કરી શકાય.
- સામાજિક ન્યાય સમિતિના નિર્ણય સામે તેનાથી ઉપરની કક્ષાની પંચાયતની સામાજિક ન્યાય સમિતિમાં અપીલ કરી શકાય.
- પંચાયતના સભ્યો એકી સાથે વધુમાં બે સમિતિઓમાં સભ્યપદ ધરાવે શકે.
- પંચાયતના કોઈપણ સભ્ય પુનઃ તે જ સમિતિના સભ્ય થઈ શકે.
- કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી વધુમાં વધુ બે પેટા સમિતિઓ રચી શકશે.
- સમિતિના અધ્યક્ષ કે સભ્યો પોતાનું રાજીનામું સબંધિત પંચાયતને સોંપશે.
- સમિતિઓની બેઠક માટે નોટિસ મોકલવા માટેના સ્પષ્ટ દિવસો પાંચ દિવસનો ગાળો રાખવાનો રહેશે.
- સમિતિઓની બેઠકોના કોરમ માટે ૧/૩ સભ્યો અથવા ઓછામાં ઓછા ત્રણ સભ્યો હાજર હોવા જોઈશે.

## ત્રિસ્તરીય પંચાયતીરાજ પધ્ધતિ અન્વયે સંચાલન માટે વિવિધ સમિતિઓની રચનાની જોગવાઈઓ

| કલમ-૯૨ ગ્રામ પંચાયતના સંચાલન | કલમ-૧૨૩ તાલુકા પંચાયતના સંચાલન માટે | કલમ-૧૪૫ જિલ્લા પંચાયતના સંચાલન માટે |
|---|---|---|
| સામાજિક ન્યાય સમિતિ (ફરજિયાત) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને નબળા વર્ગના ૫ સભ્યોની બનેલી ઓછામાં ઓછી એક મહિલાના સમાવેશ મુદ્દત પાંચ વર્ષ | સામાજિક ન્યાય સમિતિ (ફરજિયાત) ૫-સભ્યો, મુદ્દત ૨.૫ વર્ષ | સામાજિક ન્યાય સમિતિ (ફરજિયાત) ૫-સભ્યોમાં મુદ્દત ૨.૫ વર્ષ |
| | કારોબારી સમિતિ (ફરજિયાત) ૯ સભ્યો, મુદ્દત ૨.૫ વર્ષ | શિક્ષણ સમિતિ (ફરજિયાત) ૯ સભ્યો, મુદ્દત ૨.૫ વર્ષ |
| કારોબારી સમિતિ (મરજિયાત) ૫ સભ્યો, મુદ્દત બે વર્ષ | | કારોબારી સમિતિ (ફરજિયાત) ૯ સભ્યો, મુદ્દત ૨.૫ વર્ષ |
| પાણી સમિતિ પંચાયત વિભાગના તા.૨૪-૧૦-૨૦૦૨ના ઠરાવ મુજબ ૧૦ થી ૧૨ સભ્યો પૈકી ગ્રામ પંચાયતના સભ્યો પૈકીના અ.જાતિ, અ.જનજાતિ અને મહિલા સહિત ૪ સભ્યો સ્થાનિક સંસ્થાઓના ૨ થી ૩ અને બાકી સ્વૈચ્છિક સેવાભાવી નાગરિકો ૫, મુદ્દત બે વર્ષ | રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી જરૂરિયાત મુજબ અન્ય સમિતિઓ સભ્ય સંખ્યા - ૫, મુદ્દત - એક વર્ષ માટે રચી શકાશે | જાહેર આરોગ્ય સમિતિ (ફરજિયાત) ૫ સભ્યોમાં મુદ્દત ૨.૫ વર્ષ<br>જાહેર બાંધકામ સમિતિ (ફરજિયાત) ૫ સભ્યોમાં મુદ્દત ૨.૫ વર્ષ<br>જિલ્લા અપીલ સમિતિ (ફરજિયાત) ૫ સભ્યોમાં મુદ્દત ૨.૫ વર્ષ<br>ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ (ફરજિયાત) ૫ સભ્યોમાં મુદ્દત ૨.૫ વર્ષ<br>મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિઓની સમિતિ (ફરજિયાત) ૫ સભ્યોમાં મુદ્દત ૨.૫ વર્ષ<br>રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી જરૂરિયાત મુજબ અન્ય સમિતિઓ (મુદ્દત એક વર્ષ સુધીની) |
| રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી જરૂરિયાત મુજબ અન્ય સમિતિઓ રચી શકાશે. મુદ્દત એક વર્ષ | | હળપતિ અને ભૂમિહીન ખેતમજૂર આવાસસમિતિ (મરજીયાત) ભરુચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લા માટે ૫ સભ્યો - મુદ્દત એક વર્ષ |

# અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતોનું વિસ્તરણ PESA કાયદો

પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય સ્થાન આપવા માટે ભારતના બંધારણના ૭૩માં સુધારાથી ૯ માં ભાગનો ઉમેરો થયેલો છે. જે તા.૨૪-૪-૧૯૯૩થી અમલી બન્યો. આદિવાસી વિસ્તારોને સ્વશાસન આપવા અંગેનો ધારો ઘડવા માટેની સલાહ આપવા માટે ભારત સરકારે સંસદ સભ્ય શ્રી દિલિપસિંહ ભુરિયાના અધ્યક્ષસ્થાને તા. ૧૦મી જૂન, ૧૯૯૪ના હુકમથી એક સમિતિની રચના કરેલી તે અહેવાલ તા.૧૭-૦૧-૯૫ના રોજ રજૂ કરેલો હતો. આ સમિતિએ જે ભલામણો કરી તેને અનુસરીને કેન્દ્ર સરકારે મે, ૧૯૯૫માં રજૂ થયેલા બીલને સંસદની મંજુરી મળતાં તા.૨૪-૧૨-૯૬થી રાષ્ટ્રપતિની મંજુરીથી "પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) ધારો, ૧૯૯૬" [THE PROVISIONS OF THE PANCHAYATS (EXTENSION TO THE SCHEDULED AREAS) (PESA) અમલમાં આવ્યો છે. દરેક રાજ્યે પોતાના આદિવાસી વિસ્તારોમાં પંચાયતો અંગે એક કાયદો કરવો તેવુ ઠરાવ્યું હતું

પંચાયતને લગતા ભારતના સંવિધાનના ભાગ-૯ બંધારણ (૭૩મો સુધારો) અધિનિયમ,૧૯૯૨ અનુરૂપ રાજયમાં પંચાયતોને લગતો કાયદો લાવવા માટે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અધિનિયમ કરવામાં આવ્યો હતો. પંચાયત (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા) બાબત અધિનિયમ. ૧૯૯૬ ની જોગવાઈઓની કલમ ૩ ની રૂએ પંચાયતને લગતી ભાગ-૯ની જોગવાઈઓ, કેન્દ્રીય અધિનિયમની કલમ-૪માં જોગવાઇ કરેલ અપવાદો અને સુધારા-વધારાને અધિન રહીને, અનુસૂચિત વિસ્તારોને લાગુ પડે છે.

રાજ્યમાં એવા કેટલાક વિસ્તારો છે, જે સંવિધાનની

પાંચમી અનૂસુચિના પરિચ્છેદ ૬ હેઠળ રાષ્ટ્રપતિએ અનુસૂચિત વિસ્તારો તરીકે જાહેર કર્યા છે. કેન્દ્રીય અધિનિયમની કલમ-૫ થી, પંચાયતને લગતા રાજ્યના અધિનિયમની જોગવાઈઓ, અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડ્યા પ્રમાણેના ભાગ-૯ની જોગવાઈઓ સાથે અસંગત થઈ શકે તેમ છતાં, તેને સન-૧૯૯૭ના ડિસેમ્બર મહિનાની ૨૩મી તારીખ સુધી ચાલુ રાખવા માટે જોગવાઈ કરી છે. તેથી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ને, અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડ્યા પ્રમાણેનો ભાગ ૯ ની જોગવાઈઓને અનુરૂપ રાખવાનું જરૂરી હતું.

કેન્દ્રીય અધિનિયમની કલમ-૪ થી, યોગ્ય સ્તરે પંચાયતોને અને ગ્રામસભાને, બીજા કાયદા હેઠળ આવતી અમુક બાબતોના સંબંધમાં , સત્તા આપવાનું રાજ્ય વિધાન મંડળે પણ ફરમાવ્યું છે. તેથી તે બાબતોના સંબંધમાં પંચાયતોને સત્તા આપવાનું જરૂરી જણાયું હતું. તદ્અનુસાર મુંબઈ જમીન મહેસૂલ અધિનયમ, ૧૮૭૯ અને મુંબઈ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતનો અધિનયમ, ૧૯૪૬ ની સંબંધિત જોગવાઈઓ પણ સુધારવામાં આવી છે.

તે સમયે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને ઉપર્યુક્ત બીજા અધિનિયમો સુધારવા માટે, ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, ૧૯૯૭ તારીખ ૨૦ ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. ઉપર્યુક્ત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે બીજો વટહુકમ તા.૨૪-૪-૯૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યો જેને વિધાનસભાએ તા.૧-૭-૯૮ના રોજ મંજુરી આપી ગુજરાતના ૫ મા અધિનિયમથી નવી કલમો ૨૭૮-ક, ૨૭૮-કક અને અનૂસુચિ ૪ અને ૫ દાખલ કરી છે. તે તા.૨૦-૧૨-૯૭ થી અમલી ગણવામાં આવી. આમ ગુજરાત પંચાયત સુધારા ધારો-૧૯૯૮ ઘડાયો. આ સુધારા ધારા અનુસાર ગુજરાત પંચાયત ધારામાં ગુજરાતના આદિવાસી વિસ્તારો માટે પંચાયતો અંગે વધારાની કેટલીક જોગવાઈઓ કરવામાં આવી આ જોગવાઈઓ અનુસાર ગ્રામ પંચાયતો અને ગ્રામ સભાને જે નાણાકીય અને આર્થિક સત્તાઓ અને અધિકારો પ્રાપ્ત થાય છે.

રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા કેન્દ્રીય પેસા એક્ટ અન્વયેની અમલવારી સંબંધે તેમના મુખ્ય કાયદામાં અને નિયમોમાં સુધારા તથા ઠરાવો કરી અમલવારી કરી છે. રાજ્ય સરકાર દ્વારા તેનાથી આગળ વધી કેન્દ્રીય પેસા અધિનિયમ – ૪ ની જોગવાઈઓ અનુસૂચિત વિસ્તારની ગ્રામ પંચાયત વિસ્તારની આદિવાસી પ્રજાને વધુ વિશેષ લોકભાગીદારી મળે અને લોકશાહીની પાયાની સંસ્થા ગ્રામસભા દ્વારા તેમને વધુ સત્તાઓ પ્રાપ્ત થાય તે હેતુથી જુદા જુદા વિભાગના કાયદા તથા નિયમોને પેસા નિયમો હેઠળ આવરી લઈ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સંબંધિત વિભાગોની મંજુરી લઈ રાજ્ય સરકારે તા.૧૭ જાન્યુઆરી ૨૦૧૭ થી પેસા નિયમો બનાવી ગ્રામ સભાઓને વધુ સત્તાઓ આપી સુદ્રઢ બનાવી.

મહાત્મા ગાંધીજીએ વન બાંધવોને જંગલની જમીનના અધિકારો મળે તે માટે હિમાયત કરી હતી. બાપુ કહેતા કે "વનવાસી હોય કે અન્ય કોઈપણ પછાત સમુદાયના લોકો હોય, તેમને સમાજની મુખ્ય ધારામાં સામેલ થવાનો જન્મજાત અધિકાર છે. આ જ તો સમાનતાનો અને માનવ અધિકારનો શ્રેષ્ઠ સિદ્ધાંત છે."

મહાન અને ક્રાન્તિકારી વિચારક પંડિત શ્યામા પ્રસાદ મુખર્જીએ પણ કહેલું કે, "આદિજાતિને તમે ક્યાં

સુધી પછાત રાખશો ? આદિજાતિને અથવા કોઈપણ પાછળ રહી ગયેલા સમુદાયને સાથે રાખીને ચાલ્યા સિવાય સમતોલ વિકાસનાં ફળ ચાખી શકાશે નહીં.''

દરેક મહાન વિચારક, ચિંતક કે દેશનું હિત ઈચ્છનાર કોઈપણ વ્યક્તિ આદિજાતિની પ્રગતિ અને વિકાસને ખૂબ મહત્ત્વપૂર્ણ ગણે છે. જ્યારે કોઈ હઠીલા દર્દમાં એલોપથી કામ લાગતી નથી ત્યારે તબીબી સલાહ અનુસાર આપણે જ્યારે આયુર્વેદના શરણે જઈએ છીએ ત્યારે આપણને એ પણ યાદ રહેવું જોઈએ કે આયુર્વેદિક દવા બનાવવા માટે વપરાતી વનસ્પતિઓ, જડીબુટ્ટીઓ અથવા તો વનૌષધિઓ જંગલ વિસ્તારમાંથી આપણા જ વનબંધુઓ પૂરી પાડે છે.

આદિવાસી વિસ્તારોને સ્વશાસન આપવા અંગેનો ધારો ઘડવા માટેની સલાહ આપવા માટે ભારત સરકારે સંસદ સભ્યશ્રી દિલિપસિંહ ભુરિયાના અધ્યક્ષ સ્થાને તા. ૧૦ મી જૂન ૧૯૯૪ના હુકમથી એક સમિતિની રચના કરી હતી. આ સમિતિએ જે ભલામણો કરી તેને અનુસરીને કેન્દ્ર સરકારે મે, ૧૯૯૫માં રજૂ થયેલા બીલને સંસદની મંજૂરી મળતાં તા. ૨૪-૧૨-૧૯૯૬ થી રાષ્ટ્રપતિની મંજૂરીથી ''પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) ધારો, ૧૯૯૬ (PESA) પંચાયત એક્ષટેન્શન ટુ ધ શિડ્યુલ એરિયાઝ'' અમલમાં આવ્યો જે મુજબ દરેક રાજ્યે પોતાના આદિવાસી વિસ્તારોમાં પંચાયતો અંગે એક કાયદો કરવો તેવું ઠરાવ્યું હતું.

કેન્દ્રીય અધિનિયમની કલમ-૪ થી યોગ્ય સ્તરે પંચાયતોને અને ગ્રામ સભાને, બીજા કાયદા હેઠળ આવતી અમુક બાબતોના સંબંધમાં સત્તા આપવાનું રાજ્ય વિધાન મંડળે પણ જણાવ્યું છે. તેથી તે બાબતોના સંબંધમાં પંચાયતોને સત્તા આપવાનું જરૂરી જણાયું હતું.

ગુજરાત પંચાયત સુધારા ધારો - ૧૯૯૮ ઘડાયો. આ સુધારા ધારા અનુસાર ગુજરાત પંચાયત ધારામાં ગુજરાતના આદિવાસી વિસ્તારો માટે પંચાયતો અંગે વધારાની કેટલીક જોગવાઈઓ કરવામાં આવી. આ જોગવાઈઓ અનુસાર ગ્રામ પંચાયતો અને ગ્રામ સભાને નાણાકીય અને આર્થિક સત્તાઓ અને અધિકારો આપવામાં આવ્યા.

અનુસૂચિત વિસ્તારની ગ્રામ પંચાયત વિસ્તારની આદિવાસી પ્રજાને વધુ વિશેષ લોકભાગીદારી મળે અને લોકશાહીની પાયાની સંસ્થા ગ્રામસભા દ્વારા તેમને વધુ સત્તાઓ પ્રાપ્ત થાય તે હેતુથી જુદા જુદા વિભાગના કાયદા તથા નિયમોને પેસા નિયમો હેઠળ આવરી લઈ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સંબંધિત વિભાગોની મંજૂરી લઈ રાજ્ય સરકારે તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૭ થી પેસા નિયમો બનાવી ગ્રામ સભાઓને વધુ સત્તાઓ આપી મજબૂત બનાવી છે.

## ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૯૮થી સુધારો

દરેક રાજયમાં આદિજાતિની વસ્તી ધરાવતાં ગામડાંઓ પરિસ્થિતિ અલગ અલગ હોય તે સ્વાભાવિક છે. પેસા એક્ટ લાગુ તો કરવાનો જ હતો પણ ગુજરાત સરકારે ગુજરાતના ગામડાંઓની ખરી પરિસ્થિતિ જાણી ને એ પ્રમાણે એક્ટ લાગુ કરવાનો નિર્ણય કર્યો. જે ખરા અર્થમાં સ્તુત્ય વિચારણાં હતી.

ગ્રામવિકાસનો પ્રાણ ગણાતી ગ્રામસભાના મૂળ માળખાને અકબંધ રાખી તેમાં નવા પ્રાણનું સિંચન કરવાનું હતું. સૌ પ્રથમ તો જે તે ગામના મતદાર વિભાગના મતદારોની યાદીમાં જેમના નામો સમાવિષ્ટ કર્યા હોય તેવી વ્યક્તિઓની તે બનશે. આ ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો તેમના સાંસ્કૃતિક ઓળખ, સામુહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢીગત રીતે સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવાનો રહેશે.

સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામ પંચાયત અમલ કરે તે પહેલાં એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ ગ્રામ સભાએ મંજૂર કરવાની હોય છે.

કલમ-૭ ની પેટા કલમ-(૧) માં ઉમેરાયેલો મુદ્દો ખૂબ મહત્ત્વનો છે. અનુસૂચિત વિસ્તારમાં સ્થાનિક વિસ્તારના સંબંધમાં ભલામણ કરતી વખતે એવી ખાતરી કરવી જોઈશે કે સ્થાનિક વિસ્તાર સામાન્ય રીતે રહેવાસી અથવા રહેવાસીઓના સમૂહ અથવા નાના ગામ અથવા નાના ગામોના સમૂહનો બનેલો છે. અને પ્રણાલીઓ અને રિવાજો અનુસાર પોતાના કામકાજની વ્યવસ્થા કરે છે. આ ઉપરાંત અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખે. બેઠકોની સંખ્યા એવી રીતે વધારવી જોઈએ કે જેથી કરીને આવી સંખ્યા સામે ગ્રામ

પંચાયતમાની બેઠકોની સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહીં.

જ્યારે સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત જાતિના લોકોનો જ હોય તેવી જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા એવી રીતે વધારવાની કે જેથી કરીને તે સંખ્યા જિલ્લા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહી.

આ ઉપરાંત કોઈ કારણસર ચૂંટણીમાં તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિજાતિનો કોઈ સભ્ય ચૂંટાય નહીં તો રાજય સરકાર ચૂંટણી યોગ્ય હોય તેવા અનુસૂચિત આદિજાતિના સભ્યોમાંથી તે પંચાયતમાં ચૂંટાયેલ કુલ સભ્યોના એક દશાંશ કરતાં વધે નહિ તેટલી સંખ્યાના સભ્યોની નિમણૂંક કરી શકશે.

# પેસા એક્ટ દ્વારા મળેલા વિશેષાધિકાર

- ગ્રામસભા ગામના સામાજિક અને આર્થિક વિકાસ માટે યોજનાઓ અને કાર્યક્રમોને સ્થાનિક સ્તરે જ મંજૂરી આપી શકે છે.
- ગરીબી ઉન્મૂલન અને એવા બીજા કાર્યક્રમો માટે લાભાર્થીઓ શોધી લાભ પહોંચાડવા
- યોજના અને કાર્યક્રમ માટે પંચાયત દ્વારા ફંડના ઉપયોગ માટે પ્રમાણપત્ર ઇશ્યુ કરવા
- જમીન સંપાદન, રિસેટલમેન્ટ માટે અનિવાર્ય પરામર્શ અને વિસ્થાપિતો માટે પુનર્વસનનો અધિકાર
- નાના જળ સંસાધનોના આયોજન અને સંચાલન માટેનો અધિકાર
- ખાણ અને ગૌણ ખનીજ માટે લાઈસન્સ લીઝ ઇશ્યૂ કરવાનો અધિકાર
- ગૌણ ખનિજોના અંગેના કોન્ટ્રાક્ટ બાબતે નિર્ણય લેવાનો અધિકાર
- પોતાના વિસ્તારમાંથી થતી ગૌણ વન પેદાશો અંગે નિર્ણય લેવાનો અધિકાર
- ગૌણ ખનિજોના ઉપયોગ અને વેચાણ ઉપરાંત નફાના વિસ્તરણ અંગે નિર્ણય લેવાનો અધિકાર
- ગૌણ ખનિજોથી મળતી આવકનો ઉપયોગ સ્થાનિક વિકાસ માટે કરવાનો અધિકાર
- વન પેદાશોનો ઉપયોગ પોતાના વિસ્તાર માટે કરવાનો અધિકાર
- જમીન મહેસૂલી કાયદાની કલમ : ૭૩ – એના અનુસાર મંજૂરી માટેના અધિકાર
- જમીન સંપાદન બાબતે ગ્રામસભાના અનિવાર્ય પરામર્શનનો અધિકાર
- ગામ માટે અલાયદું સુરક્ષાબળ બનાવવાનો અધિકાર
- ક્વોરી માટેની લીઝ સ્થાનિક આદિજાતિ અને સ્થાનિક નિવાસીઓને પ્રદાન કરવાનો અધિકાર
- વ્યસનમુક્ત સમાજની રચના કરવા માટે નિર્ણયો લેવાનો અધિકાર
- નાણાં ધીરધાર માટે શાહુકારોને લેવાપાત્ર વ્યાજનો દર નક્કી કરવાનો અધિકાર
- સ્થાનિક તળાવનાં પાણીના ઉપયોગ અને કાંસના સમાર કામ બાબતે નિર્ણય લેવાનો અધિકાર
- ગ્રામલોકોના અંગત વિવાદોનો હલ લાવવાનો અધિકાર
- સરકારી અધિકારી પણ યોગ્ય રીતે કામ ન કરે તો તેના વિરુદ્ધ કાર્યવાહી માટે ભલામણ કરવાનો અધિકાર
- પેસા કાયદાના અમલથી આદિજાતિ વિસ્તારોને પ્રાપ્ત થયેલા ફાયદા
- ખાનગી શાહુકારોનો નાણા ધીરધાર માટે વ્યાજનો દર જાતે નક્કી કરવાનો અધિકાર સમાપ્ત થયો
- શાહુકારો માટે લેવાપાત્ર વ્યાજનો દર ગ્રામસભા જ નક્કી કરતી થઈ જેથી વ્યાજનો દર સૌને માટે સમાન કરવામાં આવ્યો અને જેની જાણ પણ સૌને કરવામાં આવે છે.
- સ્થાનિક તળાવના પાણીના ઉપયોગ અંગે તથા કાંસના સમારકામ અંગેના નિર્ણયો પણ ગ્રામસભાના જ અધિકારમાં હોવાથી હવે આવાં કામોમાં ઝડપ આવી છે જેનાથી સરવાળે અસરકારકતા વધી છે અને નાણાં તેમજ સમયની બચત થઈ છે.

- ગૌણ ખનીજો, ગૌણ વન પેદાશો વગેરેના વેચાણની બાબતમાં વચેટિયાઓ અને દલાલોની દખલનો અંત થયો છે.
- રાજયના ૧૪ આદિજાતિ જિલ્લાઓના ૫૩ આદિજાતિ તાલુકાઓની ગ્રામ પંચાયતો હેઠળની ગ્રામ પંચાયતોમાં વસવાટ કરતા ૮૯.૧૭ લાખ આદિવાસઓના જીવનમાં પેસા એક્ટના કારણે લાભ પહોંચ્યો છે.
- ૨૦૧૯-૨૦ના વર્ષ દરમિયાન રાજ્યના કેટલાક ગૌણ ખનિજના બ્લોક ઈ-હરાજી માટે મૂકવામાં આવ્યા હતા જે પૈકી કુલ ૬૨ બ્લોકમાં સફળ હરાજી થઈ છે.

### પેસા કાયદાનું મહત્વ :

- પેસામાં ગ્રામસભાને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે, જેના બે ઉદ્દેશ્ય છે. પ્રથમ એ કે સ્થાનિક બાબતોના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ લેવાય અને બીજો કે સ્થાનિક કક્ષાના નિર્ણયો લેવા માટે વધુમાં વધુ સ્થાનિક લોકોની ભાગીદારી પ્રાપ્ત થાય.
- પેસા એ આદિજાતિ વિસ્તારોના લોકોના રિવાજો, પરંપરા, સંસ્કૃતિ ઉપરાંત સામાજિક સંસાધનો સચવાય અને સ્થાનિક વિવાદોનો ઉકેલ સ્થાનિક કક્ષાએથી જ લાવી શકાય એ માટે ગ્રામસભાને સત્તા આપે છે.
- જાહેર સંસાધનોનો ઉપયોગ સ્થાનિક કક્ષાએ જ શ્રેષ્ઠ રીતે કરી શકાય એ માટેની સત્તા સ્થાનિક લોકતંત્રને જ આપે છે.
- કુદરતી સંસાધનોના ઉપયોગ અંગેના નિર્ણય પણ સ્થાનિક તંત્રના હાથમાં આપવાથી આદિજાતિના લોકોની આવક વધશે, એમનું જીવનધોરણ સુધરશે અને આ કારણે તેમનું વિસ્થાપન પણ અટકશે.
- શાહુકારો, વેપારીઓના શોષણ સામે આદિજાતિને સંરક્ષણ મળી શકશે.
- આદિજાતિને પોતાના સાંસ્કૃતિક વારસા, રિવાજ, પરંપરાના જતન, સંવર્ધન માટે પ્રોત્સાહન મળશે. આ કારણે આદિજાતિ પોતાનું અસલ સ્વરૂપ, સંસ્કૃતિ અને વારસો સરળતાથી જાળવી શકાશે.
- પેસા એક્ટના અસરકારક અમલના કારણે ગુજરાતમાં આદિજાતિ સમુહના અસલ સ્વરૂપ, સંસ્કૃતિ અને વારસાને સરળતાથી જાળવી રાખવામાં મદદ મળી રહી છે.

### પેસા એક્ટથી આદિજાતિ સમાજમાં થનારું પરિવર્તન

- આ કાયદાના અમલથી ખાનગી શાહુકારોના નાણાં ધીરધાર માટેનો વ્યાજદર જાતે નક્કી કરવાનો અધિકાર સમાપ્ત થશે.
- લેવા પાત્ર વ્યાજનો દર પણ આદિજાતિના નાગરિકોની બનેલી ગ્રામસભા જ નક્કી કરશે.
- આદિજાતિ વિસ્તારોના તળાવોના પાણીનો ઉપયોગ કરવા અને કાંસોના સમારકામ વગેરે જેવા નિર્ણયો પણ ગ્રામસભા જ લઈ શકશે.
- પેસા એક્ટનું અમલીકરણ ગૌણ ખનીજો, ગૌણ વન પેદાશો ઈત્યાદીના વેચાણની બાબતમાં વચેટીયાઓ અને દલાલોની દખલનો ખાત્મો થશે.

# આદિવાસી વિસ્તારોની પંચાયતોને વિશેષ દરજ્જો

કેન્દ્ર સરકારે અનુસૂચિત વિસ્તારની પંચાયતોને વિશેષ અધિકાર આપવા માટે ૧૯૯૬માં પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ (પેસા) ઘડયો. આ અધિનિયમના પાયાના સિધ્ધાંતો નીચે મુજબ છે

૧. પરંપરાગત કાયદાઓ, સામાજિક અને ધાર્મિક વ્યવહારો અને સામુદાયિક સંસાધનોની પરંપરાગત સંચાલકીય રીતો આદિવાસીઓના જીવનમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે

૨. ગ્રામ સભા લોકોની પરંપરાઓ અને રીતરિવાજો, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામુદાયિક સંસાધનો અને વિવાદોના નિવારણની પરંપરાગત રીતોના જતન અને રક્ષણ માટે સક્ષમ છે.

૩. પંચાયતધારાની કલમ -૭ માં ઉમેરો કરી આદિવાસી વિસ્તારોમાં વસતા સમૂહોના ગામ, પરા, ફળિયાનાં સ્વતંત્ર એકમ તરીકે સ્વીકાર થયો. ૧૯૯૮માં ગુજરાત પંચાયત સુધારો ધારો ઘડાયો ત્યારે ગુજરાતમાં અનુસૂચિત વિસ્તાર વિસ્તરણ અધિનિયમની જોગવાઈઓનો અમલ શરૂ થયો. આ ધારાએ ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈઓ થોડાક સુધારા સાથે રાજયના અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડી. ગુજરાત પંચાયત (સુધારા)ધારા અધિનિયમ ૧૯૯૮ ગુજરાતના ૧૩ જિલ્લાઓના ૫૦ તાલુકાઓના ૪૫૦૩ ગામોમાં લાગુ પડે છે.

૧. રાજયની કુલ વસ્તી ૬,૦૪,૩૯,૯૪૬
ગ્રામ્ય વસ્તી ૩,૬૨,૧૬,૩૪૭
અનુ. જનજાતિની ગ્રામ્ય વસ્તી ૮૨,૪૫,૭૪૨

| ક્રમ. | | જિલ્લાની સંખ્યા | તાલુકાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | રાજયમાં કુલ | ૩૩ | ૨૪૮ |
| ૨ | શિડ્યુલ વિસ્તાર PESA માં સંપૂર્ણ સમાવિષ્ટ | ૪ | ૨૩ |
| ૩ | PESA માં અંશતઃ સમાવિષ્ટ | ૯ | ૨૭ |

**સામાન્ય માહિતી (ઓકટોબર-૨૦૧૬ ની સ્થિતિએ)**

૪. શિડ્યુલ વિસ્તાર PESA માં સમાવિષ્ટ તાલુકાની કુલ સંખ્યા ૫૦
૫. શિડ્યુલ વિસ્તાર PESA માં સમાવિષ્ટ ગ્રામ પંચાયતની કુલ સંખ્યા ૨૬૭૮
૬. શિડ્યુલ વિસ્તાર PESA માં સમાવિષ્ટ ગામોની કુલ સંખ્યા ૪૫૦૩
૨. આંકડાકીય માહિતી (૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર)

# PESAમાં સંપૂર્ણ સમાવિષ્ટ જિલ્લા

| જિલ્લાનું નામ | કુલ વસ્તી (ગ્રામ્ય) | અ.જ.જા. વસ્તી (ગ્રામ્ય) | અ.જ.જા. (%) |
|---|---|---|---|
| દાહોદ | ૧૯૬૮૫૬૯ | ૧૫૪૬૯૦૬ | ૭૮.૫૮ |
| નર્મદા | ૫૫૪૦૨૩ | ૪૭૨૪૬૦ | ૮૫.૨૮ |
| ડાંગ | ૨૨૫૩૨૩ | ૨૧૩૬૪૯ | ૯૪.૮૨ |
| તાપી | ૭૨૭૫૯૯ | ૬૬૪૦૧૦ | ૯૧.૨૬ |

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ વસ્તી (ગ્રામ્ય) | અ.જ.જા વસ્તી (ગ્રામ્ય) | અ.જ.જા ની ટકાવારી (ગ્રામ્ય) |
|---|---|---|---|---|---|
| ૧ | ડાંગ | આહવા | ૯૮૨૨૧ | ૯૦૮૦૪ | ૯૨.૪૫ |
| | | સુબીર | ૫૫૩૬૮ | ૫૪૮૩૨ | ૯૯.૦૩ |
| | | વઘઈ | ૭૧૭૩૪ | ૬૮૦૧૩ | ૯૪.૮૧ |
| ૨ | દાહોદ | દેવગઢ બારીયા | ૨૨૮૩૦૫ | ૪૭૨૦૦ | ૨૦.૬૭ |
| | | ધાનપુર | ૧૮૦૭૦૩ | ૧૨૮૯૪૫ | ૭૧.૩૬ |
| | | દાહોદ | ૩૭૧૭૩૭ | ૩૫૨૬૭૯ | ૯૪.૮૭ |
| | | ફતેપુરા | ૨૩૮૧૧૬ | ૨૨૨૫૧૧ | ૯૩.૪૫ |
| | | ગરબાડા | ૧૯૮૮૮૬ | ૧૮૯૦૨૮ | ૯૫.૦૪ |
| | | ઝાલોદ | ૩૫૬૭૬૬ | ૩૩૫૬૪૪ | ૯૪.૦૮ |
| | | લીમખેડા | ૩૦૬૨૬૯ | ૧૯૩૩૮૪ | ૬૩.૧૪ |
| | | સંજેલી | ૮૭૭૮૭ | ૭૭૫૧૫ | ૮૮.૩૦ |
| ૩ | નર્મદા | ડેડીયાપાડા | ૧૭૪૪૪૯ | ૧૬૮૧૮૧ | ૯૬.૪૧ |
| | | ગરુડેશ્વર | ૯૨૦૨૫ | ૮૪૩૦૩ | ૯૧.૬૧ |
| | | નાંદોદ | ૧૧૨૭૫૪ | ૮૩૪૨૩ | ૭૩.૯૯ |
| | | સાગબારા | ૧૧૦૯૨૪ | ૧૦૧૧૫૭ | ૯૧.૧૯ |
| | | તિલકવાડા | ૬૩૮૭૧ | ૩૫૩૯૬ | ૫૫.૪૨ |
| ૪ | તાપી | ડોલવણ | ૯૧૭૦૫ | ૯૦૩૩૬ | ૯૮.૫૧ |
| | | કુકરમુંડા | ૬૨૨૨૯ | ૫૧૩૬૬ | ૮૨.૫૪ |
| | | નિઝર | ૬૭૭૬૫ | ૫૩૪૫૮ | ૭૮.૮૯ |
| | | સોનગઢ | ૧૮૯૯૭૩ | ૧૮૪૦૦૫ | ૯૬.૮૬ |
| | | ઉચ્છલ | ૮૮૪૮૫ | ૮૬૪૧૪ | ૯૭.૬૬ |

**નોંધ- ગ્રામ્ય વસ્તીના આંકડા સંબંધિત કલેક્ટરશ્રીઓ તરફથી મળેલા છે.**

# PESA માં અંશતઃ સમાવિષ્ટ જિલ્લાની તાલુકા પંચાયતો

| ક્રમ | જિલ્લા | તાલુકાનું નામ | કુલ વસ્તી (ગ્રામ્ય) | અ.જ.જા વસ્તી (ગ્રામ્ય) | અ.જ.જા ની ટકાવારી (ગ્રામ્ય) |
|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ઝઘડીયા | ૧૫૧૧૨૭ | ૯૩૪૩૨ | ૬૧.૮૨ |
| | | નેત્રંગ | ૯૨૦૬૩ | ૮૦૫૨૦ | ૮૭.૪૬ |
| | | વાલીયા | ૮૬૪૫૮ | ૬૭૭૦૮ | ૭૮.૩૧ |
| ૨ | અરવલ્લી | ભિલોડા | ૨૨૩૦૨૧ | ૧૩૪૬૦૪ | ૬૦.૩૫ |
| | | મેઘરજ | ૧૬૭૧૧૫ | ૬૧૮૯૦ | ૩૭.૦૩ |
| ૩ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૨૧૫૫૯૦ | ૨૦૫૧૨૯ | ૯૫.૧૫ |
| | | ક્વાંટ | ૨૧૦૦૦૨ | ૧૯૬૮૩૩ | ૯૩.૭૩ |
| | | નસવાડી | ૧૫૫૨૬૭ | ૧૩૬૩૫૫ | ૮૭.૮૨ |
| ૪ | મહીસાગર | કડાણા | ૧૨૯૫૪૫ | ૧૦૧૨૯૯ | ૭૮.૨૦ |
| | | સંતરામપુર | ૨૪૩૯૨૨ | ૨૦૭૫૪૨ | ૮૫.૦૯ |
| ૫ | નવસારી | ચિખલી | ૨૪૫૭૨૨ | ૧૬૫૧૧૦ | ૬૭.૧૯ |
| | | ખેરગામ | ૬૪૧૫૫ | ૫૫૦૬૦ | ૮૫.૮૨ |
| | | વાંસદા | ૨૩૧૨૨૮ | ૨૦૯૪૭૪ | ૯૦.૫૯ |
| ૬ | પંચમહાલ | ઘોઘંબા | ૨૧૮૪૬૭ | ૯૦૬૯૪ | ૪૧.૫૧ |
| ૭ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧૩૯૦૮૭ | ૯૧૮૧૭ | ૬૬.૦૧ |
| | | પોશીના | ૧૩૦૨૬૯ | ૧૨૪૭૬૬ | ૯૫.૭૮ |
| | | વિજયનગર | ૧૦૩૮૯૫ | ૮૧૫૦૯ | ૭૮.૪૫ |
| ૮ | સુરત | બારડોલી | ૧૬૩૩૪૩ | ૯૨૮૧૭ | ૫૬.૮૨ |
| | | મહુવા | ૧૪૪૯૦૬ | ૧૧૭૬૭૫ | ૮૧.૨૧ |
| | | માંડવી | ૧૭૭૭૩૫ | ૧૪૫૧૮૩ | ૮૧.૬૯ |
| | | માંગરોળ | ૧૭૯૭૪૯ | ૯૧૮૫૫ | ૫૧.૧૦ |
| | | ઉમરપાડા | ૮૩૭૨૩ | ૮૦૯૮૬ | ૯૬.૭૩ |
| ૯ | વલસાડ | ધરમપુર | ૧૯૧૬૯૪ | ૧૮૬૮૪૭ | ૯૭.૪૭ |
| | | કપરાડા | ૨૫૮૮૮૮ | ૨૫૩૫૧૦ | ૯૭.૯૨ |
| | | પારડી | ૧૬૩૬૪૬ | ૧૦૪૯૧૨ | ૬૪.૧૧ |
| | | વાપી | ૧૨૮૭૭૧ | ૪૪૭૧૦ | ૩૪.૭૨ |
| | | ઉમરગામ | ૨૬૧૨૦૫ | ૧૩૪૬૭૨ | ૫૧.૫૬ |

**નોંધ- ગ્રામ્ય વસ્તીના આંકડા સંબંધિત કલેક્ટરશ્રીઓ તરફથી મળેલા છે.**

# સંપૂર્ણ અને અંશતઃ પેસા વિસ્તાર અમલમાં હોય તેવી જિલ્લા પંચાયતોમાં અનુસૂચિત જનજાતિની બેઠકોની અનામતની વિગતો

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | જિલ્લા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા | તે પૈકી અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો | તે પૈકી અનુસૂચિત જનજાતિ (મહિલા) માટે અનામત બેઠકો |
|---|---|---|---|---|
| ૧ | ડાંગ | ૧૮ | ૧૬ | ૮ |
| ૨ | દાહોદ | ૫૦ | ૩૯ | ૨૦ |
| ૩ | નર્મદા | ૨૨ | ૧૯ | ૧૦ |
| ૪ | તાપી | ૨૬ | ૨૪ | ૧૨ |
| ૫ | અરવલ્લી | ૩૦ | ૭ | ૩ |
| ૬ | ભરૂચ | ૩૪ | ૧૩ | ૬ |
| ૭ | છોટાઉદેપુર | ૩૨ | ૨૬ | ૧૩ |
| ૮ | મહિસાગર | ૨૮ | ૧૧ | ૬ |
| ૯ | નવસારી | ૩૦ | ૧૮ | ૯ |
| ૧૦ | પંચમહાલ | ૩૮ | ૧૦ | ૫ |
| ૧૧ | સાબરકાંઠા | ૩૬ | ૧૦ | ૫ |
| ૧૨ | સુરત | ૪૦ | ૧૯ | ૧૦ |
| ૧૩ | વલસાડ | ૩૮ | ૨૫ | ૧૩ |
| કુલઃ | | ૪૨૨ | ૨૩૭ | ૧૨૦ |

# પેસા વિસ્તાર અમલમાં હોય તેવી તાલુકા પંચાયતોમાં અનુસૂચિત જનજાતિનીબેઠકોની અનામતની વિગતો.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | તે પૈકી અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો | તે પૈકી અનુસૂચિત જનજાતિ (મહિલા) માટે અનામત બેઠકો |
|---|---|---|---|---|---|
| ૧ | ડાંગ | આહવા | ૧૬ | ૧૪ | ૭ |
| | | વઘઇ | ૧૬ | ૧૪ | ૭ |
| | | સુબિર | ૧૬ | ૧૪ | ૭ |
| કુલ: | | | ૪૮ | ૪૨ | ૨૧ |
| ૨ | દાહોદ | દે. બારીયા | ૨૮ | ૧૪ | ૭ |
| | | ધાનપુર | ૨૪ | ૧૭ | ૮ |
| | | દાહોદ | ૩૮ | ૩૬ | ૧૮ |
| | | ફતેપુરા | ૨૮ | ૨૬ | ૧૩ |
| | | ગરબાડા | ૨૪ | ૨૨ | ૧૧ |
| | | ઝાલોદ | ૩૮ | ૩૬ | ૧૮ |
| | | લીમખેડા | ૩૪ | ૨૧ | ૧૧ |
| | | સંજેલી | ૧૬ | ૧૪ | ૭ |
| કુલ: | | | ૨૩૦ | ૧૮૬ | ૯૩ |
| ૩ | નર્મદા | ડેડીયાપાડા | ૨૨ | ૨૦ | ૧૦ |
| | | નાંદોદ | ૧૮ | ૧૩ | ૬ |
| | | સાગબારા | ૧૮ | ૧૬ | ૮ |
| | | તિલકવાડા | ૧૬ | ૯ | ૫ |
| | | ગરૂડેશ્વર | ૧૬ | ૧૪ | ૭ |
| કુલ: | | | ૯૦ | ૭૨ | ૩૬ |
| ૪ | તાપી | નિઝર | ૧૬ | ૧૩ | ૬ |
| | | સોનગઢ | ૨૪ | ૨૨ | ૧૧ |
| | | ઉચ્છલ | ૧૬ | ૧૪ | ૭ |
| | | વાલોડ | ૧૬ | ૧૧ | ૬ |
| | | વ્યારા | ૨૦ | ૧૮ | ૯ |
| | | ડોલવણ | ૧૬ | ૧૪ | ૭ |
| | | કુકરમુંડા | ૧૬ | ૧૩ | ૬ |
| કુલ: | | | ૧૨૪ | ૧૦૫ | ૫૨ |
| ૫ | અરવલ્લી | ભિલોડા | ૨૬ | ૧૬ | ૮ |
| | | મેઘરજ | ૨૨ | ૧૧ | ૬ |
| કુલ: | | | ૪૮ | ૨૭ | ૧૪ |

| ૬ | ભરૂચ | ઝગડીયા | ૨૨ | ૧૪ | ૭ |
|---|---|---|---|---|---|
| | | વાલીયા | ૧૬ | ૧૩ | ૭ |
| | | નેત્રંગ | ૧૬ | ૧૪ | ૭ |
| કુલ: | | | ૫૪ | ૪૧ | ૨૧ |
| ૭ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૨૬ | ૨૪ | ૧૨ |
| | | કવાંટ | ૨૬ | ૨૪ | ૧૨ |
| | | નસવાડી | ૨૨ | ૧૯ | ૧૦ |
| કુલ: | | | ૭૪ | ૬૭ | ૩૪ |
| ૮ | મહિસાગર | કડાણા | ૨૦ | ૧૫ | ૮ |
| | | સંતરામપુર | ૨૮ | ૨૪ | ૧૨ |
| કુલ: | | | ૪૮ | ૩૯ | ૨૦ |
| ૯ | નવસારી | ચીખલી | ૨૮ | ૧૯ | ૯ |
| | | ખેરગામ | ૧૬ | ૧૪ | ૭ |
| | | વાંસદા | ૨૮ | ૨૫ | ૧૩ |
| કુલ: | | | ૭૨ | ૫૮ | ૨૯ |
| ૧૦ | પંચમહાલ | ઘોઘંબા | ૨૬ | ૧૩ | ૬ |
| કુલ: | | | ૨૬ | ૧૩ | ૬ |
| ૧૧ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૨૦ | ૧૩ | ૭ |
| | | પોશીના | ૨૦ | ૧૭ | ૯ |
| | | વિજયનગર | ૧૮ | ૧૪ | ૭ |
| કુલ: | | | ૫૮ | ૪૪ | ૨૩ |
| ૧૨ | સુરત | બારડોલી | ૨૨ | ૧૩ | ૬ |
| | | મહુવા | ૨૦ | ૧૬ | ૮ |
| | | માંડવી | ૨૪ | ૨૦ | ૧૦ |
| | | માંગરોળ | ૨૪ | ૧૨ | ૬ |
| | | ઉમરપાડા | ૧૬ | ૧૫ | ૮ |
| કુલ: | | | ૧૦૬ | ૭૬ | ૩૮ |
| ૧૩ | વલસાડ | પારડી | ૨૨ | ૧૪ | ૭ |
| | | ઉમરગામ | ૩૦ | ૧૫ | ૮ |
| | | ધરમપુર | ૨૪ | ૨૨ | ૧૧ |
| | | કપરાડા | ૩૦ | ૨૮ | ૧૪ |
| | | વાપી | ૨૦ | ૭ | ૪ |
| કુલ: | | | ૧૨૬ | ૮૬ | ૪૪ |

# પેસા તાલુકા પંચાયતોમાં અનુસૂચિત જનજાતિની તારીજ

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકા પંચાયતની કુલ બેઠકો | તે પૈકી અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો | તે પૈકી અનુસૂચિત જનજાતિ (મહિલા) માટે અનામત બેઠકો |
|---|---|---|---|---|
| ૧ | ડાંગ | ૪૮ | ૪૨ | ૨૧ |
| ૨ | દાહોદ | ૨૩૦ | ૧૮૬ | ૯૩ |
| ૩ | નર્મદા | ૯૦ | ૭૨ | ૩૬ |
| ૪ | તાપી | ૧૨૪ | ૧૦૫ | ૫૨ |
| ૫ | અરવલ્લી | ૪૮ | ૨૭ | ૨૪ |
| ૬ | ભરૂચ | ૫૪ | ૪૧ | ૨૧ |
| ૭ | છોટાઉદેપુર | ૭૪ | ૬૭ | ૩૪ |
| ૮ | મહિસાગર | ૪૮ | ૩૯ | ૨૦ |
| ૯ | નવસારી | ૭૨ | ૫૮ | ૨૯ |
| ૧૦ | પંચમહાલ | ૨૬ | ૧૩ | ૬ |
| ૧૧ | સાબરકાંઠા | ૫૮ | ૪૪ | ૨૩ |
| ૧૨ | સુરત | ૧૦૬ | ૭૬ | ૩૮ |
| ૧૩ | વલસાડ | ૧૨૬ | ૮૬ | ૪૪ |
| કુલ: | | ૧૧૦૪ | ૮૫૬ | ૪૪૧ |

**નોંધ:- ડીસેમ્બર-૨૦૧૫ માં થયેલ તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણીની સ્થિતિ**

### ૬. ગૌણ વન પેદાશ

૧. આદિવાસી વિસ્તારમાં ગામની હકૂમતમાં આવેલા હોય તેવા વનવિસ્તારમાંથી મળતી ગૌણ વન પેદાશો ગ્રામ પંચાયતમાં નિહિત થશે. આમાં રાષ્ટ્રીય ઉપવનો અને અભયારણ્યના વિસ્તારો સિવાયના વન વિસ્તારોનો જ સમાવેશ થાય છે. એટલે કે રાષ્ટ્રીય ઉપવનો અને અભયારણ્યોમાંથી મળતી ગૌણ વન પેદાશો ગ્રામ પંચાયતમાં નિહિત થશે નહિ.

૨. ગૌણ વન પેદાશોના વેચાણમાંથી થતી આવક ગામના ફંડમાં ભરવાની થશે. એટલે કે તે આવક ગામના ફંડનો ભાગ બનશે.

૩. વન વિસ્તારની જમીન ગ્રામ પંચાયતમાં નિહિત થતી નથી.

૪. ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ-૧૯૭૯માં જેને ગૌણ વન પેદાશો ગણવામાં આવી છે. તે ગૌણ વન પેદાશોનો સમાવેશ થાય છે. આ તમામ ગૌણ વન પેદાશો પર હવે ગ્રામ પંચાયતોની માલિકી પ્રસ્થાપિત થાય છે.

૫. ગુજરાત સરકારના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ઓક્ટોબર-૧૯૯૯માં ઉચ્ચ કક્ષાના અધિકારીઓની એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિએ ગૌણ વન પેદાશોની ઉપજની આવક એકત્રિત કરવા અંગેની કામગીરી સરળતાથી પંચાયતો બજાવી શકે તે માટે વ્યવસ્થા ગોઠવવા, તકેદારી રાખવા અને સંકલન કરવા અંગેના નિર્ણયો લેવા માટે તાલુકા પંચાયત કક્ષાએ અને ગ્રામ પંચાયત કક્ષાએ સમિતિઓ રચવા ભલામણ કરી હતી. તેથી રાજ્ય સરકારે તા.૩-૧-૨૦૦૦ ના રોજ ઠરાવ કરીને ગ્રામ પંચાયત કક્ષાએ આવી સમિતિની રચના કરવાનું ઠરાવ્યું હતું. આથી ગ્રામ પંચાયત કક્ષાએ જે સમિતિ હોય છે તેમાં નીચે મુજબના સભ્યો હોય છે:

(૧) સરપંચ

(૨) અધ્યક્ષ, સામાજિક ન્યાય સમિતિ - સભ્ય

(૩) સ્થાનિક અનુસૂચિત જનજાતિના પ્રતિનિધી - સભ્ય

(૪) પ્રમુખ, વન વિકાસ સમિતિ - સભ્ય

(૫) તલાટી - કમ મંત્રી - સભ્ય

(૬) સ્થાનિક બિટ ગાર્ડ/ફોરેસ્ટર - સભ્ય સચિવ

આ સમિતિનું કાર્યક્ષેત્ર અને મુખ્ય મથક ગ્રામ કક્ષાએ રહે છે. આ સમિતિએ નીચે મુજબનાં કાર્યો કરવાના હોય છે.

(૧) ગૌણ વન પેદાશ એકત્રિત કરાવવી અને ઋતુ સિવાયના સમયમાં વનની સાચવણી કરવી.

(૨) સ્થાનિક કક્ષાએ કામગીરીનું સંકલન કરવું.

(૩) ગૌણ વન પેદાશો ગોદામ પર પહોંચ્યા પછી સુરક્ષિત રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૪) નકામા ભાગ કાપી નાખવાની કામગીરી યોગ્ય રીતે થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૫) જંગલ ખાતાના સ્થાનિક કર્મચારીઓનો સહયોગ મેળવી સંકલન કરવું.

(૬) સ્થાનિક જંગલોને ખોટું નુકસાન ના થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૭) ગૌણ વન પેદાશોને એકત્રિત કરનારા સ્થાનિક લોકોને મહેનતાણાની ચૂકવણી સમયસર થાય અને યોગ્ય દરે થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૮) ગુજરાત ગૌણ વનપેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯ અન્વયે જેમને ગૌણ વનપેદાશો ગણવામાં આવે છે અને જેમની ખરીદ કિંમત ગુજરાત સરકારનો વન અને પર્યાવરણ

વિભાગ નક્કી કરે છે તે ગૌણ વનપેદાશોની યાદી નીચે મુજબ છે.

૧. ટીમરૂ પાન
૨. મહુડાના ફુલ
૩. ડોળી(વાંસદા પ્રોજેક્ટ),ડોળી (અન્ય પ્રોજેક્ટ), ડોળી, કાળી
૪. કડાય ગુંદર
૫. ધાવડા ગુંદર
૬. બાવળ ગુંદર સુપર ગ્રેડ, બાવળ ગુંદર ગ્રેડ-૧(ખેડાવિસ્તાર), બાવળ ગુંદર ગ્રેડ-૧, (રાજપીપળા વિસ્તાર), બાવળ ગુંદર અનગ્રેડેડ
૭. મોયના ગુંદર
૮. સલાઇ ગુંદર
૯. ગૂગળ સુપર ગ્રેડ, ગૂગળ ગ્રેડ-૧, ગૂગળ ગ્રેડ-૨, ગૂગળ ગ્રેડ-૩, ગૂગળ છાંડી
૧૦. ગાંડા બાવળ ગ્રેડ-૧, ગાંડા બાવળ ગ્રેડ-૨
૧૧. ગોરડ ગુંદર
૧૨. ખેર ગુંદર સુપર, ખેર ગુંદર
૧૩. ખોખર ગુંદર

ગૌણ વનપેદાશની માલિકી પંચાયતને મળે છે પણ જમીન-ઝાડની માલિકી તેને મળતી નથી, ગામની હદમાં આવેલ જંગલ એટલે જે વિસ્તાર ગામ પંચાયતની હદમાં હોય તે વિસ્તારનાં રાષ્ટ્રીય ઉપવનો અથવા અભયારણ્ય સિવાયનો વન-વિસ્તાર (કલમ ૧૦૮(૫) પંચાયતધારો સુધારો)

### ૭. ગ્રામ સભાના અધિકારોઃ-

(૧) પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા) બાબત અધિનિયમ, ૧૯૯૬ના હેતુઓ સિદ્ધ કરવા માટે, ગામ (રાષ્ટ્રીય ઉપવન અથવા અભયારણ્યના વિસ્તારની અંદર આવતા ક્ષેત્ર સિવાય)ની હકૂમતની અંદર આવતા વન-વિસ્તારમાં મળતી ગૌણ વન પેદાશ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૦૮ પ્રમાણે ગ્રામ પંચાયતમાં નિહિત થશેઃ

પરંતુ આ પેટા-નિયમનું અર્થઘટન એવું નથી થતું કે અહીં આમાં ઉલ્લેખલ વન જમીન, ગ્રામ પંચાયતમાં નિહિત થશે.

(૨) ગૌણ વન પેદાશો એકત્રિત કરનારાઓ, તેમણે એકત્રિત કરેલી ગૌણ વન પેદાશો તેઓ ઈચ્છે તે રીતે વેચવા માટે સ્વતંત્ર રહેશે. તેમ છતાં, તેઓ પર્યાપ્ત કિંમત મેળવે અને મધ્યસ્થીઓ અથવા આડતિયાઓ દ્વારા તેમનું શોષણ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, આ મતલબના ગ્રામ સભાના ઠરાવ પછી, સરકાર દ્વારા કિંમત નક્કી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, એકત્રિત કરનારાઓએ વેચાણ માટે એકત્રિત કરેલ ગૌણ વન પેદાશોને, સરકારે નક્કી કરેલી કિંમતે ખરીદવા માટે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમને અધિકૃત કરી શકાશેઃ

પરંતુ આવું કરતી વખતે, ખર્ચ બાદ કર્યા પછીનો ચોખ્ખો નફો, સીધેસીધો એકત્રિત કરનારાઓના ખાતામાં જમા થાય તેવું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમે સુનિશ્ચિત કરવું જોઈશે.

### ૮. ગૌણ ખનિજો

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૪-૦૫-૨૦૧૭ ના જાહેરનામા ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો,૨૦૧૭ બહાર પાડવામાં આવ્યા છે. જેમાં નિયમ-૪(૨)(જી) થી અનુસૂચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનીજોના ખોદકામ અને તેના ઉપયોગ માટે ગ્રામસભાની પૂર્વ મંજુરી જરુરી રહેશે.

૨. નિયમ-૪ (૩) (એ) (૧) અને (૨) મુજબ અનુસૂચિત વિસ્તારમાં લીઝની ફાળવણી જાહેર હરાજી દ્વારા કરવામાં આવશે. જે અનુસૂચિત જન જાતિના સ્થાનિક બીડરને કરવામાં આવશે. અને લીઝની તબદીલી પણ અનુસૂચિત જન જાતિના સ્થાનિકોને કરવાની રહેશે.

૩. નિયમ-૨૨ (૫) પ્રમાણે અનુસૂચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનીજોની પરમીટ માટે ગ્રામસભાની પૂર્વ મંજુરી જરૂરી રહેશે.

૪. નિયમ-૩૧ (૧) (એ) પ્રમાણે અનુસૂચિત જનજાતિ (ખાણીયા) ના લોકો જે પરંપરાગત ખાણકામ સાથે સંકળાયેલા છે. તેઓને ખાણ પરવાના આપવામાં પ્રાથમિકતા આપવામાં આવશે.

૫. નિયમ-૩૧ (૨) અનુસૂચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનીજોના પરવાના માટે ગ્રામસભાની પૂર્વ મંજુરી જરુરી રહેશે.

૬. ગૌણ ખનીજો માટે આયોજન કરવાની ગ્રામ સભાની સત્તાઃ-

ગ્રામ સભા, ગૌણ ખનીજોના આયોજન માટે,

(૧) અનુસૂચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનીજોના ખોદકામ અને તેના ઉપયોગ માટે ગ્રામ સભા પૂર્વ ભલામણ જરૂરી રહેશે.

(૨) ભલામણો લેવાના હેતુ માટે, તમામ જરૂરી માહિતી, ગ્રામ સભાને મોકલવી જોઈશે. ગ્રામ સભા, આવી માહિતી મેળવ્યા પછી ત્રણ મહિનાની મુદતની અંદર પોતાના નિર્ણયની જાણ કરશે.

(૩) (રિસોર્સ પ્લાનિંગ અને મેનેજમેન્ટ કમિટિ) (આર.પી.એમ.સી.)ની સલાહ ગ્રામ સભા મુજબ કાર્ય કરશે. રોયલ્ટી ઈન્સ્પેકટર/ ખાણકામ નિરીક્ષક કક્ષાની નીચેનો નહી એવો ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગના અધિકારી આર.પી.એમ.સી. માં પ્રતિનિધિત્વ કરશે.

**વ્યક્તિગત સભ્યો દ્વારા ઉપયોગ :-**

(૧) ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ અનુસાર ખાણ પરવાનો મેળવ્યા પછી, સભ્યો, અનુસૂચિત વિસ્તારોમાં તેમના વ્યક્તિગત ઉપયોગ માટે પરંપરા અનુસાર ગૌણ ખનિજનો ઉપયોગ કરી શકશે.

(૨) ગ્રામ સભા, ખાણકામ પરવાના હેઠળ, પરંપરાગત આવાસોથી અલગ. પાકા ઘરો બનાવવામાં ઉપયોગમાં લેવાતી સ્થાનિક સામગ્રી જેમકે પથ્થર, રેતી વગેરેનો જથ્થો નક્કી કરી શકશે

(૩) ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ,૧૯૫૭ અને તે હેઠળ કરેલા નિયમોની વખતો વખત સુધાર્યા પ્રમાણેની જોગવાઈઓ, અનુસાર કન્શેશન (છૂટછાટ) ધારક પાસે અધિકૃત સત્તાધિકારી દ્વારા મંજૂર કરેલ ખાણકામ યોજના હોવી જોઈશે.

(૪) ગ્રામ સભા આવી ખાણકામ યોજનામાં, કોઇક બાબત કમી કરવા અથવા શરતો ઉમેરવાનું સૂચન કરી શકશે. ખાણકામ યોજનાની મંજૂરી માટેની અરજીની પ્રક્રીયા કરતી વખતે ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગ તે વિચારણામાં લઇ શકશે.

**૯. ગૌણ ખનિજ માટે ખાણ-પટો:-**

(૧) વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ અનુસાર, સક્ષમ સત્તાધિકારી, ગ્રામ સભાની પૂર્વભલામણો લીધા પછી, અનુસૂચિત વિસ્તાર હેઠળ આવેલા ગૌણ ખનિજ માટે ખાણ-પટો આપી શકે છે.

(૨) અરજદારે વખતોવખત સુધાર્યા પ્રમાણેના પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ તથા અને પર્યાવરણ અસર મૂલ્યાંકન જાહેરનામા, ૨૦૦૬ સહિતના બહાર પડાયેલા નિયમો અને જાહેરનામાઓની જોગવાઈઓ અનુસાર પર્યાવરણીય મંજૂરી મેળવવાની રહેશે.

(૩) ગ્રામ સભા આવી પર્યાવરણ મંજૂરીમાં કોઈપણ શરતો કમી કરવા અથવા ઉમેરવા સૂચન કરી શકશે. સંબંધિત સત્તામંડળો પર્યાવરણીય મંજૂરી માટેની અરજીની વિચારણા કરતી વખતે ધ્યાનમાં લઈ શકશે.

(૪) અનુસૂચિત વિસ્તારમાં જિલ્લા ખનિજ ફાઉન્ડેશન (ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન) (ડીએમએફ) હેઠળ એકત્રિત કરવામાં આવેલ ફાળાનો માત્ર અનુસૂચિત વિસ્તારોમાં ગુજરાત જિલ્લા ખનિજ ફાઉન્ડેશન નિયમો, ૨૦૧૬ હેઠળ નિયત કરેલ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવશે.

(૫) જિલ્લા ખનિજ ફાઉન્ડેશન (ડીએમએફ) અનુસૂચિત વિસ્તારમાં દરેક ગામમાં થયેલ કામનો વાર્ષિક અહેવાલ ગ્રામ સભાને પૂરો પાડશે.

(૬) અનુસૂચિત વિસ્તારમાં ગેરકાયદેસર ખાણકામની પ્રવૃત્તિના કોઈ અહેવાલો હોય તો, ગ્રામ સભા સક્ષમ સત્તાધિકારીને તેની જાણ કરશે.

(૭) સક્ષમ સત્તાધિકારી આ સદરહુ અહેવાલ સંદર્ભે તપાસ કરી શકશે અને ગ્રામ સભાને લીધેલા પગલાં અંગે જાણ કરી શકશે.

(૮) પ્રવર્તમાન નિયમની કોઈ જોગવાઈઓ અને વખતોવખત સુધાર્યા પ્રમાણેના પર્યાવરણ અસર મૂલ્યાંકન જાહેરનામા, ૨૦૦૬ સહિત, પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ અને તે હેઠળ બહાર પાડેલા નિયમો અને જાહેરનામાની જોગવાઈઓ એકબીજાની વિરોધી હોય તે કિસ્સામાં પછીથી અમલી બનેલી જોગવાઈ પ્રવર્તમાન રહેશે.

### ૧૦. પર્યાવરણ સંરક્ષણઃ-

(૧) ગૌણ ખનીજના વાણિજ્યિક ઉત્પાદનની શકયતા ધરાવતા ગામોમાં, ગૌણ ખનીજોનો વ્યાવસાયિક ઉપયોગ કરવાની પરવાનગી આપતાં પહેલાં, ગ્રામ સભાની પૂર્વ સંમતિ (ભલામણ) મેળવવાની રહેશે.

(૨) સરકાર દ્વારા પર્યાવરણના સંરક્ષણ માટે જો કોઈ શરતો લાદવામાં આવી હોય તો, સંબંધિત સત્તાધિકારીએ, આ સંદર્ભમાં ગ્રામ સભાને સંપૂર્ણ માહિતી પૂરી પાડવી જોઈશે.

(૩) ગ્રામ સભા પર્યાવરણના સંરક્ષણ માટે અન્ય કોઈ શરત લાદવાનું સૂચન કરી શકે છે, જે સંબંધિત અધિકારીએ, પર્યાવરણીય મંજૂરી આપતાં પહેલાં વિચારણામાં લેવી જોઈશે, અને આવી કોઈ શરત ઉમેરવામાં આવી હોય, તો તે માત્ર સરકાર જ હળવી કરી શકશે.

(૪) ખાણકામ યોજના, ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ અનુસાર તૈયાર કરવામાં આવશે. આવી યોજના (પ્લાન)માંઃ

(ક) આગામી પાંચ વર્ષ માટે ખોદકામ માટે વાર્ષિક કાર્યક્રમ.

(ખ) ખાણ બંધ યોજના.

(ગ) પર્યાવરણીય અસરો હળવી કરવી જેમાં, ઉપલી જમીન દૂર કરી ઉપયોગ કરવો, નકામા પથ્થરો પર કચરાનો સંગ્રહ, જમીન સુધારણા અને નવપ્રાપ્તિ, હવા પ્રદૂષણ સામે સાવચેતી, ગંદા પાણીનો નિકાલ, ઘોંઘાટ સામે સાવચેતી, વનસ્પતિ અને જીવસૃષ્ટિનું પુનઃસ્થાપન અને જળ વ્યવસ્થાપન વગેરે-નો સમાવેશ થાય છે.

(૫) પ્રવર્તમાન નિયમની કોઈ જોગવાઈ, વખતોવખત સુધાર્યા પ્રમાણેના ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ અને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા તે હેઠળ અધિનિયમિત કરાયેલા નિયમોની કોઈ જોગવાઈથી વિરોધી હોય, તો પછીથી અમલી કરાયેલી જોગવાઈ પ્રવર્તમાન રહેશે.

### ૧૧. ગૌણ ખનીજોના લાભપ્રદ ઉપયોગ માટે હરાજીથી પરવાનગી આપવા બાબતઃ-

(૧) યોગ્ય અને પારદર્શક ભાડાપટા (લીઝ)ની ફાળવણી સુનિશ્ચિત કરવા માટે, ગૌણ ખનીજો માટે ખાણકામ પટ્ટાની હરાજી ફક્ત ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી કરવી જોઈશે.

(૨) અનુસૂચિત વિસ્તારોમાં, ખાણકામ, ફક્ત અનુસૂચિત જન જાતિના લોકોને અને તે વિસ્તારમાં રહેતા સ્થાનિક વ્યક્તિઓને જ ફાળવવો જોઈશે.

(૩) ગ્રામ સભા પાસેથી ભલામણો મેળવ્યા પછી જ, હરાજીની પ્રક્રિયા પછી, ખાણકામ પટ્ટો આપવામાં આવશે.

(૪) પેટા-નિયમ (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સંસાધનની હરાજીના વાજબી પ્રયાસો કર્યા પછી પણ, હરાજીની પ્રક્રિયા નિષ્ફળ રહે તો, ખાણ ખનીજ છૂટછાટના પ્રવર્તમાન નિયમો હેઠળ નિયત કર્યા પ્રમાણે, તે વિસ્તાર અન્ય લોકોને ભાગ લેવા માટે ખુલ્લો રાખવામાં આવશે.

**પેસા નિયમો - ૨૦૧૭**

તા.૧૯.૦૧.૨૦૧૭ના રોજ આદિવાસી વિસ્તારોમાં યોજાયેલા વનબંધુ કલ્યાણ મેળામાં આદિજાતિ વિસ્તારોની ગ્રામ પંચાયતો અને ગ્રામસભાઓને વિશેષ અધિકારો આપતા ગુજરાત રાજ્ય પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ હેઠળના પેસા (પંચાયત એક્ષ્ટેન્શન ટુ ધી શિડ્યુલ્ડ એરિયાઝ) નિયમો – ૨૦૧૭ના અમલનો પ્રારંભ કરાવેલો. આ પેસા એક્ટના અમલથી રાજ્યના આદિજાતિ તાલુકાઓની ગ્રામ પંચાયતો હેઠળની ગ્રામસભાઓને ગૌણ વન પેદાશો અને ખનીજો સહિત વિકાસ માટેના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ લેવાનો વિશેષ અધિકાર પ્રાપ્ત થયો છે.

રાજ્ય સરકારે આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે જેમાં સમયાનુસાર સુધારા થતાં રહે છે. પેસા નિયમોને વધુ સુલભ્ય બનાવવા માટે વર્ષ ૨૦૧૭માં તેમાં થોડા સુધારા કરવામાં આવ્યા. જેના થકી વધુ ને વધુ લોકોને તેનો મહત્તમ લાભ મળી શકશે.

- આદિજાતિ વિસ્તારોના ગામોની ગ્રામસભાઓને જે-તે વિસ્તારમાં થતી ગૌણ વન પેદાશો ઉપર સ્થાનિક સ્તરે હક્ક-અધિકાર રહેશે.
- ગૌણ ખનીજોના ઉપયોગ અને વેચાણ તેમજ નફાના વિતરણના સ્થાનિક સ્તરે હક્ક - અધિકાર અપાયા.
- તેને લગતા કોન્ટ્રાક્ટ મેળવવાના સ્થાનિક લેવલે હક્ક - અધિકાર અપાયા.
- પોતાના ઉપયોગ માટે વન પેદાશોનો વપરાશ કરવાના સ્થાનિક સ્તરે હક્ક અપાયા.
- જે - તે તાલુકામાં મળતી ગૌણ ખનીજોની આવકના આદિજાતિ વિકાસ માટે વપરાશના સ્થાનિક લેવલે હક્ક-અધિકાર.
- જમીન મહેસૂલી કાયદાની કલમ ૭૩-એ-એ અનુસાર મંજૂરી સ્થાનિક લેવલે અધિકાર એનાયત થયાં.
- જમીન સંપાદનમાં ગ્રામસભાના અનિવાર્ય પરામર્શના સ્થાનિક લેવલે હક્ક અપાયા.
- ગામ માટે અલાયદું સુરક્ષાદળ બનાવવા સ્થાનિક કક્ષાએ હક્ક-અધિકાર અપાયા.
- ક્વોરી હેતુ લીઝ માટે સ્થાનિક આદિજાતિ અને નિવાસીઓ પ્રદાન કરવાના સ્થાનિક લેવલે હક્ક આપવામાં આવ્યા.
- વ્યસનમુક્ત સમાજની રચના કરવા માટે નિર્ણયો લેવાના હક્ક સ્થાનિક સ્તરે અપાયા.

આ કાયદાના અમલથી આદિજાતિ સમાજમાં નોંધપાત્ર સુધારાઓ આવશે. આવનારો સમય તેઓની પ્રગતિ માટે સૂચક રહેશે. રાજ્ય સરકાર પંચાયતી રાજને સુદ્રઢ બનાવવા સમયાંતરે મજબૂત નિર્ણયો લઈ પંચાયતીરાજમાં નિષ્ઠા સાબિત કરે છે. પેસા એક્ટના સફળ અમલીકરણ માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા પણ તેઓના કાયદાઓ તથા નિયમોમાં જરૂરી ફેરફાર કરવામાં આવ્યા છે.

# અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભા

રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૭૮-ક થી ગ્રામસભા માટે કલમ-૪ ને બદલે નીચેની કલમ મૂકવામાં આવેલી છે.

કલમ-૪ (૧) આ અધિનિયમથી અથવા તે હેઠળ જોગવાઈ કરી હોય તેવા કાર્યો કરવા માટે ગામ માટે એક ગ્રામસભા હોવી જોઈશે.

(૨) ગ્રામસભા, તે ગામના મતદાર વિભાગના મતદારોની યાદીમાં જેમના નામો સમાવિષ્ટ કર્યા હોય તેવી વ્યકિતઓની તે બનશે.

(૩) ગ્રામસભા નીચેના વધારાના કાર્યો કરશે.

(ક) ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો તેમના સાંસ્કૃતિક ઓળખ, સામુહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢીગત રીતે સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવો.

(ખ) ગ્રામસભા

(૧) સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામ પંચાયત અમલ હાથ ધરે તે પહેલા એવી યોજનાઓ કાર્યકરો અને પરિયોજનાઓ મંજૂર કરવી જોઈશે.

(૨) ગ્રામમાં ગરીબી નિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળ હિતાધિકારી તરીકે વ્યકિતઓની ઓળખ અથવા પસંદગી માટે તે જવાબદાર રહેશે.

૧. ગ્રામ સભાએ સામૂહિક સંસાધનો સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવાનો રહેશે.

૨. ગ્રામ સભાએ સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓને મંજૂરી આપવાની છે. એ પછી જ ગ્રામ પંચાયત તેમનો અમલ કરશે.

૩. ગામમાં ગરીબી નિવારણના કાર્યક્રમો અને બીજા કાર્યક્રમોનો લાભ કોને મળે તે નક્કી કરવાનું કામ ગ્રામ સભા કરશે.

૪. કોઈ પણ યોજના, કાર્યક્રમ કે પરિયોજના માટે ગામ ફંડના ઉપયોગ માટેનું પ્રમાણપત્ર ગ્રામ પંચાયતે ગ્રામ સભા પાસેથી મેળવવું પડશે.

**અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભા બોલાવવા અંગેની નિયમોની જોગવાઇઓ આ પ્રમાણે છે :**

(૧) ગ્રામસભાની સાધારણ બેઠકો સંબંધે વર્ષમાં ત્રણ વાર ગ્રામ સભા મળશે. અને દરેક ગ્રામ સભામાં ઓછામાં ઓછા ચાર માસ કરતા વધુ ગાળો રહેશે નહી.

(૨) દર વર્ષે નાણાકીય વર્ષમાં પ્રથમ સાધારણ સભા વર્ષ શરૂઆતના બે મહિનાની અંદર યોજવી. દા.ત. નાણાકીય વર્ષ પહેલી એપ્રિલથી શરૂ થાય એટલે એપ્રિલ / મે મહિનામાં આ કામગીરી પૂર્ણ કરવી.

(૩) ગ્રામસભાની અસાધારણ સભા, માટે ગ્રામ સભાની સામાન્ય બેઠકમાં નક્કી કરવામાં આવી હોય, પંચાયત સક્ષમ એવી કોઈ દરખાસ્ત હોય જેમાં ગ્રામ સભાનો ઠરાવ જરૂર હોય. તાલુકા-જિલ્લા પંચાયતએ એવું કરવા આદેશ કરેલ હોય અગર ગ્રામ સભાના કૂલ સભ્યોના ઓછામાં ઓછા ૫ ટકા સભ્યો અથવા ૨૫ સભ્યો જે બેમાંથી વધારે હોય તેમણે લેખિત માંગણી કરેલ હોય ત્યારે ખાસ ગ્રામ સભા બોલાવી શકાય છે. (નિયમ ૪૬)

**(૪) ગ્રામ સભાની બેઠકની નોટીસ :**

ગ્રામ પંચાયત સેક્રેટરી સરપંચ સાથે વિચાર વિનિયમ કર્યા બાદ સાધારણ સભાની બેઠકની તારીખથી નકકી કર્યા બાદ આવી નોટીસ ઓછામાં ઓછી સાત દિવસ પહેલા આપવી જોઈએ. અને અસાધારણ બેઠકના કિસ્સામાં બેઠકની તારીખથી ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા આપવી જોઈએ.

**(૫) ગ્રામ સભાની બેઠકનો સમય, સ્થળ અને કાર્યરીતિ (એજન્ડા) :**

પંચાયતના સેક્રેટરી, સરપંચ સાથે વિચાર વિનિમય કર્યા બાદ એજન્ડા તૈયાર કરવામાં આવશે. આવી બેઠક સામાન્યતઃ પંચાયતની કચેરી અથવા ગામની ચાવડી અથવા ચોરામાં અથવા ગામમાં કોઈ અનુકૂળ સ્થળે સરપંચ નક્કી કરે તેવા સ્થળે તારીખ, સમયે મળશે.

**(૬) ગ્રામ સભાની બેઠકની નોટીસની પ્રસિદ્ધિની રીત :**

ગ્રામ સભાની બેઠકની નોટીસ ગામના દરેક વોર્ડમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે જેવા કે, દૂધ મંડળી, સેવા સહકારી મંડળી, ધાર્મિક સ્થળે, બસ સ્ટેશન, ગ્રામ પંચાયતના નોટીસ બોર્ડ, ગામમાં સહેલાઈથી દેખાઈ શકે તે ઉપર પ્રસિદ્ધ કરવી / ચોંટાડવી જોઈશે. તથા બેઠકની તારીખથી તરત પહેલાના દિવસે ગામમાં દાંડી, ઢોલ, લાઉડ સ્પીકર પર જાહેરાત કરી શકાય. અગર ગામે ચેનલ હોય તો વિના મૂલ્યે પ્રસાર કરવા જણાવી શકાય. તેમજ વિના મૂલ્યે સ્થાનિક છાપા, ચોપાનિયા જે કોઈ ચાલતા હોય તો સમાચાર તરીકે પ્રસિદ્ધ કરી શકાય. આ અંગે કોઈ ખર્ચ કરી શકાશે નહી.

**(૭) ગ્રામસભાના અધ્યક્ષી અધિકારી :**

ગ્રામસભાના અધ્યક્ષ તરીકે સરપંચ અથવા ઉપસરપંચ અથવા ગ્રામસભાના સભ્યોમાંથી ચૂંટાયેલા સભ્ય ગ્રામસભાના અધ્યક્ષ થઈ શકશે.

**(૮) ગ્રામ સભાનું કોરમ :**

ગામના મતદારોની યાદીમાં સભાવેશ કરેલા વ્યક્તિઓની કુલ સંખ્યાના ૧૦ ટકા, અથવા આવી ૫૦ વ્યક્તિઓ અથવા બે માંથી જે ઓછી હોય તેટલી સંખ્યાથી જેમાં ઓછામાં ઓછી ૧/૩ સ્ત્રી મતદાર હોય ત્યારે જ ગ્રામ સભાનું કોરમ થયેલું ગણાશે. આ અંગે નિયમ ૫૮ માં જોગવાઈ કરેલી છે.

**(૯) ગ્રામ સભાની બેઠકની જાણ પદાધિકારીઓને કરવા બાબત**

ગ્રામસભા ની બેઠકની જાણ તાલુકાના પ્રમુખશ્રીને, તાલુકા વિકાસ અધિકારીશ્રીએ અધિકૃત કરેલા અધિકારી / કર્મચારીને, ગામ જે તાલુકા મતદાર મંડળ, જિલા મતદાર મંડળમાં હોય તેમાં ચૂંટાયેલા તાલુકા / જિલ્લા પંચાયતના સભ્યોને તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના અને પંચાયત કર્મચારી જેવા કે ગ્રામ સેવક, સહકારી મંડળીના સેક્રેટરી, પ્રાથમિક અથવા માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક, આરોગ્ય કાર્યકર, મહિલા આરોગ્ય કાર્યકર અથવા વિવિધલક્ષી આરોગ્ય, કાર્યકર મહિલા મંડળ, સખી મંડળ, મહિલા સોસાયટીઓના

સમાજિક  અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ હાજર રહેતો વાંધો નહી. પણ તેમને મત આપવાનો અધિકાર નથી.

સંજોગવસાત, રાજયના મંત્રીશ્રી, પ્રભારી સચિવશ્રીઓ, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી હાજર રહે તો તેમનો વાંધો લેવાનો નથી, અને તેઓ તેમના વિચારો, એજન્ડા પરના કામ ઉપર આપી શકે છે.

**(૧૦) ગ્રામ સભા ના એજન્ડા (કાર્ય સૂચિ) :**

નિયમ-૬ થી નક્કી કરેલ છે. ગામે ચાલતા તમામ વિકાસના કામો તથા ૧૪મા નાણાપંચના કામો કે જેનું સામાજિક ઓડિટ કરાવવું જરૂરી છે તેથી તેની પણ અવશ્ય ચર્ચા કરવી અને ઠરાવ કરવો અને ગ્રામસભાના સૂચનો પણ ધ્યાને લેવા.  કામ યોગ્ય પ્રકારે થયેલ છે તેનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી લેવું.

**(૧૧) ગ્રામ સભામાં સભ્યોએ પ્રશ્નો પુછવાની પદ્ધતિ :**

ગ્રામસભા લોકશાહીની સર્વોપરી સંસ્થા છે. અને તેના સભ્યોને પ્રશ્ન પુછવાનો હક્ક છે. તે સંજોગોમાં ગ્રામસભા મળવાની હોય તેના નિયત તારીખ પહેલા ઓછામાં ઓછા પાંચ દિવસ અગાઉ લેખિતમાં પ્રશ્નો સરપંચ અથવા તલાટી કમ મંત્રીને અગાઉથી મોકલવાના હોય છે, પ્રશ્નો પુછવા અંગેની કાર્યપદ્ધતિ મોટે ભાગે સામાન્ય રીતે , તાલુકા / જિલ્લા પંચાયતમાં હોય છે. તે જ પદ્ધતિ છે. પ્રશ્નો ગામના સ્થાનિક વિકાસને લગતા પ્રશ્નો બાબતે હોવા જોઈએ, તેમજ પ્રશ્નોમાં કોઈ કર્મચારી અધિકારીની ચારીત્ર બાબતનો સમાવેશ ના હોય, પ્રશ્નોમાં કાયદાના અર્થઘટન બાબતના ના હોય વિગેરે બાબતે સરકારશ્રીએ તા.૧૭/૦૧/૨૦૧૫થી બહાર પાડેલા નિયમોનો ખાસ અભ્યાસ કરવો જોઈએ. આવા સમયે નિયમોમાં કરેલી જોગવાઈને અનુસરવાનું રહેશે.

**(૧૨) ગ્રામ સભામાં ઠરાવ મુકવાની જોગવાઈ :**

ગ્રામ સભાનો મતદાર (સભ્ય) નિયમોને આધીન કોઈ ઠરાવ રજૂ કરવા માંગતો હોય તો તે ઠરાવનો મુસદ્દા માટે પાંચ દિવસ અગાઉ પોતે અને પોતાના ઓછામાં ઓછા ૧૦ (ગ્રામ સભાના મતદારો) સભ્યોની ટેકાવાળી સહીવાળો ઠરાવ અગાઉથી સરપંચ/તલાટી કમ મંત્રીને આપી શકે. ઠરાવ કેવો હોવો જોઈએ તે અંગે નિયમ – ૫૫ માં જોગવાઈ કરવામાં આવી છે. તે અનુરૂપ ઠરાવ હોવો જોઈએ. તેમજ ઠરાવ હંમેશા હકારાત્મક સ્વરૂપનો હોવો જોઈએ. તેનાથી કોઈ નકારાત્મક અસર ઊભી થવી ન જોઈએ. અને ઠરાવ નિશ્ચિત અને ચોક્કસ પ્રશ્ન હોવો જોઈએ જેનો હેતુ કોઈ પરિણામ મેળવવાનો હોવો જોઈએ.

(૧૩) ગ્રામસભાની બેઠકમાં ઘણીવાર સભ્યો ધાંધલ, ધમાલ, અગર સભામાં અડચણ, અવ્યવસ્થા ઊભી કરતાં હોય છે આવા અડચણ કરતા સભ્યોને સભામાંથી બહાર કાઢી મૂકવાની સત્તા સભાના અધ્યક્ષશ્રી અધિકારીશ્રીને છે.

**(૧૪) બેઠકની કાર્યવાહી નોંધ :** આ ખૂબજ અગત્યની બાબત છે. ગ્રામ સભાની બેઠકની કાર્યવાહી નોંધ પાકાપુંઠામાં ગુજરાતીમાં અને સ્વચ્છ અને સુઘડ અક્ષરે લખાવી જોઈએ તથા દરેક ઠરાવની નીચે બહુમતી, વધુમત કે કેટલા મત વિરૂદ્ધ કેટલા મતે થયા છે. તેનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. આ કાર્યવાહી નોંધ યોગ્ય સમય માટે ગ્રામ પંચાયત કક્ષાએ સઘળા મતદારો જોઈ શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

# પંચાયત વિભાગની યોજનાઓ

# સરદાર પટેલ આવાસ યોજના

ગ્રામ્ય વિસ્તારમાં વસતા ઘર વિહોણા કુટુંબોને પાકું મકાન આપવા માટેની યોજના.

- યોજનાની શરૂઆત તા.૦૧-૦૪-૧૯૯૭ થી સહાય રૂા.૨૦,૦૦૦/-
- સરકારી સહાય તા.૧૨-૦૮-૨૦૧૦ થી રૂા.૪૫,૦૦૦/-
- પ્રથમ હપ્તો મંજૂરીના હુકમ સાથે એડવાન્સ રૂા.૨૧,૦૦૦/-
- બીજો હપ્તો લીંટલ લેવલે રૂા.૧૫,૦૦૦/-
- ત્રીજો હપ્તો બાંધકામ પૂર્ણ થયે રૂા.૯,૦૦૦/-
- લાભાર્થીએ પોતાની માલિકીના પ્લોટ પર જાતે મકાન બાંધકામ કરવાનું હોય છે.
- બી.પી.એલ યાદીનાં ૦ થી ૧૬ કેટેગરીનાં તમામ ઘર વિહોણા કુટુંબોને વિવિધ આવાસ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.
- બી.પી.એલ. યાદીનાં ૧૭ થી ૨૦ના મોટા ભાગના લાભાર્થીઓને ઝુંબેશ સ્વરૂપે પૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા છે.
- તા.૦૮-૦૮-૨૦૧૩નાં ઠરાવથી ૧૭ થી ૨૦નાં સ્કોર ધરાવતા બી.પી.એલ લાભાર્થીઓને પણ ઈન્દિરા આવાસ યોજના હેઠળ સમાવાયા.
- આ યોજના હેઠળ પ્લોટ ફાળવણી માટે જમીન સંપાદન કરવાની તેમજ માળખાકીય સુવિધા જેવી કે પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, આંતરિક રોડ, વીજળીકરણ જેવી સુવિધાઓ આપવાની પણ જોગવાઈ કરવામાં આવે છે.

# સરદાર આવાસ યોજના-૨

## (બી.પી.એલ. સિવાયના ગુણાંકના કાચા આવાસ ધરાવતા કુટુંબોને આવાસ)

વર્ષ ૨૦૧૪-૧૫માં ગરીબ અને મધ્યમ વર્ગના કાચા આવાસ ધરાવતા કુટુંબોને સાંકળી લઈ પ્રથમ તબક્કામાં બીપીએલ સિવાયના ૨૧ થી ૨૮ ગુણાંક ધરાવતા કુટુંબોને પાકુ આવાસ મળે તે માટે તા.૧૮/૦૨/૨૦૧૪ થી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

- મકાનની યુનિટ કોસ્ટ એક લાખ સામે સહાય રૂા.૪૦,૦૦૦/-
- પ્રથમ હપ્તો મંજૂરીના હુકમ સાથે રૂા.૧૦,૦૦૦/-
- બીજો હપ્તો લીંટલ લેવલે (ટોઈલેટ સાથે) રૂા.૨૦,૦૦૦/-
- ત્રીજો હપ્તો બાંધકામ પૂર્ણ થયે રૂા.૧૦,૦૦૦/- ચૂકવવામાં આવશે.

# જમીન સંપાદન અને માળખાગત સુવિધા

ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબલક્ષી ગ્રામીણ આવાસન યોજનાઓની વસાહતોમાં પર્યાપ્ત નાણાકીય સાધનોના અભાવે પીવાનું પાણી, ગટરવ્યવસ્થા, સ્વચ્છતા, શેરીની પ્રકાશ વ્યવસ્થા, ઘરોમાં વીજળીકરણ, આંતરિક રસ્તાઓ, એપ્રોચ રોડ વગેરે જેવી પાયાની નાગરિક સુવિધાઓ પૂરી પાડવામાં આવતી ન હતી. જેના કારણે વસાહતીઓ સગવડથી વંચિત રહેતા હતા.

ગરીબલક્ષી ગ્રામીણ આવાસન યોજનાઓની વસાહતોમાં માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તથા જમીન સંપાદન માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે. યોજનામાં સમાવિષ્ટ જમીન સંપાદન અને માળખાકીય સુવિધાઓ અંગેની જોગવાઈ અન્વયે નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

### (અ) ગ્રામીણ આવાસન માટે જમીન સંપાદનઃ-

- ગ્રામીણ આવાસન માટે જમીન ઉપલબ્ધ કરાવવી
- ગ્રામીણ આવાસન યોજના માટે ગામતળ ન હોય તેવા ગામ માટે તેમજ વિવિધ ગ્રામીણ આવાસન યોજના હેઠળ સંકુલ માળખાકીય સુવિધા સાથે પૂરું પાડવાનું થતું હોય તે ગામ માટે ગામતળની જમીન ઉપલબ્ધ કરાવવી.
- જમીનની કિંમત જિલ્લાકક્ષાની મૂલ્યાંકન સમિતિ દ્વારા નકકી કરાવવાની રહેશે.
- તા.૪-૧-૨૦૧૦થી ગ્રામ પંચાયત દીઠ રૂ.૨.૦૦ લાખ (રૂપિયા બે લાખ) ની મર્યાદા વધારીને રૂ.૧૦.૦૦ લાખ (રૂપિયા દસ લાખ)ની મર્યાદામાં તેમ જુદા જુદા વિસ્તારના પ્રવર્તમાન ભાવ મુજબ

### (બ) ગ્રામીણ આવાસન યોજના માટે પાયાની માળખાકીય સુવિધા પૂરી પાડવા અંગેઃ-

- ગ્રામીણ આવાસન યોજના માટે પાયાની માળખાકીય સુવિધા પૂરી પાડવી
- ગામતળ જમીનની ઉપલબ્ધતાના આધારે સંકુલનું આયોજન થાય તેવી નવીન યોજનાને પ્રાથમિકતા
- ગામ ખાતે ગ્રામીણ આવાસન જેવા કે સરદાર આવાસ યોજના વગેરેના હયાત કલસ્ટરને સંકુલમાં ફેરવી પ્રાથમિક સુવિધા પૂરી પાડવી
- આ યોજના હેઠળ ગ્રામ્ય જીવનનું ધોરણ ઊંચું લાવવા માટે માળખાકીય સુવિધા જેવી કે પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, શેરીની પ્રકાશ વ્યવસ્થા, ઘરોમાં વીજળીકરણ, આંતરિક રસ્તાઓ, એપ્રોચ રોડ વગેરેનો સમાવેશ કરવામાં આવશે.
- રાજય સરકારની જુદી જુદી ગ્રામીણ આવાસન યોજનાઓ સરદાર પટેલ આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના વગેરેનો સમન્વય કરવામાં આવે છે.
- એક ગામ માટે રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં સહાય પૂરી પાડી શકાશે પરંતુ જરૂર જણાયે નાણાં પંચની ગ્રાન્ટમાંથી વધુ રૂ.૨.૦૦ લાખ વિકાસ કમિશનરશ્રીની કચેરીની મંજૂરીથી ઉપયોગ કરી શકાશે.
- સંકુલમાં ઓછામાં ઓછા ૧૫(પંદર) આવાસોનું આયોજન કરવાનું રહેશે.
- ૩૦૦૦(ત્રણ હજાર)થી વધુ વસ્તી ધરાવતા ગામોને અગ્રિમતાના ધોરણે તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળ યોગ્ય પ્રમાણમાં લાભ.

# ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના

રાજ્યની ગ્રામપંચાયતોમાં વર્ષ ૨૦૦૩-૦૪ થી શરૂ કરી માર્ચ-૨૦૦૮ સુધીમાં ૧૩૬૮૫ ગ્રામ પંચાયતોમા કોમ્પ્યુટર હાર્ડવેરની ફાળવણી કરી કોમ્પ્યુટર બ્રોડબેન્ડ, વીસેટ, ઈન્ટરનેટ પાવન નેટવર્ક દ્વારા ઈ-સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

મહત્વની સેવાઓ જેવી કે, જન્મ અને મરણનો દાખલો, આકારણી, બી.પી.એલ.યાદી, ૭/૧૨, ૮-અના ઉતારા, કરવેરા ભર્યાની પહોંચ, વીજળી બીલ, જી.એસ.પી.સી.ના ગેસ બીલ, સસ્તા અનાજની કુપનો વિવિધ યોજનાઓ માટેના અરજીપત્રો/ફોર્મ્સ તેમજ ધોરણ-૧૦ અને ૧૨ના રીઝલ્ટ, મોબાઈલ રીચાર્જ વગેરે સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે. G2C અને B2C જેવી સેવાઓ દ્વારા ગામડાઓમાં ઘરઆંગણે સેવાઓ પૂરી પાડવાની યોજના સફળ થઈ રહેલ છે.

ગામના એન.આર.જી./એન.આર.આઈ. સાથે ઈન્ટરનેટના ઉપયોગથી ગ્રામજનો દ્વારા પ્રસંગોપાત વાતચીત અને સંપર્ક થઈ શકે છે. ઈન્ટરનેટ દ્વારા ખેતી વિષયક, આરોગ્ય વિષયક અને રોજગાર વિષયક માહિતી ગ્રામપંચાયત ખાતે ઉપલબ્ધ છે. ગ્રામ પંચાયત ખાતેથી ઈન્ટરનેટ વિડિયો કોન્ફરન્સની સુવિધા છે તથા VOIPની સગવડને કારણે તમામ ગ્રામ પંચાયતો એકબીજા સાથે વિના મૂલ્યે વાત કરી શકે છે.

- વીસેટ બેન્ડવીથ ૨૨ Mbps થી વધારી ૫૧ Mbps કરવામાં આવી છે.
- ભારત સરકારના NOFN પ્રોજેક્ટ અંતર્ગત બધા ગામોને કેબલ કનેક્ટીવીટી આપવાની યોજના હાથ ધરાનાર છે.

તમામ ૩૩ જિલ્લા પંચાયતો અને ૨૪૮ તાલુકા પંચાયતોનું ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્કથી જોડાણ કરવામાં આવેલું છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજ્યના તલાટી કમ મંત્રીઓને કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવી છે. તેમજ ત્રિસ્તરીય પંચાયતી રાજના ચૂંટાયેલા પદાધિકારીશ્રીઓને પણ તાલીમ આપવામાં આવી છે. પંચાયત વિભાગ અને ૩૩ જિલ્લા પંચાયતની વેબસાઈટ તૈયાર કરી GSWAN પર અપલોડ કરવામાં આવી છે.

ઈ-ગ્રામ પંચાયતો ખાતેથી વિવિધ ઈ-સેવાઓ પુરી પાડવા ગ્રામ પંચાયતમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલ અનુસાર ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની નિમણૂંક કરવામાં આવેલી છે. ઈ-ગ્રામ સેન્ટરો સતત કાર્યરત રહે તે માટે ટેકનિકલ તેમજ તાલીમ સપોર્ટ પૂરો પાડવા માટે ટેકનિકલ વ્યક્તિઓનો મેન પાવર સપોર્ટ પૂરો પાડવામાં આવેલ છે.

# ઈ-સેવા સેતુ

- જ્યાં માનવી ત્યાં સુવિધાનો મંત્ર ઈ-સેવા સેતુના માધ્યમથી ચરિતાર્થ થઈ રહ્યો છે
- સરકારી વહીવટી તંત્રના વર્ક કલ્ચરમાં ૩૬૦ ડિગ્રીએ પરિણામલક્ષી બદલાવ આવ્યો છે
- વધુ ૮ હજાર ગ્રામ પંચાયતો ઈ-સેવા સેતુ કાર્યક્રમ હેઠળ આવરી લેવાનું કાર્ય પૂર્ણતાના આરે છે
- આવકનો દાખલો, રેશનકાર્ડ, ગંગા સ્વરૂપા હોવાનું પ્રમાણપત્ર, ૭-૧૨ અને ૮-અ, જાતિના દાખલા જેવી જનહિતલક્ષી સેવાઓ લોકોની આંગળીના ટેરવે ઉપલબ્ધ બની છે
- સમગ્ર દેશમાં ઈ-સેવા સેતુના માધ્યમથી ડિઝિટલાઈઝેશન વિકસાવનારું ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે
- ઈ-સેવા સેતુ કાર્યક્રમના પ્રથમ ચરણમાં ૨ હજાર ગ્રામપચાયતોમાં ૨૨ સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે.
- આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, ૭-૧૨ અને ૮-અના ઉતારા જેવા ૫૬ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો નાગરિકોને તેમના ઘર આંગણે મળે છે
- રાજ્યના છેવાડે વસતા વંચિતો, ગરીબો, આદિવાસીઓના સરકારી દસ્તાવેજો અંગેના પ્રશ્નોનું નિરાકરણ તેમના ઘરના દ્વારે પ્રાપ્ત થયું છે
- આ અભિનવ પ્રયોગથી લોકોને સરકારી દસ્તાવેજો માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવાના બંધ થઈ ગયા છે

# ગરીબ કલ્યાણ મેળા

તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી અને હાલના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પરીકલ્પના મુજબ રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા ગરીબો એટલે કે ગરીબી રેખા નીચે આવરી લેવાયેલા કુટુંબો અને વ્યક્તિઓ માટે, વચેટીયાઓનું વર્ચસ્વ નાબુદ કરવા તેમજ ગરીબોને પુરેપુરો લાભ મળી રહે તે માટે અમલમાં મૂકેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ કે જેમાં જુદા જુદા હેતુ માટે સહાય આપવાની યોજનાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. તે તમામ યોજનાઓના લાભાર્થીઓને એક જ દિવસે તેમને મળવાપાત્ર સહાયો સરકારશ્રીની યોજનાઓની રકમ મળી રહે તે માટે પ્રત્યેક જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરીને જિલ્લાના આવા તમામ લાભાર્થીઓને એક સાથે તેમને મળવાપાત્ર સહાય આપવાના એક નવતર

પ્રયોગને મૂર્તિમંત કરવાના હેતુસર રાજ્ય સરકારે આ કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ હેતુસર અને તેના વહીવટી આયોજન, પ્રચાર પ્રસાર, લાભાર્થીઓને લગતી માહિતી સંકલીત કરવા અને અન્ય વહીવટી ખર્ચ મેળવવાના હેતુસર અલાયદી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે.

# રૂર્બન માળખાકીય સુવિધા

"આત્મા ગામડાનો અને સુવિધા શહેરની"ના મંત્ર સાથે તાલુકા મથકોના ગામો તથા આદિજાતિ વિસ્તારના ૭૦૦૦ થી વધુ વસતી ધરાવતા અને અન્ય ગામોમાં ૧૦,૦૦૦ કે વધુ વસતી ધરાવતા ગામોનો સમાવેશ કરી ૨૫૫ ગામોને રૂર્બન યોજનામાં તબક્કાવાર સમાવેશ કરવાનું આયોજન. જે પૈકી પ્રથમ તબક્કામાં ૭૯ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગામડાને શહેર જેવી સુવિધાઓ પુરી પાડવાનાં લક્ષ્યને નજરમાં રાખીને નીચે મુજબની માળખાકીય સુવિધાઓ ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકસાવવાનું હાથ ધરવાનું આયોજન.

- ગ્રામ્ય અને શહેર વચ્ચેની ખાઈ દૂર કરવા શહેરી વિસ્તારમાં જોવા મળતી દરેક માળખાકીય સુવિધાઓ વિકસાવવા બાબત.
- ગટર, રસ્તા, પીવાના પાણી, વીજળી, વિસ્તાર વિકાસ, શૈક્ષણિક વગેરે શહેર જેવી માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનું તથા હયાત સુવિધાઓને સંગીન બનાવવાનું આયોજન.
- ગ્રામીણ વિસ્તારમાં આઈટીની વિશ્વકક્ષાની સેવાઓ ઉપલબ્ધ, ઈ-ગ્રામ હેઠળ ૧૪૨૯૨ પંચાયતો આવરી લેવામાં આવી છે.
- ૧૪૦૦૬ ગ્રામ પંચાયતોને વી-સેટ આધારિત ઈ-કનેકટ્વીટીથી જોડવાનું શક્ય બન્યું છે.

# સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ યોજના

ગામમાં સફાઇ યોગ્ય રીતે થાય અને સફાઇ પ્રત્યે સભાનતા, જાગૃતિ કેળવી સફાઇનુ ઊંચુ સ્તર લાવી ગ્રામ્ય જીવન સ્તર ઊંચુ લઇ જવા માટે પ્રોત્સાહન રૂપે સફાઇ અને સ્વચ્છતા માટે સહાય આપવામાં આવે તો સહાયનો ઉપયોગ ગામની સ્વચ્છતાની જાળવણી માટે અને સ્વચ્છતાના સાધનો વસાવવા માટે પ્રેરાઇને ગ્રામ પંચાયત પોતાનુ ગામ સ્વચ્છ અને નિર્મળ બનાવે તે હેતુથી પ્રેરાઇને કટિબદ્ધ બને તે માટે સને-૨૦૦૭-૦૮ના વર્ષમાં નવી યોજના અમલમાં મુકવામાં આવી છે.

જેને અગત્યની બાબતમાં ગ્રામ પંચાયતોમાં ગંદકી વાળી જગ્યાઓ જાહેર ગટર લાઇન અને માર્ગો ઉપર દવા છંટકાવવાની કામગીરી હાથ ધરવી. ઉકરડાનું યોગ્ય સ્થાને સ્થળાંતર કરાવવું. અને તે માટે ગામ બહાર જગ્યા નક્કી કરવી. ગ્રામ પંચાયતમાં સફાઇ વેરો દાખલ કરી ગ્રામ સફાઇ વ્યવસ્થા સઘન બનાવવી. ગામમાં આવેલ સ્થાનીક સ્વરાજની સંસ્થાનાં મકાનો, શાળાઓ, પંચાયત ઘર, આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે તમામ સ્થળોએ શૌચાલયનો પ્રબંધ કરાવવો. ગામનાં જાહેર સ્થળોએ સ્વચ્છતા સબંધનાં સુત્રો લખવા, પોસ્ટરો લગાવવા, ગામમાં વ્યક્તિગત અને સામુહિક શૌચાલયની વ્યવસ્થા કરવી, ગ્રામ્ય વિસ્તારમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનનું નિર્માણ કરવું, રહેણાંકનાં સ્થળેથી યોગ્ય અંતરે પશુ જાળવણી સુનિશ્ચિત કરવી.

# મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

- વર્ષ ૨૦૧૪-૧૫ થી શરૂ કરવામાં આવી.
- જેમાં ગ્રામ પંચાયતો સફાઇ ક્ષેત્રે વધુ ચોક્સાઇ પૂર્વક અને આયોજીત રીતે કામગીરી કરી શકે અને ગામના કચરાને ઘરે ઘરે થી એકત્રિત કરી ગામ બહાર નિકાલ કરવા માટે કાર્યવાહી કરી શકે તે માટે વર્ષ ૨૦૧૫-૧૬માં ૫૦૦૦થી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો ના ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરીને એકત્રિત કરવામાં આવેલો કચરો લેન્ડ ફિલ્ડ સાઈટ સુધી લઈ જવા માટે, વ્યક્તિ દીઠ રૂ.૨ ની માસિક સહાય આપાવમાં આવતી હતી. હાલમાં તમામ ગ્રામ પંચાયતોને આવરી લઈ પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ રૂા. ૪ લેખે સહાય આપવામાં આવે છે.

# સમરસ ગ્રામ પંચાયત યોજના

- ‘વાદ નહીં વિવાદ નહીં પરંતુ સંવાદ’ દ્વારા એકસાથે બેસીને ગામોની સુવિધા તથા અન્ય બાબતોને ધ્યાનમાં લઈ નિર્ણય લેવામાં આવે તે સમરસ
- ગામમાં વેરઝેર, કાવાદાવા, વૈમનશ્ય ન થાય તેવી ભાવના ઉજાગર કરતી યોજના
- સમરસ ગ્રામ પંચાયતોમાં ગામના વિકાસ માટે અન્ય યોજનાઓના અને ગ્રામ પંચાયતના પોતાના ભંડોળ ઉપરાંત સમરસ ગ્રામ યોજના હેઠળ મળેલ અનુદાનનો ઉપયોગ
- સમરસ ગ્રામ પંચાયતને એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- ઓક્ટોબર-૨૦૦૧થી યોજનાઓ અમલીકરણ
- સર્વ સમંતીથી ચૂટાયેલ પંચાયતોના પદાધિકારીઓની ચૂંટણી માટે પ્રોત્સાહક રકમ

### સામાન્ય સમરસ ગ્રામ પંચાયત

| ક્રમ | વસ્તી | પ્રથમવાર | બીજીવાર | ત્રીજીવાર | ચોથીવાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૦૦૦ સુધી | રૂા.૨,૦૦,૦૦૦ અને પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ની સગવડ ન હોય તો ધોરણ-૮ અગ્રીમતાથી મંજુર કરવું. | રૂા.૨,૫૦,૦૦૦ તથા સી.સી. રોડની આધુનિક સુવિધા માટે રૂા.૨ લાખ | રૂા.૩,૧૨,૫૦૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ | રૂા.૪,૦૦,૦૦૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ |
| ૨ | ૫૦૦૧ થી ૨૫૦૦૦ સુધી | રૂા.૩,૦૦,૦૦૦ અને પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ની સગવડ ન હોય તો ધોરણ-૮ અગ્રીમતાથી મંજુર કરવું. | રૂા.૩,૭૫,૦૦૦ તથા સી.સી. રોડની આધુનિક સુવિધા માટે રૂા.૨ લાખ | રૂા.૪,૬૮,૭૫૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ | રૂા.૫,૦૦,૦૦૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ |

### મહિલા સમરસ ગ્રામ પંચાયત

| ક્રમ | વસ્તી | પ્રથમવાર | બીજીવાર | ત્રીજીવાર | ચોથીવાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૦૦૦ સુધી | રૂા.૩,૦૦,૦૦૦ અને પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ની સગવડ ન હોય તો ધોરણ-૮ અગ્રીમતાથી મંજુર કરવું. | રૂા.૩,૭૫,૦૦૦ તથા સી.સી. રોડની આધુનિક સુવિધા માટે રૂા.૨ લાખ | રૂા.૪,૬૮,૭૫૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ | રૂા.૫,૦૦,૦૦૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ |
| ૨ | ૫૦૦૧ થી ૨૫૦૦૦ સુધી | રૂા.૫,૦૦,૦૦૦ અને પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ની સગવડ ન હોય તો ધોરણ-૮ અગ્રીમતાથી મંજુર કરવું. | રૂા.૬,૨૫,૦૦૦ તથા સી.સી. રોડની આધુનિક સુવિધા માટે રૂા.૨ લાખ | રૂા.૭,૫૬,૭૫૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ | રૂા.૮,૦૦,૦૦૦ તથા તા.૫-૧૨-૧૫ ના ઠરાવ મુજબ વિકાસના કામો માટે રૂા.૩ લાખ |

# તીર્થ ગામ - પાવન ગામ

ગામડાઓમાં ભાઈચારો, સામાજિક સદભાવ, શાંતિ, ગામનો સર્વાંગી વિકાસ કરવાના હેતુસર ગ્રામ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદભાવ વધે, સામૂહિક એખલાસની ભાવના પ્રબળ બને, એકતા જળવાય તેમજ ભાઈચારાની ભાવના વધે તે ધ્યાને રાખીને સમગ્રતઃ ગ્રામ્ય કક્ષાએ છેલ્લા ૩ વર્ષમાં ગુનો નોંધાયેલ ન હોય તેવા ગામોને પાવનગામ અને છેલ્લા પાંચ વર્ષમાં ગામમાં એકપણ ગુનો નોંધાયેલ ન હોય તેવી ગ્રામ પંચાયતો માટે તીર્થગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી.

- નક્કી કરેલ માપદંડ મુજબ પાવન ગામને રૂા.૧.૦૦ લાખ અને તીર્થ ગામને રૂા.૨.૦૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટ
- આ રકમના ઉપયોગથી ગામના વિકાસના કામો હાથ ધરવાના રહે છે.
- પ્રોત્સાહક ગ્રાન્ટ માટે ગામ પંસદગીમાં સમરસ ગામને અગ્રતા આપી ગામમાં સ્વચ્છતા, કન્યા કેળવણી, ડ્રોપઆઉટનો નીચો દર, માદક દ્રવ્યોનું સેવન, ઉત્પાદન અને તેનું વેચાણ ન થાય, સામાજિક સદભાવના, ચર્ચા સંવાદથી વિવાદનો નિકાલ જેવી બાબતો ધ્યાને લેવામાં આવે છે.

# પંચવટી યોજના

- રાજયની ગ્રામ્ય પ્રજા ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને આરામ, સુખાકારી માટે આનંદ પ્રમોદ માટે બગીચાની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર પંચવટી યોજનાનો વર્ષ ૨૦૦૪-૦૫થી અમલ થઈ રહ્યો છે.
- પંચવટી યોજના અનુસાર પીપળ, વડ, હરડે વેલ, અશોક, તથા અનેક ફળાઉ વૃક્ષ વાવવાના છે જેથી પારંપરિક સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગ્રામજનોની આસ્થા જળવાઈ રહે.
- ૩.૧.૦૦ લાખ રાજય સરકારની સહાયથી તથા ગ્રામ્ય કક્ષાએથી ૩.૫૦,૦૦૦ લોકફાળાના ઉપયોગથી પંચવટી યોજના અમલમાં મૂકવામાં આવીછે.

# ગ્રામ પંચાયતોના પ્રોત્સાહન માટે સીડમની

ગુજરાત પંચાયત અધિનિયમ દ્વારા ગ્રામ પંચાયતોને સ્વાવલંબન, સ્વશાસન અને સ્થાનિક વિકાસના કામો અને ફરજો સુપ્રત થયા છે. પરિણામે ગ્રામવાસીઓને પોતાની આંકાક્ષા અને શકિત અનુસાર ગામનો સર્વાંગી વિકાસ સાધવાની અનુકુળતા સાંપડે તે માટે ગ્રામ પંચાયતો આયોજનપૂર્વક વ્યવસ્થિત રીતે વધુ કાર્યદક્ષતાથી પોતાની ફરજો અને જવાબદારીઓનું વહન કરી શકે, આ બજેટ હેડ હેઠળ ગ્રામ પંચાયતોને વધુ સક્ષમ બનાવવા ગામમાં ઉજવાતા રાષ્ટ્રીય તહેવારોમાં થતાં સરભરા અને ઉત્સવ માટે ગ્રામ પંચાયત દીઠ રૂ.૩૦૦૦ ની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

# તાલુકા-જિલ્લા પંચાયતોનું વહીવટી તંત્ર સંગીન બનાવવું

- વર્ષ ૨૦૧૦-૧૧ ના વર્ષથી રાજયની તમામ જર્જરીત જિલ્લા પંચાયત / તાલુકા પંચાયતના મકાનોના બાંધકામ અને રીપેરીગ માટે જોગવાઇ કરવામાં આવે છે.
- જે અંતર્ગત નવરચિત ૭ જિલ્લા પંચાયત માટે રૂ.૨૯.૪૦ કરોડ અને ૨૪ નવરચિત તાલુકા પંચાયત કચેરી માટે રૂ.૨.૪૦ કરોડની યુનિટ કોસ્ટ મુજબ ઉપરાંત નવરચિત તાલુકા પંચાયત માટે સ્ટાફ કર્વાટર તેમજ હયાત સ્ટાફ કવાર્ટર જે જર્જરીત છે તેને રીપેરીંગ માટે જોગવાઇ કરવામાં આવે છે.
- જે અંતર્ગત ૧૨૯ તાલુકા પંચાયતો અને ૧૩ જિલ્લા પંચાયતોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. તે પૈકી ૯૨ તાલુકા પંચાયતો અને ૮ જિલ્લા પંચાયતોના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.
- વહીવટી તંત્રને સંગીન બનાવવામાં માટે વર્ષ ૨૦૧૩-૧૪ માં ૫૯૬૦ તથા વર્ષ ૨૦૧૫-૧૬માં ૫૨૪૫, વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૧૫૧૩, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૧૬૦ મળી કુલ: ૨૩૮૭૮ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે.

# પંચાયત ઘર અને તલાટી મંત્રીના નિવાસસ્થાનના બાંધકામ માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન

પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત એ પાયાનું એકમ છે. ગ્રામ પંચાયત દ્વારા લોકોને પ્રાથમિક સુવિધાઓ અને વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે. જેથી ગ્રામ પંચાયત કચેરી સગવડતા સભર બને તેવા હેતુથી ગ્રામપંચાયતોનું વસ્તીના ધોરણે વર્ગીકરણ કરી ગ્રામપંચાયત કચેરીની ડિઝાઈન અને અંદાજો નક્કી કરવામાં આવેલ છે.

**<u>નવા પંચાયત ઘર માટે નીચે મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.</u>**

- વર્ષ ૨૦૧૬-૧૭થી ૧૦,૦૦૦થી વધુ વસ્તી વાળી ગ્રામ પંચાયતને રૂા.૨૨.૦૦ લાખ
- ૫૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને રૂા.૧૮.૦૦ લાખ
- ૫૦૦૦થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતને રૂા.૧૪.૦૦ લાખ
- વિભાજીત થઈ નવી રચાયેલ તમામ ૨૨૬ ગ્રામ પંચાયતોને નવિન પંચાયત ઘરની મંજુરી
- પ્રથમ વખત જૂથ ગ્રામપંચાયતમાં હેડ કવાર્ટર સિવાયના અન્ય ગામોએ પણ ગ્રામપંચાયતનું મકાન તૈયાર કરવા રૂા.૬.૫૦ લાખની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે. જેનાથી સામાન્ય કામ માટે લોકોને ગ્રામ પંચાયતના હેડ કવાર્ટરના ગામ સુધી જવું ના પડે.
- જર્જરીત ગ્રામ પંચાયતના મકાનો રીપેરીગ માટે રૂા.૫ લાખની મર્યાદામાં જોગવાઈ

# ગ્રામસભા

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ લોક માન્ય જયપ્રકાશ નારાયણજીના જન્મ દિવસ તા.૧૧/૧૦/૨૦૦૧ થી ગુજરાતમાં ગ્રામ સભાઓ દ્વારા અસરકારક કામગીરી શરૂ થયેલ છે. ગ્રામસભાઓ લોક સશક્તિકરણ અને લોકભાગીદારીથી ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવી રહેલ છે.

**<u>ગ્રામસભા ઉદ્દેશો:</u>**

- લોક સશક્તિકરણ
- તંદુરસ્ત લોકશાહીની તાલીમ પૂરું પાડતુ માધ્યમ
- ગરીબો અને મહીલાઓને રજૂઆત કરવાની તક
- અધિકારી / કર્મચારી અને લોકો વચ્ચે સુમેળભર્યા સંવાદની તક
- લોક ભાગીદારી
- સરકાર/પંચાયતની કામગીરીનું લોકો દ્વારા સીધુ સામાજિક અન્વેષણ

# ૧૫મું નાણાપંચ

૧૫મા નાણાપંચની ભલામણોની અમલવારી ૨૦૨૦-૨૧થી કરવામાં આવી. જે અન્વયે રાજ્યને મળવાપાત્ર ગ્રાન્ટનો ઉપયોગ ૫૦ : ૫૦ ટકાના સપ્રમાણ ગુણોત્તરમાં બેઝિક ગ્રાન્ટ અને ટાઈટ ગ્રાન્ટ મુજબ કરવામાં આવે છે. આ અન્વયે મળનાર કુલ ગ્રાન્ટ પૈકી ૭૦ ટકા ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને, ૨૦ ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતોને અને ૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ જિલ્લા પંચાયતો દ્વારા કરવાનો હોય છે. જે પૈકી મળવાપાત્ર ગ્રાન્ટ ૨૦૧૧ની વસ્તીની આંકડાઓ અને ગ્રામ્ય વિસ્તારને આધારે ૯૦:૧૦ (વસ્તી/વિસ્તાર) મુજબ ફાળવવાની રહેશે.

ટાઈડ ગ્રાન્ટનો ઉપયોગ કરીને અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ, સેનિટેશન, ખુલ્લામાં શૌચમુક્તિના કામો તેમજ પીવાના પાણીને લગતા કામો કરવાના રહે છે. જ્યારે બેઝિક ગ્રાન્ટનો વપરાશ પંચાયતીરાજ સંસ્થાઓની જરૂરીયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે કરવાનો હોય છે.

- ગામડાના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય તે માટે ૩૧૧૨ પંચાયતોનાં નવા મકાન બનાવવામાં આવ્યા છે, જ્યારે રૂ.૨૦૮.૨૪ કરોડના ખર્ચે ત્રણ જિલ્લા અને ૩૪ તાલુકા પંચાયતના નવા મકાનોને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામોને અગ્રતા આપી રૂ.૫૦૮૪ કરોડના ખર્ચે ૩૧૪૨૨૩ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

# વતન પ્રેમ યોજના

જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઊભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે માદરે વતન યોજના અમલમાં મૂકવામાં આવી છે.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ માટે વતન પ્રેમ અને વતન સેવા સુધી લઈ જવા વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીનું સૌથી મોટા અભિયાન તરીકે યોજના રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવી છે. જે દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ-વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધવાથી ગામની જીવંતતા વધારવાની કલ્યાણકારી ભાવના સાથેની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

### યોજના હેઠળ વિકાસ કાર્યોની યાદી

(૧) શાળામાં ઓરડા અથવા સ્માર્ટ કલાસ (૨) કોમ્યુનિટી હોલ(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ). પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન (૪) આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ (૫) પુસ્તકાલય (૬) રમત-ગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો (૭) સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ (૮) સ્મશાનગૃહ (૯) વોટર રીસાયકલીગની વ્યવસ્થા તથા ગટર/STP ઈત્યાદી (૧૦) તળાવ બ્યુટીફીકેશન (૧૧) એસ.ટી. સ્ટેન્ડ (૧૨) સોલર એનર્જી સ્ટ્રીટલાઈટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

- દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે બાકીની ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.
- વતન પ્રેમ યોજના સોસાયટીની રચના કરી, આ સોસાયટી અંતર્ગત ગર્વનિંગ બોડી અને કારોબારી સમિતિ નિયુક્ત રહેશે.
- આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા આપવાની થતી અનુદાન રકમ એટલે કે ૪૦% કે તેથી ઓછી રકમ વિકાસલક્ષી કામ માટે સંલગ્ન વિભાગની બજેટ જોગવાઈમાંથી કરવાની રહેશે. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટની રકમ યોજના માટે ખોલાવવામાં આવેલા અલગ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.
- આ યોજનાના કામો કરવા માટે "વતન પ્રેમ સોસાયટી" દ્વારા Project Management Unit (PMU)ની રચના કરાશે.
- (PMU) દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે.
- સરકારી અનુદાન, CSR તેમજ અન્ય ગ્રાન્ટ પણ પોર્ટલ મારફત જમા થશે.
- જિલ્લાઓની કામગીરી ધ્યાને લઈને યોજનાના અસરકારક અમલ માટે વતન પ્રેમ સોસાયટી દ્વારા આઉટસોસીગથી સેવાઓ મેળવીને દરેક જિલ્લામાં ૧ (એક) District Coordinator ફાળવવાના રહેશે. જે જિલ્લાના ગામોમાં આવશ્યકતા અનુસારના કાર્યો કરાવવાના થાય તેવા કામો માટે સરકારી જાહેર સાહસો અથવા ખાનગી ઔદ્યોગિક એકમ દ્વારા કામની રકમના ૬૦ ટકા રકમ અંગત ફાળા તરીકે તથા ૪૦ ટકા રકમ તેમના CSRમાંથી સરકારી અનુદાન તરીકે વાપરી શકશે.

# મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (MG-NREGA) નરેગા

- રાજયના ગ્રામીણ વિસ્તારના પ્રત્યેક કુટુંબના પુખ્તવયના સભ્યો જે બિનકુશળ શારીરિક શ્રમ કરવા ઈચ્છુક હોય, તેવા કુટુંબોને જીવનનિર્વાહની તકો વધે તે માટે તા.૦૧/૦૪/૨૦૦૮ થી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ નું ગુજરાત રાજયમાં અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ અધિનિયમ અંતર્ગત ગ્રામીણ વિસ્તારના પ્રત્યેક કુટુંબને નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસની સવેતન રોજગારીની બાંહેધરી આપવામાં આવે છે તથા રાજ્યમાં જે વિસ્તાર અછતગ્રસ્ત/દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલ હોય તેવા વિસ્તારોમાં વસવાટ કરતા કુટુંબોને વધુ ૫૦ દિવસની સવેતન રોજગારી આપવાની પણ જોગવાઈ કરવામાં આવેલ છે.
- મનરેગા યોજના દ્વારા દરેક કુટુંબને લઘુત્તમ રોજગારી, દુષ્કાળ અને બેરોજગારીના દિવસોમાં કામ મળી રહે, ગ્રામ્ય વિસ્તારમાંથી શહેર તરફ થતુ સ્થળાંતર અટકી શકે અને ગ્રામ વિકાસમાં ઉપયોગી થઈ શકે તેવી સામુદાયિક અસ્કયામતો ઊભી થતા ગામનો સર્વાંગી વિકાસ માટેની દિશામાં કામગીરી કરવામાં આવે છે.
- કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે મનરેગાના કામોના દરેક વર્કસાઈટ પર શ્રમિકોને કોવિડ ગાઈડ લાઈન મુજબ ઓછામાં ઓછું ૬ ફૂટનું સામાજિક અંતર જાળવી, સખી મંડળો દ્વારા બનાવેલા ઘરગથ્થું માસ્કનો ઉપયોગ કરીને, સાબુથી વારંવાર હાથ ધોવા તેમજ સેનિટાઈઝરનો ઉપયોગ કરવા માટેની પૂરતી તકેદારી રાખીને મનરેગા યોજનાના કામોનું અમલીકરણ કરાવવામાં આવે છે.

- આ તમામ શ્રમિકોને પ્રતિદિન કામના સપ્રમાણમાં રૂ. ૨૨૯/- લેખે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફતે ભારત સરકારશ્રી દ્વારા લાભાર્થીના ખાતામાં સીધી ચૂકવણી કરવામાં આવેલ છે.
- મનરેગા યોજનામાં સામુદાયિક વૃક્ષારોપણ એ ખૂબ જ મહત્વની કામગીરી છે. વૈજ્ઞાનિક અભિગમ દ્વારા જાપાનીઝ ટેકનિક મિયાવાકી પદ્ધતિ દ્વારા રોપાઓનું વાવેતર કરવામાં આવે છે.
- મનરેગા યોજના અંતર્ગત ગ્રામીણ મહિલાઓના સ્વસહાય જૂથોને આજીવિકા મળી રહે તેવી ખાસ યોજના ઘડવામાં આવી છે. જેમાં દરેક તાલુકામાંથી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ કામ કરતાં સ્વ-સહાય જૂથોમાંથી એક સ્વસહાય જૂથ (SHG)ની પસંદગી કરી તેમને ગોચરના જમીનના વિકાસ માટે રૂ. ૧૦ લાખની સહાય પૂરી પાડવામાં આવે છે.
- મનરેગા યોજના અંતર્ગત ગ્રામીણ કક્ષાએ પશુઓની સારસંભાળ માટે ૫૦,૮૮૦ કુટુંબીને કેટલ શેડના બાંધકામની સહાય પહોંચાડવામાં આવી.
- મનરેગા યોજના હેઠળ ગ્રામીણ શ્રમિકોને તેમનું વેતન સીધું તેમના ખાતામાં જમા કરવાનું પારદર્શક પગલું ગુજરાત સરકારે લીધું છે.
- મહિલાઓના ઉત્કર્ષ માટે મનરેગા યોજના અંતર્ગત બોરવેલ અને સોલાર પંપ આપવા માટે રૂ. ૨૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ગુજરાતમાં સ્થળાંતર કરવામાં આવેલા શ્રમિકોને મનરેગા યોજનાના ઈતિહાસમાં એક દિવસમાં સૌથી વધુ રોજગારી એટલે કે એક દિવસમાં ૧૦ લાખ માનવદિન જેટલી રોજગારી પૂરી પાડવામાં આવી છે.
- મનરેગા યોજના અંતર્ગત રાજ્યમાં ૪૦૦ જેટલી આંગણીવાડી કેન્દ્રો માટે મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)

➲ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં તા.૨ જી ઓકટોબર, ૨૦૧૪થી ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા પરિવારો માટે વ્યક્તિગત શૌચાલયના નિર્માણ અને ઘન અને પ્રવાહી કચરાના સુયોગ્ય રીતે નિકાલ કરવાના હેતુથી અમલમાં મૂકવામાં આવેલ છે. સ્વચ્છતા અને સ્વાસ્થ્યને ઉત્તેજન આપી ખુલ્લામાં શૌચક્રિયા સદંતર બંધ કરાવી ગ્રામીણ વિસ્તારોમાં જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા કામગીરી કરવામાં આવે છે.

➲ ગ્રામ્ય સ્વચ્છતા અને સુઘડ વાતાવરણ નિર્માણ માટે સ્થાનિક સમુદાય થકી ઓછી ખર્ચાળ પદ્ધતિઓના માધ્યમ દ્વારા ઘન અને પ્રવાહીકચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા SLWM (સોલિડ લીક્વીડ વેસ્ટ મેનેજમેન્ટ)ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

➲ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત રાષ્ટ્રપતિશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત "ખુલ્લામાં શૌચમુક્ત" ODF જાહેર કરવામાં આવી છે.

➲ ગ્રામીણ વિસ્તારોને "ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત" બનાવવા લાભાર્થીઓને વ્યક્તિગત/સામૂહિક શૌચાલય સુવિધા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. સરકારે રૂ.૨૭૬૯.૮૦ કરોડના બજેટથી ગ્રામીણ વિસ્તારનાં ૩૩.૫૦ લાખ શૌચાલયોનું નિર્માણ કર્યું છે.

➲ સ્વચ્છ સર્વેક્ષણ હેઠળ ૫૦ જિલ્લાઓમાં ગુજરાતના ૧૪ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➲ રાજ્યને ખુલ્લામાં શૌચમુક્ત (Open Defection Free-ODF) નો દરજ્જો ૨, ઓકટોબર, ૨૦૧૭માં પ્રાપ્ત થયો હતો. જ્યારે તા.૦૨-૧૦-૨૦૧૯ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે આયોજીત "સ્વચ્છ ભારત દિવસ" તરીકે ઉજવણી ના કાર્યક્રમમાં સમગ્ર દેશને ખુલ્લામાં શૌચમુક્ત ODF જાહેર કરવામાં આવેલ છે.

➲ "ખુલ્લામાં શૌચમુક્ત" બનેલ પરિસ્થિતિના દરજ્જાને લાંબા સમય જાળવી રાખવાના ભાગરૂપે

ભારત સરકારના પેયજળ સ્વચ્છતા વિભાગ, જળ શક્તિ મંત્રાલય, દ્વારા ચાલુ વર્ષે ODF-S સસ્ટેનેબિલિટીના ભાગરૂપે સ્વચ્છતા અંગે લોકોની જૂની ટેવો, સામાજિક માન્યતાઓ તથા માનસિક વર્તણૂકમાં બદલાવ લાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવશે. અને ODF+ માં ઘન અને પ્રવાહી કચરાના સલામત નિકાલની કામગીરી કરવામાં આવે છે.

- ODF+ હેઠળ રાજ્યના સાબરકાંઠા, આણંદ, જુનાગઢ, ખેડા, વડોદરા, કચ્છ, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમરેલી, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, મહીસાગર, પંચમહાલ, સુરત, તાપી, રાજકોટ, જામનગર અને ભાવનગર જિલ્લાઓમાં પ્રવાહી કચરાના નિકાલ હેતુ ફિક્લ સ્લજ મેનેજમેન્ટ માટે જેટીંગ કમ સેક્શન કમ ડીસીલ્ટીંગ મશીન આપવામાં આવેલ છે. આ મશીન દ્વારા સ્થાનિક જરૂરીયાત અનુસાર કામગીરી કરવામાં આવે છે.
- ગામડામાં સ્વચ્છતા જાળવવા માટે પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવું ખૂબ જ જરૂરી છે. આ માટે ૭૦ જેટલી ગ્રામ પંચાયતોમાં ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવામાં આવશે.
- ભારત સરકારની સૂચના મુજબ રાજ્યમાં એક પણ શૌચાલય વિહોણું કુટુંબ રહી ન જાય તે માટે શૌચાલય સુવિધા પૂરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે.
- રાજ્ય જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન ( ગ્રામીણ ) ફેઝ -૨ ના અમલીકરણના ભાગ રુપે ગોબર ધન પ્રોજેક્ટ્સ અમલીકરણ કરવામાં આવી રહેલ છે.

# સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ

## (IWMP- Inclusive Water Management Program)

ગુજરાત સરકાર દ્વારા જળસ્ત્રાવ આધારીત અનાવૃષ્ટિ શકયતા વિસ્તાર કાર્યક્રમ રણ વિસ્તાર વિકાસ, તથા સંકલિત પડતર ભૂમિ કાર્યક્રમ જેવા વિસ્તાર વિકાસના કાર્યક્રમોનો વર્ષ ૨૦૦૮ થી બધા કાર્યક્રમ ભેગા કરી સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (Inclusive Water Management Program) નું ગુજરાત સ્ટેટ વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. ગુજરાત રાજયએ સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમના આયોજન માટે સર્વગ્રાહી વૈજ્ઞાનિક અને સહભાગી પધ્ધતિનો ઉપયોગ કરી સમગ્ર રાજય માટે આગામી ૧૮ વર્ષનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રારંભિક તબકકા દરમ્યાન પ્રોજેકટ વિસ્તારની જરૂરીયાતોને ધ્યાને રાખી વૈજ્ઞાનિક તથા સહભાગી પધ્ધતિથી વિસ્તૃત પરિયોજના અહેવાલ (ડીપીઆર) બનાવવામાં આવે છે અને સહભાગી ગ્રામીણ ચકાસણી, સહભાગી સુક્ષ્મ આયોજન અને ગ્રામસભાઓ દ્વારા જળસ્ત્રાવ વિકાસ સમિતિ જે તે વિસ્તારમાં કરવાના થતા કામોનું અમલીકરણ કરે છે.

**જળસ્ત્રાવના કામોનો તબકકો,** આ તબકકો પ્રારંભિક તબકકા બાદ આવે છે, જેમાં જમીન અને ભેજસંરક્ષણ, ભૂમિ સુધારણા, પાણીસંગ્રહ વગેરે કામો કરવામાં આવે છે. આ સાથે મિલ્કતવિહોણા લોકો માટે આજીવિકા સુધારણા અને કૃષિ ઉત્પાદકતામાં વધારા માટેના કામો કરવામાં આવે છે અને પ્રોજેકટ જોગવાઈનો મોટાભાગનો ખર્ચ આ તબકકામાં કરવામાં આવે છે.

**એકત્રિકરણનો તબકકો,** આ તબકકામાં પ્રોજેકટના મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવશે. પ્રોજેકટના અમલીકરણથી થયેલ પરિણામોને

| ક્રમ | તબક્કાનું નામ | કરવાની થતી કામગીરી | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | પ્રારંભિક તબક્કો | ૧. પ્રારંભિક પરિયોજના અહેવાલ (પીપીઆર)<br>૨. એન્ટ્રી પોઈન્ટના કામ<br>૩. વિસ્તૃત પરિયોજના અહેવાલ (ડીપીઆર) | એક થી બે વર્ષ |
| ૨ | જલસ્ત્રાવ કામોનો તબક્કો | ૧. જલસ્ત્રાવ વિકાસના કામો<br>૨. આજીવિકા અને લઘુ ઉદ્યોગના કામા | ત્રણ વર્ષ |
| ૩ | એકત્રીકરણનો તબક્કો | ૧. યોજનાની પૂર્ણતાનો અહેવાલ<br>૨. કરેલ પ્રવૃતિઓના લેખા-જોખા<br>૩. ગ્રામ સભાને યોજનાની સોંપણી | એક વર્ષ |

**કાર્યક્રમની રૂપરેખા :**

સંકલિત જલસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અત્યંત પ્રક્રિયા સ્થિત અને પ્રોજેકટ આધારીત કાર્યક્રમ છે, આ કાર્યક્રમનું અમલીકરણ તબક્કામાં નીચે મુજબ હાથ ધરવામાં આવે છે.

બેઝલાઈન સર્વેની માહિતી સાથે સરખાવી પ્રોજેકટની અસરોને માપવામાં આવશે. આ તબકકામાં એકઝીટ પ્રોટોકોલ અને ગ્રામપંચાયતને યોજનાની સોંપણી અંગેની કામગીરી કરવામાં આવે છે.

સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૦૯-૧૦ થી થયેલ છે. વર્ષ ૨૦૦૯ - ૨૦૧૦ થી ૨૦૧૪ - ૧૫ દરમ્યાન છ વર્ષમાં ૬૧૦ પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ છે, જેમાં કુલ ૩૧.૦૪ લાખ હેકટર વિસ્તાર અને ૪૭૪૩ ગામોને આવરી લેવામાં આવેલ છે. આવરી લેવામાં ગામમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સને ૨૦૧૬-૧૭ દરમ્યાન આયોજન બજેટ હેઠળ ૨૦૦ કરોડની જોગવાઈ કરેલ છે. અને ડિસેમ્બર ૨૦૧૬ અંતિત ૧૫૫.૦૦ કરોડ નો ખર્ચ થયેલ છે.

### વર્ષ ૨૦૦૯-૧૦ થી વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન થયેલ ભૌતિક પ્રગતિ

વર્ષ ૨૦૧૫ થી ઉપરોક્ત યોજના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ ) તરીકે ઓળખવામાં આવે છે.

### નિરાંચલ યોજના

ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા વિશ્વ બેંક સહાયિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન યોજના (WBWMP) જેને નિરાંચલ તરીકે પણ ઓળખવામાં આવે છે તે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ થી અમલમાં આવેલ છે. ઉકત યોજનામાં ભારત સરકારમાં ૬૦% તથા રાજય

સરકાર ૪૦% હિસ્સામાં ભાગીદાર છે. સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (IWMP) અંતર્ગત ગુજરાત સરકારમાં અમલી છે.આ યોજના દ્વારા સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમને અપ-સ્કલીગ કરવાનો મુખ્ય હેતુ છે. આ યોજના દ્વારા IWMPના પ્રોજેકટોની MIS & GIS સીસ્ટમ મુજબૂત કરવા, તથા હાઈડ્રોલોજીકલ મેનેજમેન્ટ સુદ્રઢ બનાવવા માટે અદ્યતન ટેકનોલોજીની સાધન -સામગ્રી માટે તથા તાલીમ અંગેની નાણાકીય સહાય વિશ્વ બેંક પૂરી પાડવામાં આવનાર છે.

### કામગીરીનો પ્રકાર

એન્ટ્રી પોઈન્ટ એક્ટિવીટીના કામો, જળસંચયના કામો, ભેજસંરક્ષણ કામોમાં જમીન સમતલીકરણ અને વનીકરણ, ગલીપ્લગ, નાલાપ્લગ, ગેબિયન સ્ટ્રકચર, ફિલ્ડ આઉટલેટ, કૃષિ પ્રવૃતિઓ, પશુપાલન પ્રવૃતિઓ, ગૌણ પ્રવૃતિઓ, બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોત જેવા વિકાસલક્ષી કાર્યો કરવામાં આવ્યા છે.

વરસાદી પાણીના જળસંગ્રહના કામોથી ૩૯.૫૦ મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ થયો છે, જેનાથી ૪૬૯૫૦ હેકટર વિસ્તારમાં રૂ.૫૮૮.૨૯ કરોડના ખર્ચે સિંચાઈનો લાભ મળ્યો છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)

- "વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને ઘર" હેતુથી માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) વર્ષ ૨૦૧૬માં અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ રાજ્યના તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને ૨૦૨૨ સુધીમાં આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે.
- વર્ષ ૨૦૧૧માં થયેલ સામાજિક આર્થિક વસ્તીગણતરી ૨૦૧૧ (SECC-2011) માં નોંધવામાં આવેલ ઘરવિહોણા અથવા કાચું ઘર ધરાવતા કુટુંબોને પાકું ઘર આપવા માટે આ યોજના અંતર્ગત રૂ.૧,૨૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ૬૦:૪૦નો હિસ્સો ધરાવે છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધીમાં "સૌના માટે આવાસ" સૂત્રને ખરુ કરવા ગુજરાત રાજયમાં કુલ ૩૧૧૮૦૩ આવાસોના લક્ષ્યાંક સામે છેલ્લા ૪ વર્ષમાં ૨૯૨૬.૨૮ કરોડના ખર્ચે ૨૩૦૨૬૭ આવાસોનું નિર્માણ થયું, ૯૮૩૬૭ આવાસો પ્રગતિ હેઠળ.
- યોજના અંતર્ગત લાભાર્થીઓને પોતાનું મકાન બાંધવા માટે મનરેગા અંતર્ગત ૯૦ માનવદિનની રોજગારીની રૂ.૨૦,૧૬૦/- સહાય અને શૌચાલય બાંધકામ માટે રૂ.૧૨,૦૦૦ ની સહાય એમ કુલ રૂ.૧,૫૨,૧૬૦ની સહાય મળવાપાત્ર છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત લાભાર્થીઓને ૩ (ત્રણ) હપ્તામાં સહાયની રકમ Direct Benefit Transfer (DBT) દ્વારા આપવામાં આવે છે. પ્રથમ હપ્તો રૂ. ૩૦,૦૦૦ આવાસની વહીવટી મંજૂરી હુકમ સાથે, બીજો હપ્તો રૂ.૫૦,૦૦૦ આવાસનું બાંધકામ વિન્ડોસીલ લેવલે પહોંચે ત્યારે અને ત્રીજો હપ્તો રૂ. ૪૦,૦૦૦ આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી આપવામાં આવે છે.
- આ ઉપરાંત 'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના' હેઠળ, પ્રથમ હપ્તો આપ્યા બાદ ૬ માસની અંદર આવાસ પૂર્ણ કરનાર લાભાર્થીને રૂ.૨૦,૦૦૦ની અતિરિક્ત સહાય આપવાની જોગવાઈ છે.
- યોજના હેઠળ તમામ જિલ્લાઓને જુદા-જુદા પાંચ ઝોનમાં વિભાજિત કરી ટાઈપડિઝાઈન મુજબ આવાસ બાંધકામ કરવામાં આવે છે. જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અને રહેણીકરણીને ધ્યાને લઈ ૪૧ ટાઈપડિઝાઈન તૈયાર કરવામાં આવેલ છે. તે ડિઝાઈન મુજબ લાભાર્થીઓના આવાસોનું બાંધકામ કરવામાં આવે છે જેના કારણે મકાનો ટકાઉ અને ભૂકંપ પ્રતિરોધક બને છે.

- અપંગ અને આંશિક વિકલાંગ, અશક્ત, વૃદ્ધ તેમજ વિધવા બહેનોને કડિયા તાલીમના ભાગ રૂપે આવાસ બનાવી આપવાની જોગવાઈ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત રાજય સરકારશ્રી દ્વારા ગ્રામીણ મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને આવાસની સાથે બાથરૂમ બાંધકામ માટે લાભાર્થી દીઠ રૂ. ૫૦૦૦ની વધારાની સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે.
- મુખ્યમંત્રી સામુદાયિક આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગ્રામીણ વિસ્તારના પ્લોટવિહોણા લાભાર્થીઓ માટે જયારે પર્યાપ્ત ગામતળ ઉપલબ્ધ ના હોય ત્યારે ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા મોટા ગામોમાં ઉપલબ્ધ સરકારી/સામુદાયિક જમીનનો ઉપયોગ કરી ૩ માળના મકાનોની યોજના શહેરી વિસ્તારની જેમ પાઈલોટ પ્રોજેક્ટ તરીકે Affrodable housing ની યોજના મંજૂર કરવામાં આવેલ છે.

# દીનદયાલ અંત્યોદય યોજના/ એન.આર.એલ.એમ/મિશન મંગલમ

- દીનદયાલ અંત્યોદય યોજના/એન.આર.એલ.એમ ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી મિશન મંગલમ યોજના અંતર્ગત ગુજરાતનાં ગ્રામીણ વિસ્તારની ગરીબ પરિવારોની બહેનોને સ્વસહાય જૂથોમાં સખી મંડળ/સ્વસહાય જૂથ સ્વરૂપે સંગઠિત કરીને તેમની બચત અને આ પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરી ઉત્પાદકીય કામોનાં હુન્નર કૌશલ્યની તાલીમ દ્વારા તથા આ માટે બેન્કોનાં ધિરાણની વ્યવસ્થાની સુવિધા સાથે જોડી, વિવિધ વિભાગો સાથે જોડાણ કરાવી, સ્વરોજગારી પૂરી પાડી, ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ અર્થે યોગ્ય બજાર સાથે જોડીને તેઓને ગરીબીમાંથી બહાર લાવવાની પરિણામલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સત્વશીલ અને ઉમદા આશયરૂપ મિશન મંગલમ યોજનાનાં શ્રેષ્ઠ અમલીકરણ માટે ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી. કાર્યરત છે. રાજયમાં આ અભિયાનને મિશન મોડ પર કાર્યરત કરવામાં આવ્યું છે.
- રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે એમ.ઓ.યુ. કરી આરોગ્ય વિભાગની યોજનાઓ લોકો સુધી સ્વસહાય જૂથની બહેનો મારફતે પહોંચડવા અને આ કાર્યમાં જોડાવા માટે સફળ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેથી આરોગ્યલક્ષી જાગૃતિ સાથે નાણાકીય ઉપાર્જન પણ કરી શકે.
- મિશન મંગલમ અંતર્ગત ઘણા કાર્યો જોબવર્ક તરીકે સખી મંડળો/સ્વસહાય જૂથો દ્વારા સ્વરોજગાર આપનાર પ્રવૃતિઓ જેવી કે, પશુપાલન, એગ્રોપ્રોસેસિંગ, ફૂડ પ્રોસેસિંગ, મત્સય ઉદ્યોગ, વનપેદાશો - મધ, વર્મીકમ્પોસ્ટ, હાથ વણાટ, હસ્તકળા, હોઝીયરી, અગરબતી, વાંસ, ઈમારતી લાકડાની કૃતિઓ, ગ્રામિણ સેવા ક્ષેત્રોનાં સાહસો, કેટરિંગ તથા અન્ય ક્ષેત્રો જેવા કે કુટિર ઉદ્યોગ અને ગ્રામિણ સેવાઓના ક્ષેત્રે આર્થિક પ્રવૃતિઓનાં વિવિધ પાયલોટ પ્રોજેકટ, સ્કિલ ડેવલપમેન્ટનાં કૌશલ્યની તાલીમ પ્રદાન કરી આજીવિકા દ્વારા ગરીબી સામે લડવાની ક્ષમતા પૂરી પાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.
- સહકાર અને ડેરી ઉદ્યોગ સાથે ૨ લાખથી વધુ મહિલા સભ્યો જોડાયેલા છે. સ્વસહાય જૂથોની મહિલાઓને સાંકળી લઈને મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની રચના કરવામાં આવી છે.
- સ્વસહાય જૂથો દ્વારા મંગલમ અમુલ પાર્લર શરૂ કરવામાં આવ્યું છે અને જેના થકી સ્વસહાય જૂથોનું ગ્રામિણ મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતાનાં ગુણો વિકસાવી તેઓના આજીવિકામાં વૃદ્ધિ કરવાનો મહત્વકાંક્ષી કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.
- દરેક ગરીબ ગ્રામિણ પરિવારોને સ્વસહાય જૂથ ગ્રામિણ સંગઠનમાં સમાવેશ કરવાનું સુચન.
- સ્વસહાય જૂથને બેન્ક ધિરાણ અને અન્ય નાણાકીય તકનિકી અને બજાર સેવાઓ પૂરી પાડવી.
- સ્વસહાય જૂથનાં સભ્યોને ટકાઉ આજીવિકા વિકાસ માટે તેઓનું ક્ષમતા વર્ધન અને કૌશલ્યવર્ધન કરવું.

- સરકારની તેમજ અન્ય વિકાસ યોજનાઓ સાથે સંકલન કરી ગ્રામિણ ગરીબ પરિવારને સામાજિક અને આર્થિક સેવાઓ પૂરી પાડીને ગરીબી દૂર કરવાનો ઉદેશ્ય.

## ગ્રામિણ સ્વરોજગાર તાલીમ પ્રશિક્ષણ સંસ્થાન (આરસેટી)

- આરસેટીને ગુજરાત સરકાર દ્વારા જરૂરિયાત મુજબ જમીન નિઃશુલ્ક રીતે પૂરી પાડવામાં આવે છે. જ્યારે ભારત સરકાર દ્વારા મકાન બાંધકામ માટે બેન્કોને રૂ. ૧ કરોડની સહાય સ્વરૂપે આપવામાં આવે છે.
- આરસેટી દ્વારા ગ્રામિણ બીપીએલ યુવક-યુવતીઓને જરૂરિયાતની સ્વરોજગારલક્ષી તાલીમ નિઃશુલ્કઆપવામાંઆવેછે.
- તાલીમ પૂરી થયા બાદ તાલીમાર્થીઓને બેન્ક સાથે ક્રેડિટ જોડાણ કરાવી સ્વરોજગાર માટે લોન પૂરી પાડવામાં આવે છે.
- ગુજરાતમાં ૨૦ આરસેટી કેન્દ્રો બેન્ક ઓફ બરોડા દ્વારા, ૭ આરસેટી કેન્દ્રો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા અને ૧ આરસેટી કેન્દ્ર કેનેરા બેન્ક દ્વારા સંચાલિત છે.

## દીનદયાલ ઉપાધ્યાય ગ્રામિણ કૌશલ્ય યોજના (ડીડીયુ-જીકેવાય)

- ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી. દ્વારા ગુજરાત રાજ્યનાં ગ્રામ્યકક્ષાનાં ગરીબી રેખા નીચે જીવતા યુવાનોને વ્યવસાયીલક્ષી કૌશલ્ય તાલીમ અને રોજગારી મળી રહે તે ઉદેશ અંતર્ગત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ(પી.પી.પી) મોડલ હેઠળ ૬૦ ટકા કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજ્ય સરકાર પુરષ્કૃત દીનદયાલ ઉપાધ્યાય ગ્રામિણ કૌશલ્ય યોજના અમલીકરણમાં છે.
- ૧૮ થી ૩૫ વર્ષની વય જૂથનાં યુવક/યુવતીઓ ગ્રામીણ કૌશલ્ય યોજના અમલીકરણમાં છે.
- ડી.ડી.યુ. - જી.કે.વાય યોજના અંતર્ગત અનુસુચિત જાતિ ૨૦ ટકા, અનુસૂચિત જનજાતિ ૪૩ ટકા, લઘુમતી ૧૨ ટકા તથા મહિલા લાભાર્થીઓને ૩૩ ટકા ખાસ અગ્રિમતા આપવામાં આવે છે.

## મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

- માન. વડાપ્રધાનશ્રીનાં આત્મનિર્ભરતાના ઉમદા ઉદ્દેશ્ય અંતર્ગત ગુજરાત રાજયમાં માન. મુખ્ય મંત્રીશ્રી દ્વારા ગુજરાતની મહિલાઓની આર્થિક ઉન્નતી માટે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" ની શરૂઆત માન. વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ ૧૭ મી સપ્ટેમ્બરનાં રોજ કરવામાં આવી રહી છે.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત રાજ્યની મહિલાઓના સ્વ-સહાય જૂથો અને જોઈન્ટ લાયેબીલીટી અર્નિગા એન્ડ સેવિંગ જૂથ (JLESG) ગ્રુપોને આર્થિક પ્રવૃતિઓ માટે લોન/ધિરાણની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. આ યોજના દ્વારા રાજ્યના ૧ લાખ મહિલા સ્વસહાય જૂથો (એક જૂથમાં ૧૦ મહિલાઓનો સમાવેશ)ની રચના કરી આશરે ૧૦ લાખ મહિલાઓને આવરી લેવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારના ૫૦ હજાર અને શહેરી વિસ્તારના ૫૦ હજાર જૂથો એમ કુલ ૧ લાખ મહિલા ગ્રુપોની ૧૦ લાખ મહિલાઓને સીધો લાભ મળશે.

- મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો અમલ શહેરી વિસ્તારમાં શહેરી વિકાસ વિભાગ હસ્તક G.U.L.M (ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશન) તેમજ ગ્રામિણ વિસ્તારમાં G.L.P.C. (ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની) દ્વારા કરવામાં આવશે.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત જૂના સ્વ-સહાય જૂથ અને નવા જૂથોને પણ લાભ આપવામાં આવશે. આ યોજના હેઠળ મહિલાઓને રૂપિયા ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. મહિલાઓને આ લોનની રકમ સંપૂર્ણ વ્યાજરહિત આપવામાં આવશે અને આ વ્યાજની રકમ રાજ્ય સરકાર ભોગવશે.
- મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત રાજ્યની તમામ સહકારી બેંકો, સરકારી બેંકો, ખાનગી બેંકો અને રીઝર્વ બેંક માન્ય તમામ ધિરાણ સંસ્થાઓ મારફત સરળતાથી લોન ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવામા આવી છે.બેંક લોન માટે જરુરી સ્ટેમ્પ ડ્યુટીમાં પણ માફી આપવામાં આવશે. ધિરાણ સંસ્થાઓને પણ આ યોજનાનાં સફળ અમલીકરણ માટે પ્રોત્સાહક સહાય, રીકવરી મેનેજમેન્ટ અને Non-Perfroming Asset (NPA) માટે જરૂરી સહાય કરવામાં આવશે.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત જૂથની રચના માટે કોમ્યુનિટી રીસોર્સ પર્સન/ક્લસ્ટર કોઓર્ડીનેટરન સ્વ સહાય જુથને મદદરૂપ થશે.

### નેશનલ રૂરલ ઇકોનોમિક ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ (NRETP)

- દેશના ૧૩ રાજ્યો પૈકી ગુજરાત રાજ્યનો પણ NRETP (નેશનલ રૂરલ ઈકોનોમિક ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ) એ Wrold-બેંક દ્વારા અનુદાનિત પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- નેશનલ રૂરલ ઈકોનોમિક ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ (NRETP) પ્રોજેક્ટનો હેતુ ગામડાના ગરીબ અને અસંગઠિત મહિલા સ્વસહાયજૂથોનું સામાજિક ધ્રુવીકરણ કરી અને નાણાકીય અને વિવિધ માળખાકિય સુવિધાઓ થકી તેમનો ટકાઉ વિકાસ કરી જે અંતર્ગત, હાલ ૩ ત્રણ જિલ્લોના તાલુકામાં; દાહોદ જિલ્લો (તાલુકાઃ દાહોદ, ગરબાડા, લીમખેડા, સંજેલી); નર્મદા જિલ્લો (તાલુકાઃ ડેડીયાપાડા, સાગબારા) અને સુરેન્દ્રનગર જિલ્લો (તાલુકાઃ ચોટીલા, સાયલા, પાટડી-દસાડા) જિલ્લાના તાલુકાઓમાં મોડેલ કલ્સ્ટર ડેવલપમેન્ટ તરીકે સંસ્થાકિય વિકાસ માટે, કૌશલ્ય વિકાસ માટે, ઔદ્યોગિક અને ખેતી વિકાસ માટેની કામગીરી કરવામાં આવે છે આ પ્રોજેક્ટ હેઠળ સાહસિકોનું રજિસ્ટ્રેશન કરવાનુ રહે છે.
- ગ્રામ્ય વિકાસ વિભાગ દ્વારા DAY-NRLM યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારની બહેનોનું સામાજિક ઉત્થાન થાય, જીવન ધોરણ ઊંચુ આવે અને આર્થિક રીતે પગભર થાય તે પ્રકારની કામગીરી માટે દરેક તાલુકામાંથી ૫ નવા સ્વસહાય જૂથોની બહેનોને સાંકળવામાં આવશે. આજીવિકા યોજના હેઠળ મહિલા સ્વસહાય જૂથોને બેન્ક લોન પર અતિરિક્ત વ્યાજ સહાય આપવામાં આવે છે.

# આમ આદમી વિમા યોજના

આમ આદમી વીમા યોજના હેઠળ ગુજરાતના ગ્રામીણ વિસ્તારના અતિ ગરીબ જમીન વિહોણા ખેત મજૂર કુટુંબોને વીમા કવચ પુરું પાડવામાં આવે છે. જેની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

- દરેક ગ્રામીણ અતિગરીબ જમીન વિહોણા ખેતમજૂર કુટુંબને વીમા કવચ
- કુદરતી મૃત્યુના કિસ્સામાં સહાય રૂ.૩૦,૦૦૦.
- આકસ્મિક મૃત્યુના કિસ્સામાં વારસદારને સહાય રૂ.૭૫,૦૦૦.
- કાયમી વિકલાંગતાના કિસ્સામાં સહાય રૂ.૭૫,૦૦૦
- આંશિક વિકલાંગતાના કિસ્સામાં સહાય રૂ.૭૫૦૦.
- સામાજિક સુરક્ષા હેઠળ પ્રતિવર્ષ રૂ.૨૦૦ પ્રિમીયમ (રાજ્ય સરકારનો ફાળો રૂ.૧૦૦ તથા એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયાનો ફાળો રૂ.૧૦૦)

# પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ)

- સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમની શરૂઆત વર્ષ: ૨૦૦૯-૧૦ થી થયેલ છે, જેનો મુખ્ય હેતુ કુદરતી સંસાધનો જેવા કે, ભૂમી, ભેજ અને વૃક્ષાચ્છાદિત આવરણને સુયોજિત કરી પર્યાવરણ સ્ત્રોતનું સંતુલન કરવાનું છે.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત છેલ્લાં ચાર વર્ષમાં (વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૦-૨૧ (જાન્યુઆરી-૨૦ અંતિત)) જળસંગ્રહ માટે ચેકડેમ, તળાવ, ખેત તલાવડી, પરકોલેશન ટેન્ક, ચેક વોલ વગેરેના કુલ ૧૬૩૪૦ કામો તેમજ ભુમિ ભેજ સંરક્ષણના કુલ ૨૬૪૧૯ કામો કરાયા છે. લાઈવલીહૂડ અને માઈક્રોએન્ટરપ્રાઈઝ હેઠળ કૃષિ ઉત્પાદન વધારવા માટે સુક્ષ્મ પિયત પધ્ધતિ, પિયતના સાધનો, નર્સરી, ખેતી સાધનો, પશુપાલન પધ્ધતિઓ સાથે સાથે ગરીબ પરિવારોની આજીવિકા વૃધ્ધિ માટે કડીયાકામના સાધનો, મંડપ સર્વિસ, ફલોર મીલ જેવા વિકાસલક્ષી કાર્યો સંપન્ન થયા છે.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૦-૨૧ (જાન્યુઆરી-૨૦ અંતિત) દરમ્યાન વરસાદી પાણી રોકવા માટે કરેલ જુદા જળસંગ્રહના કામોથી કુલ ૪૦ મીલીયન ક્યુબિક મીટર (૪૦૦.૦૦ લાખ ઘનમીટર) પાણીનો સંગ્રહ થયેલ છે, જેનાથી કુલ ૪૬૯૫૦ હેકટર વિસ્તારમાં સિંચાઈનો લાભ ઉપલબ્ધ થયેલ છે.
- લાઈવલીહૂડ અને માઈક્રોએન્ટરપ્રાઈઝ હેઠળ કૃષિ ઉત્પાદન વધારવા માટે સુક્ષ્મ પિયત પધ્ધતિના સાધનો, ખેતી સાધનો, નર્સરી ખેતીના સાધનો, પશુપાલન પધ્ધતિઓ સાથે ગરીબ પરિવારોની આજીવિકા વૃધ્ધિ માટે કડીયાકામના સાધનો, મંડપ સર્વિસ ફલોર મીલ જેવી કરવામાં આવશે.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત જળસંગ્રહ માટે ચેકડેમ, તળાવ, તલાવડી, પરકોલેશન ટેંક, ચેક વોલ ૧૭૪૯૭ વિકાસ કાર્યો અને ભૂમિ સંરક્ષણના ૨૮૯૪૩ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે.

# શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન

- શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન યોજનાનો હેતુ દેશના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય અને આર્થિક/સામાજિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી એવા ગામ જૂથો તૈયાર કરવાનો છે, કે જે તેમની સુષુપ્ત શક્તિઓનો ઉપયોગ કરી વિકાસમાં અગ્રેસર બને અને આજુબાજુના વિસ્તારોનાં વિકાસને પણ પ્રોત્સાહન પૂરુ તે માટે ગુજરાતમાં કુલ ૧૬ કલસ્ટરની પસંદગી કરવામાં આવેલ છે.
- Integrated Cluster Action Plan-(ICAP) માં કલસ્ટરની જરૂરિયાતોનો જાણકારી મેળવવા માટે પાયાના અભ્યાસો અને આ જરૂરીયાતોને પૂરી કરવાં તથા કલસ્ટરની ક્ષમતાં વધારનારી પહેલોને આવરી લેવામાં આવે છે.
- શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન યોજના અંર્તગત કેન્દ્ર સરકારશ્રી દ્વારા રાજ્યના ૧૬ ક્લસ્ટરની મંજૂરી આપવામાં આવેલ છે. જેમા ૯ આદિવાસીના કલસ્ટરો અને ૭ બિન-આદિવાસીના કલસ્ટરોની પસંદગી કરવામાં આવેલ છે.
- શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અંતર્ગત ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા પસંદ કરવામાં આવેલા કલ્સટરોનું વૈજ્ઞાનિક રીતે વધુ સારૂ આયોજન કરી, સમુચિત રીતે ઝડપથી વિકાસ કરી શકાય તે માટે Spatial Planning કરવા માટે બાયસેગ મારફતે વેબ એપ્લીકેશન તૈયાર કરાવવામાં આવી રહી છે, જેમાં ગુજરાત રાજ્યનો પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યા છે.

# ગ્રામ વિકાસલક્ષી કામગીરીની ઝલક

### માળખાકિય સુવિધા

- જિલ્લા પંચાયતોના નવા મકાનની યુનિટ કોસ્ટ રૂા.૨૯.૪૦ કરોડ અને તાલુકા પંચાયતના નવા મકાનની યુનિટકોસ્ટ રૂા. ૨.૪૦ કરોડ કરવામાં આવી પંચાયતોની આવક ધ્યાને લીધા સિવાય યુનિટ કોસ્ટ મુજબ ૧૦૦ ટકા અનુદાન.
- ૩૫૯ મકાન વિહોણી તથા ૧૧૬૫ જર્જરીત મકાન ધરાવતી ગ્રામ પંચાયતને મકાન બાંધકામ માટે વસ્તીના ધોરણે રૂા. ૧૪ લાખથી ૨૨ લાખ સુધીનું અનુદાન મંજૂર.
- મરામત થઈ શકે તેવી ૧૦૦૦ ગ્રામ પંચાયતને રૂા. ૫.૦૦ લાખ અને જૂથ ગ્રામ પંચાયતના રેવન્યુ વિલેજ માટે પેટા પંચાયત ઘર માટે રૂા. ૬.૫૦ લાખની જોગવાઈ.
- શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન હેઠળ અંબાજી, શામળાજી, રવાપર અને વાડીનારની યોજનાને મંજૂરી કુલ રૂા.૯૦ કરોડની જોગવાઈ.

### પંચાયતોને નાણાકિય સહાય

- જકાત કર ઉઘરાવતી ગ્રામ પંચાયતોને વધારાના ૧૦ ટકા સાથે અને જકાત ન ઉઘરાવતી ગ્રામ પંચાયતોને માથાદિઠ રૂા.૧૦ લેખે વર્ષ જકાત વળતર ગ્રાન્ટ
- ૧૩ મા નાણાં પંચની પરફોર્મન્સ ગ્રાન્ટ પેટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમવાર રૂા.૧૨૨ કરોડની પંચાયતોને સીધી ફાળવણી
- ૧૪ મા નાણા પંચ અંતર્ગત પાંચ વર્ષના સમયગાળામાં રૂા.૭,૭૭૧.૨૬ કરોડ બેઝીક ગ્રાન્ટ અને રૂા.૮૬૩.૪૭ કરોડ પરફોર્મન્સ ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે.

### સ્વચ્છતા અભિયાન

- સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના હેઠળ ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટે માર્કસ આધારે રૂા.૧ લાખ અને સફાઇ કરની વસુલાતની બમણી રકમ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે ચૂકવાઇ.
- ગુજરાત દેશભરમાં પ્રથમ વ્યક્તિગત શૌચાલયના બાંધકામ માટે રૂા.૮૦૦૦ થી ૧૨૦૦૦ સુધીની સહાય.
- સમગ્ર રાજ્યને ખુલ્લામાં શૌચમુકત કરવાનો નિર્ધાર.

### સુમેળ સાથે વિકાસની પહેલ

- છેલ્લા પાંચ વર્ષમાં એકપણ ફોજદારી ગુન્હો નોંધાયેલ ન હોય તેવા તીર્થગ્રામ જાહેરને રૂા.૨ લાખ અને છેલ્લા ત્રણ વર્ષમાં એકપણ ફોજદારી ગુન્હો નોંધાયેલ ન હોય તેવા પાવન ગામ જાહેરને રૂા.૧ લાખનું અનુદાન.
- સમગ્ર ગ્રામ પંચાયત યોજના હેઠળ સામાન્ય સમરસ ગ્રામ પંચાયતોને રૂા.૨ લાખથી ૩ લાખ અને મહિલા સમરસ ગ્રામ પંચાયતોને રૂા.૩ લાખથી રૂા.૭.૮૦ લાખ સુધીનું અનુદાન.અત્યાર સુધીમાં ૧૧૧૦૦ ગ્રામ પંચાયત સમરસ બનેલ તે પૈકી ૩૯૩ ગ્રામ પંચાયતો મહિલા સમરસ બનેલ છે.

### સર્વાંગી ગ્રામીણ વિકાસ

- સ્માર્ટ વિલેજ યોજના હેઠળ ગ્રામ પંચાયતોને ૩ વર્ષ દરમિયાન રૂા.૮૦ લાખથી રૂા.૨ કરોડ સુધીના અનુદાન માટે રૂા. ૧૮૫ કરોડની જોગવાઇ.
- સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ બે વર્ષમાં એક ગામ અને ૨૦૧૯ સુધીમાં ૩ ગામ પસંદ કરી ગામડાઓના વિકાસનું આયોજન

- ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ રાજ્યના ૧૪૦૦૦ ગામોને ઈ-કનેકટીવીટીથી જોડી ગ્રામ કક્ષાએ ઉપલબ્ધ કરાવવી.

### વ્યક્તિલક્ષી યોજનાઓ

- ઇન્દિરા આવાસ યોજના હેઠળ ૦ થી ૨૦ સુધીનો સ્કોર ધરાવતા બીપીએલ લાભાર્થીઓને રૂા.૯૮૦૦૦ ની સહાય વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૪-૧૫ સુધી કુલ- ૧૦૭૦૭૭૩ આવાસો બાંધવામાં આવ્યા.
- હવે પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ ગ્રામીણ આવાસ માટે રૂા.૧,૫૦,૦૦૦ સુધીની સહાય અપાશે.
- સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૨૧ થી ૨૮ સુધીનો સ્કોર ધરાવતા બીપીએલ લાભાર્થીઓને રૂા.૪૫૦૦૦ સુધીની આવાસ સહાય. અત્યાર સુધીમાં ૮,૭૦,૫૩૯ આવાસનું બાંધકામ પૂર્ણ.
- સરદાર પટેલ આવાસ યોજના-૨ હેઠળ બીપીએલ સિવાયના લાભાર્થીઓને રૂા.૪૦૦૦૦ સુધીની આવાસ સહાય. અત્યાર સુધીમાં ૩,૨૬,૦૫૦ આવાસ મંજૂર તે પૈકી ૧,૩૪,૦૯૩ આવાસો પૂર્ણ.
- ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત વચેટીયાઓની નાબુદી દ્વારા એક જ સ્થળે એકજ સમયે અત્યાર સુધીમાં ૯ તબકકાના કુલ-૧૪૫૩ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૧.૧૬ કરોડ લાભાર્થીઓને કુલ રૂા.૧૯૫૯૧.૮૨ કરોડની સહાય.
- મનરેગા યોજના હેઠળ નવા નાણાકીય વર્ષ દરમિયાન ૧૫૦ માનવદિન રોજગારીની જોગવાઇ અને દૈનિક રોજગારી રૂા.૧૮૮ કરવામાં આવી.

### પંચાયતીરાજ સંસ્થાનું મજબૂતીકરણ અને પંચાયતના કાયદાઓનું સરળીકરણ

- ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો અને સરપંચ તથા પ્રમુખ સહિતના પદમાં ૫૦ ટકા મહિલા અનામત
- જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની મુદત અઢી વર્ષ કરવામાં આવી.
- એકના એક ગામના સરપંચની બેઠક વારંવાર અનામત બેઠક તરીકે ન આવે તે માટે જરૂરી સ્પષ્ટતા સહિતની સુચનાઓ પરિપત્રિત કરી.
- સ્ટેમ્પ ડયુટી અને રેતી કંકર ગ્રાન્ટમાં સુચારૂ ઉપયોગ માટે સ્પષ્ટ માર્ગદર્શન
- ૧૪મા નાણાપંચમાં રૂા.૫ લાખ સુધીના કામો માટે વહીવટી મંજૂરીની સત્તા ગ્રામ પંચાયતને સુપ્રત.
- ગ્રામ પંચાયત અને સરપંચને જુદા જુદા પ્રસંગે કરવાના થતા ખર્ચની સત્તામાં વધારો કરવામાં આવ્યો.
- સ્વભંડોળમાંથી વિકાસના કામોની વહીવટી મંજૂરી આપવાની સત્તા સંબંધિત ગ્રામ પંચાયતને હોવાની સ્પષ્ટતા.

### ગામડાઓમાં સ્પેશિયલ સુવિધાઓનું નિર્માણ...

- જે ગામમાં પાંચ વર્ષમાં એકપણ ગુનો નોંધાયો નથી તેવા ગામને તીર્થધામ તરીકે બે લાખ અને પાવન ગામને એક લાખ પ્રોત્સાહન આપવામાં આવે છે. કુલ ૧૨૩૫ ગામો આ કેટેગરીમાં આવે છે.
- ગ્રામીણ વિસ્તારમાં ગ્રામ વન યોજના પંચવટીનો અમલ કરવામાં આવે છે.
- જે ગામમાં ચૂંટણી થતી નથી અને સમરસતાથી પંચાયતના સરપંચ પસંદ થાય છે તેવાં ગામોની સંખ્યા ૧૩૪૭૧ છે જે પૈકી ૬૫૨ ગામોમાં મહિલાઓ સમરસ જાહેર થયેલી છે. આ સ્કીમમાં સરકારે ચાલુ વર્ષે ૧૦ કરોડની જોગવાઈ કરી છે.

- ગ્રામ પંચાયતો સદ્ધર બને તે હેતુથી સરકાર વ્યવસાય વેરાના ૫૦ ટકા ગામડાઓને આપે છે. ચાલુ વર્ષે રૂ.૧.૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજનામાં સફાઈની જાળવણી માટે માસિક વ્યક્તિદીઠ બે રૂપિયાના બદલે ચાર રૂપિયા આપવામાં આવે છે, ચાલુ વર્ષે સરકાર ૮૭.૪૦ કરોડનો ખર્ચ કરશે.
- પંચાયતી રાજની સંસ્થાઓના નવાં બનાવવામાં આવેલા મકાનોમાં વીજળીની બચત થાય તે હેતુથી સોલાર રૂફટોપ યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેની પાછળ ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતની કચેરીના રેકોર્ડનું ડિજિટલાઈઝેશન તેમજ જિઓ ટેગિંગ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયતમાં અદ્યતન રેકોર્ડ રૂમ બનાવવામાં આવી રહ્યો છે.
- ગુજરાતના ૨૫૦ ગામોને વૃંદાવન ગ્રામ યોજનામાં આવરી લેવામાં આવ્યાં છે. આ યોજના માટે સરકારે રૂ.૧૦ કરોડનું બજેટ ફાળવ્યું છે.
- ૧૦ હજાર કે તેથી વધુ વસતી ધરાવતા અને આદિવાસી વિસ્તારમાં સાત હજારની વસતી ધરાવતા ગામો તેમજ ૮૨ તાલુકાને આવરી લઈ ૨૫૫ ગામડાઓને સ્માર્ટ વિલેજ (વતન પ્રેમ ) યોજનામાં સમાવવામાં આવ્યા છે.

### ગ્રામવિકાસની નવી બાબતો...

- મનરેગા યોજના હેઠળ ગ્રામીણસ્તરે આજીવિકારૂપી વ્યક્તિગત કામો તેમજ માળખાકીય કામો માટે રૂ.૧૦૦ કરોડ ખર્ચાશે.
- મનરેગા હેઠળ મહિલા ઉત્કર્ષની યોજના હેઠળ કામ કરી સ્વસહાય જૂથની મહિલા સભ્યોને બોરવેલ સાથે સોલાર પંપની સહાય દ્વારા સિંચાઈ આપવા રૂ.૨૫ કરોડનો ખર્ચ કરશે.
- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સ્વસહાય જૂથોને વ્યાજ સહાય આપવા માટે રૂ.૧૭.૬૭ કરોડની નવી બાબત શરૂ કરવામાં આવી છે.
- સ્વચ્છ ભારત મિશન હેઠળ ગોબરધન પ્રોજેક્ટના અમલીકરણ માટે આઉટસોર્સિંગથી કન્સલ્ટન્ટની સેવાઓ મેળવવામાં આવી રહી છે.
- રાજયના ૧૫ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીના નવીનીકરણ માટે પ્રત્યેક જિલ્લા એજન્સી દીઠ રૂ.૫૦ લાખની સહાય આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં સરકારે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે રૂ.૮૭૯૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.
- સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં ૭૫ ગ્રામ પંચાયતોની પસંદગી કરવામાં આવી, જે માટે રૂ.૧૩૧૯૭.૬૩ લાખના ખર્ચ સાથે ૧૬૫૦ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે.

સાફલ્યગાથા

# ડાંગ વન વિભાગે વિસ્તાર્યું સફેદ મુસળીના ઔષધિય પાકનું વાવેતર

કોરોનાના  કહેરને પગલે લાગુ કરવામાં આવેલા લોકડાઉન દરમિયાન પણ ડાંગ જિલ્લાના ખેડૂતોને ઘર-આંગણે જ રોજગારી મળી રહે, તે માટે ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા પીપલાઈદેવી ક્લસ્ટર નામના ગામમાં મોટે પાયે ઔષધીય વનસ્પતિ એવી સફેદ મુસળીનું વાવેતર કરવામાં આવ્યું. સ્થાનિક ખેડૂતોની આજીવિકામાં વધારો કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી જણાવ્યા અનુસાર તેમના કાર્ય વિસ્તારના પીપલાઈદેવી ક્લસ્ટરમા વન સમિતિ સાથે સંકળાયેલા ખેડૂતોને સફેદ મુસળીનુ બિયારણ પૂરું પાડવામાં આવ્યું છે. સને ૨૦૨૦/૨૧ના વર્ષ દરમિયાન આ વિસ્તારના કુલ ૧૦ ગામોના ૧૩૩ ખેડૂતોને ૧૧૧૦ કિલોગ્રામ બિયારણ પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઔષધીય પાકની ખેતપદ્ધતિ અંગે સમજ અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. પાક તૈયાર થતા આ ખેડૂતોને અંદાજીત ૩૩૩૦ કિલોગ્રામ ઉત્પાદન મળવાની સંભાવના વ્યક્ત કરી હતી.

આ અગાઉ વર્ષ ૨૦૧૯/૨૦માં પણ વન વિભાગ દ્વારા ૩૬ ગામોના ૩૨૪ ખેડૂતોને ૩૦૦૦ કિલોગ્રામ બિયારણનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાંથી તેમને ૮૨૭૯ કિલોગ્રામ સફેદ મુસળીનું ઉત્પાદન મળ્યું હતું. સફેદ મુસળીની માંગ અને તેનું બજાર જોતા અહીના ખેડૂતોને ઘર આંગણે જ આજીવિકા મળવા સાથે, તેમનું સ્થળાંતર અને જંગલ ઉપરનું ભારણ પણ ઘટાડી શકાયુ છે.

ડાંગ જિલ્લો એ ઓર્ગેનિક ખેતીનો જિલ્લો છે. ડાંગ જિલ્લો વન્ય ઔષધિઓથી ભરપૂર હર્યો-ભર્યો છે. સદીઓથી ડાંગના લોકો આ વન ઔષધિઓનો ઉપયોગ કરતા આવ્યા છે. નવી પેઢી પણ આ પરંપરા આગળ વધારી રહી છે. જેને કારણે ગામડાના લોકો હજી પણ દવાખાના કે મેડીકલ સ્ટોરનો સીમિત ઉપયોગ કરતા હોય છે. વર્તમાન સમયે પણ લોકો દવાખાનાથી દૂર રહેવાનું પસંદ કરે છે. કુદરતી જીવન જીવતા ડાંગી જનો ૯૫ થી ૧૦૦ વર્ષનું નિરામય જીવન પ્રકૃતિના ખોળે રહીને વ્યતિત કરી શકે છે.

સફેદ મુસળી એ પૌષ્ટિક તત્વોનો ભંડાર કહેવાય છે. અહીના લોકો તેની ભાજીનો પણ તેમના રોજીંદા ખોરાકમાં ઉપયોગ કરતા હોય છે. મુસળી અને મુસળી પાવડરનો વિવિધ શક્તિવર્ધક દવાઓ માટે ફાર્મા કંપનીઓના દ્વારા ઉપયોગ થાય છે. ઈન્દોર અને પુના જેવા શહેરોમાં તેનું ખૂબ મોટું બજાર જોવા મળે છે. ભારતભરમાં ભારે માંગ ધરાવતી સફેદ મૂસળીના ઉત્પાદનથી ડાંગ જિલ્લાના ખેડૂતો બે પાંદડે થાય, તેવો વન વિભાગનો પ્રયાસ છે.

# જનસંપર્કની આગવી પ્રણાલી વિકસાવતું સાંજણાસર ગામ

## એક સ્થળેથી અપાતી સૂચના ક્ષણભરમાં સમગ્ર ગામમાં પહોંચી જાય તેવું અદ્‌ભુત આયોજન

- કાલથી ગામમા સરકાર દ્વારા અનાજ વિતરણ થવાનું છે, જેથી સર્વ ગ્રામજનોને વિનંતી કે જેમના રાશનકાર્ડ નંબરનો છેલ્લો અંક ઝીરો અથવા એક છે તેમણે કાલે મોં પર માસ્ક પહેરી સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધીમાં સસ્તા અનાજની દુકાને આવવું''
- સર્વે ખેડૂત ભાઈઓને જણાવવાનું કે પી.જી.વી.સી.એલ. દ્વારા આવતીકાલ રાત્રે ૯ થી ૧ વાગ્યા સુધી વીજકાપ જાહેર કરવામાં આવ્યો છે જેથી રાત્રે પાણી વાળવા જતા ખેડૂતોએ આ બાબત ખાસ ધ્યાને લેવી.
- સર્વે માલધારી મિત્રોને જણાવવાનું કે ફોરેસ્ટ વિભાગ દ્વારા નીચાણવાળો વિસ્તાર પ્રતિબંધીત જાહેર કરાયો છે જેથી તે વિસ્તારમાં પોતાના માલ-ઢોર ચરાવવા જવું નહીં.

પાલીતાણાના સાંજણાસરના ગ્રામજનોએ વિકસાવેલો આધુનિક બુંગીયો આધુનિક સંચાર માધ્યમના ભાગ રૂપે અનેક પ્રકારની ઉપયોગી સૂચનાઓ ગામ જનોને મળતી થઈ છે. પહેલાના જમાનામાં કોઈ અગત્યની સૂચના આપવા ગામની મધ્યમાં ઢોલ વગાડી લોકોને તેની જાણ કરવામાં આવતી જેને બુંગીયો ઢોલ કહેવામાં આવતો હતો. આધુનિકતા ઉમેરી ઊભી કરાયેલી કંઈક આવી જ વ્યવસ્થા આજ સાંજણાસરના ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

ભાવનગર જિલ્લાના પાલીતાણાના સાંજણાસર ગામે સુચનાના આદાન-પ્રદાનની તેમજ જનસંપર્કની જે વ્યવસ્થા ઊભી કરાઈ છે તે ભારતભરમાં પ્રેરણાદાયી બની શકે તેમ કહેવામાં લગીરે અતિશયોક્તિ નથી. આ ગામમાં સરકારશ્રી દ્વારા ફાળવાયેલા ૭૦ હજાર તેમજ લોકફાળાના ૪૦ હજાર એમ કુલ ૧.૧૦ હજારના ખર્ચે જનસંપર્કની એક આધુનિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સમગ્ર ગામને આવરી લે તે રીતે ગામના દરેક ચોકમાં ૧૨ જેટલા લાઉડ સ્પીકર લગાવવામાં આવ્યા છે. ગ્રામ પંચાયત કચેરીએથી માઈક વડે અપાતી લોકોપયોગી સૂચનાઓ કે કોઈ અગત્યનો સંદેશો આ ૧૨ લાઉડ સ્પીકર મારફત એક સાથે એક જ ક્ષણે ગામના તમામ લોકો સુધી પહોંચી જાય છે.

આજના યુગમાં આધુનિક શહેરો તેમજ સોસાયટીઓમાં વસતા લોકો વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી સરળતાથી સંદેશ તેમજ સૂચનાઓ પ્રાપ્ત કરી શકે છે ત્યારે સાંજણાસર ગામના લોકોએ વિકસાવેલી આ વ્યવસ્થા અબાલ-વૃદ્ધ, સાક્ષર-નિરક્ષર સૌ કોઈને તેમના ઘર સુધી છેલ્લી ઘડીની સૂચના આપવાનું કાર્ય કરી સુગ્રથિત કરવાનું કામ કરે છે. આ ગામના રામુબહેન જણાવે છે કે, "લાઉડ સ્પીકર દ્વારા પંચાયત કચેરીએથી સરકારશ્રીની વિધવા સહાય યોજનાના રૂ.૧,૨૫૦/- તેમજ જન ધન ખાતામા રૂ.૫૦૦/- જમા કરવામા આવનાર છે જે માટે જરૂરી ડોક્યુમેન્ટસનુ લિસ્ટ પણ જણાવવામાં આવ્યું અને આજે આ વ્યવસ્થાના કારણે મને સરકારશ્રી દ્વારા મળતા લાભો સરળતાથી ઉપલબ્ધ થયા છે."

શ્રી બાલુભાઈ હાદાભાઈ નામના ગામના એક ખેડૂત જણાવે છે કે, "ઘણી વખત ખેતરમા પાણી વાળવા જઈએ ત્યારે વીજ કાપના કારણે મોટર બંધ રહે અને અમારે અકારણ ખેતર સુધીનો ધક્કો થતો પરંતુ હવે વીજકાપની જાણ લાઉડ સ્પીકર દ્વારા અગાઉથી જ કરી દેવામાં આવે છે જેથી અમારો અકારણ વેડફાતો સમય બચે છે. આ સિવાય ડેમ સાઈટ પરથી કાપ મેળવવા માટેની સુચના પણ મળે છે. જેથી અમે અમારા ટ્રેક્ટર મારફત નિયત સમયમર્યાદામા કાપ લાવી શકીએ છીએ. જેથી અમને ખેતીમાં પણ ખુબ સારો ફાયદો થાય છે."

"બીજલભાઈ બોળીયા જણાવે છે કે, "અગાઉ અમારા પશુઓને રોગ થતાં તો અમારે ખાનગી ડૉક્ટરો પાસે ખૂબ ખર્ચ વેઠવો પડતો પરંતુ હવે આ લાઉડ સ્પીકરની વ્યવસ્થાથી સરકારી પશુ કેમ્પ તેમજ પશુ રસીકરણની અમને આગોતરી જાણ થાય છે. જેથી અમારા પશુઓમાં મરણનું પ્રમાણ ઘટયું છે તેમજ અમારી આર્થિક બચત પણ થઈ રહી છે." સાંજણાસર ગામના એક વેપારી વિષ્ણુભાઈ વ્યાસ જણાવે છે કે, "સરકાર તેમજ કલેકટર સાહેબના કોરોના અંગેના જાહેરનામા વિશે અમને આ વ્યવસ્થા દ્વારા જાણકારી મળી રહે છે. જેથી અમારે દુકાનો ક્યારે ખોલવી અને ક્યારે બંધ કરવી તેમજ કેવા પ્રકારની વસ્તુઓનું વેચાણ કરવું વગેરે જેવી બાબતોની સરળ સચોટ માહિતી મળતી થઈ છે. "ગામના બાળકો માટે બેંકમાં શિષ્યવૃત્તિ માટેના ખાતા ખોલાવવા, ઓનલાઈન પરીક્ષા તેમજ હોમવર્કની સૂચના તેમજ પુસ્તક વિતરણ વગેરે જેવી શૈક્ષણિક સૂચનાઓ મળી રહેતા અમને ઘણી રાહત થઈ છે અને અમે નિશ્ચિંત બન્યા છીએ"

ગામના સરપંચ શ્રી વિક્રમભાઈ બારડ તથા ગામની શાળાના ઉપાચાર્ય શ્રી પ્રવીણભાઈ ગોહિલ જણાવે છે કે, 'ગ્રામજનોએ પોતાની કોઠાસૂઝથી ઊભી કરેલી આ વ્યવસ્થા ગ્રામજનો માટે આજે "સર્વ જન હિતાય સર્વજન સુખાય" સાબિત થઈ રહી છે.

જિલ્લો: ભાવનગર

તાલુકો: પાલીતાણા

ગામ: સાંજણાસર

# બેંકની નોકરી છોડી સરપંચ બનેલા યુવાને ગામના વિકાસને આપી નવી દિશા

## ઝાલોદ તાલુકાના કારઠ ગામનું નેતૃત્વ કરતા હર્ષદભાઇ નાયકે રાજ્ય સરકારની યોજનાઓનો ઝડપથી અમલ કરાવી ગામના લોકોની સુવિધામાં વૃધ્ધિ કરી

ગ્રામીણ કક્ષાએ જરૂરી ભૌતિક સુવિધાઓ ઊભી કરવાની નેમ અને સબળ નેતૃત્વના પરિણામે વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે. આ બાબતનું ઉત્તમ ઉદાહરણ ઝાલોદ તાલુકાનું કારઠ ગામ છે. બેંકની નોકરી છોડી સરપંચ બનેલા યુવાને કારઠ ગામના વિકાસને નવી દિશા આપી છે.

ઝાલોદ તાલુકામાં લીમડી નજીક આવેલા કારઠ ગામમાં પ્રવેશતા જ તુરંત તમને ગામમાં થયેલા વિકાસના કામો ઉડીને આંખે વળગે છે. સ્વચ્છ ભારત અભિયાનનું પ્રતિબિંબ આ ગામમાં ઝીલાય છે. ગામમાં સવારના સમયે ઘરેઘરેથી કચરાનું એકત્રીકરણ થતું જોવા મળે છે. કારઠ ગામના ૭૫ ટકા વિસ્તારને આરસીસી રસ્તાથી આવરી લેવામાં આવ્યા છે. ગામમાં રસ્તા સિમેન્ટના બનવાના કારણે ગ્રામજનોને ખૂબ સરળતા થઈ છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન પણ ગામમા ગંદકી જોવા મળતી નથી. પહેલા ગામમાં પાણી વિતરણની સમસ્યાઓ હતી. ગામના કેટલાક ઘરોને અપૂરતા ફોર્સથી પાણી મળતું હતું. તે સમસ્યાને ધ્યાને લઈ પાણી વિતરણની વ્યવસ્થામાં ફેરફાર કરી ડિસ્ટ્રીબ્યુશન વાલ્વનું કેન્દ્રીકરણ કરવામાં આવ્યું. હવે માત્ર એક જ જગ્યાએથી પાણી વિતરણનું સંચાલન કરવામાં આવે છે. જેતે વિસ્તારનો વાલ્વ ખોલો એટલે પીવા માટે શુદ્ધ પાણી ઘર સુધી પહોંચી જાય છે.

પંચાયતોના વિકેન્દ્રીકરણ બાદ સરપંચ બનેલા શ્રી હર્ષદભાઈ નાયકે નેતૃત્વ સંભાળતાની સાથે ગામના વિકાસને નવી દિશા આપી છે. તેઓનું જીવન પણ

ખુબજ રસપ્રદ છે. હર્ષદભાઈ પહેલા બેંકમાં નોકરી કરતા હતા અને નોકરીની સાથે ટેન્ટનો કારોબાર કરતા હતા. પણ સરપંચ તરીકે ગામનો વિકાસ કરવાનો તેમના પ્રબળ મનોબળના કારણે સહકારી બેંકની નોકરી છોડી દીધી હતી. સરપંચ બનતાની સાથે જ હર્ષદભાઈએ ગામના યુવાનોને ધ્યાને રાખીને ગામના રમતગમતના મેદાનનો વિકાસ કરવાનું નક્કી કર્યું અને ગામના પાદરમાં જ સરસ મજાનું મેદાન બનાવ્યું છે. આ મેદાનમાં રજાના દિવસોમાં રમતગમતનો મેળાવડો જામે છે. ક્રિકેટની મેચો જામે છે. એ સિવાયની અન્ય રમતો માટે પણ યુવાનો ઉત્સાહ દાખવે છે. આના પાછળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'ખેલો ઈન્ડિયા' અને 'ફિટ ઈન્ડિયા' અભિયાન પરિબળ સમાન છે. માત્ર આટલું જ નહીં, ગામની શાળાને હર્ષદભાઈએ પોતાના ખર્ચે રંગરોગાન કરાવી ઈમારતને સુંદરતા બક્ષી છે. શાળામાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. ગામના બાળકોને ઉત્તમ

વાતાવરણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે તેઓએ સતત સક્રિય કાર્યો કર્યા છે. આંગણવાડીના બાળકો માટે પણ નવું બિલ્ડિંગ બનાવવા માટે ગ્રામ પંચાયતનું આયોજન છે. રમતગમતના મેદાન પાસે જ આવેલા સ્મશાનનું નવીનીકરણ કરવામાં આવ્યું અને સ્મશાનની પાસે એક ચેકડેમ બનાવવામાં આવ્યો છે. સ્મશાનને અડીને સ્નાનઘાટ બનાવવામાં આવ્યો છે. હાલમાં ત્યાં ઉપવન બનાવવાની કામગીરી ચાલી રહી છે. ફળફળાદી સહિતના રોપા વાવવામાં આવ્યા છે. માત્ર વાવીને જવાબદારી પૂર્ણ ન કરી દેતા ત્યાં ફેન્સિંગ કરવામાં આવ્યું છે. રોપાને પાણી માટે ઈરિગેશનની સુવિધા આપવામાં આવી છે.

ગ્રામ પંચાયતના સભ્યો ઉપરાંત ગામના યુવાનો પણ હર્ષદભાઈ સાથે ખંભેથી ખંભા મિલાવી કામ કરે છે. કોઈને સરકારી સહાય માટે કે ગ્રામજનોના સુખ દુ:ખના પ્રસંગે હર્ષદભાઈ તેમની પડખે ઊભા રહે છે. ઝાલોદ જિલ્લામાં આવેલા કારઠ ગામના સરપંચ શ્રી હર્ષદભાઈ જણાવે છે કે, "ગામડાઓના વિકાસ માટે અનેક પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી છે. તેના કારણે ગામડાઓનો વિકાસ થઇ રહ્યો છે. આ માટે મુખ્યમંત્રીશ્રીનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ"

જિલ્લો: દાહોદ

તાલુકો: ઝાલોદ

ગામ: કારઠ

# નારી શક્તિનો સાક્ષાત્કાર કરાવતું નવાનગર ગામ

## હિંમતનગરની નવાનગર પંચાયત કે જ્યાં વિકાસનો દોર મહિલાઓ સંભાળે છે

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરનું નવાનગર એક એવુ આદર્શ ગામ છે કે, જ્યાં પંચાયતમાં આજ દિન સુધી કોઇ ચૂંટણી યોજાઇ નથી. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પંચાયતની ચૂંટણીમાં ગામમાં વેરભારના બીજ ન વવાય તે માટે 'સમરસ ગામ' યોજના શરૂ કરી હતી. જે યોજનાને ફળીભૂત કરી રહ્યુ છે. નવાનગર ગામની ખાસ વાત એ છે કે, આ ગામમાં સરપંચ સહિતના તમામ ગ્રામપંચાયતના સભ્યો મહિલાઓ છે.

પ્રતિવર્ષ ઉજવાતા ૮મી માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીને આ ગામ પ્રતિદિન ઉજવે છે. આ ગામની મહિલાઓને યાદ કરી નારી શક્તિનુ ગૌરવ લેવા જેવુ છે. નવાનગર ગામ આમ તો માંડ ૬૦૦ લોકોની વસ્તી ધરાવતુ ગામ છે. પરંતુ આ ગામ ખૂબ જ સમૃદ્ધ ગામ છે. આ ગામમાં મુખ્ય ખેતી સાથે જોડાયેલા લોકો વસે છે. ગામના સરપંચ મમતાબેન પટેલ જણાવે છે કે, "આ ગામમાં અમે કયારેય ચૂંટણી યોજી નથી. ઘર અને ગામના વિકાસમાં મહિલાઓ ખૂબ જ રસ દાખવે છે. અમારું ગામ ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલુ ગામ છે. જેથી અમારે સિંચાઇ માટે પાણીની જરૂરીયાત હોય છે. પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે અમે ગ્રામજનોએ સ્વયંમ ગામનું તળાવ ઊંડુ કરાવી સંપ બનાવી ડ્રિપ ઇરીગેશન થકી ખેતી કરી રહ્યા છીએ." વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, "આ ગામમાં વડાપ્રધાનશ્રીના 'સ્વચ્છ ભારત અભિયાન' અને પ્લાસ્ટીક મુક્ત ભારત જેવા અભિયાનને અનુસરી

સ્વચ્છ ગામ સુંદર ગામનું નિર્માણ કર્યું છે. અમે ગામમાં પાંચ સખી મંડળ પણ ચલાવી રહ્યા છીએ જેમાં અમે અમારી બચત મૂકીએ છીએ અને જ્યારે ગામની અન્ય મહિલાઓને ઘરે પ્રસંગ હોય કે બાળકોના શિક્ષણ માટે પૈસાની જરૂર હોય ત્યારે અમે આ બચતમાંથી ઓછા વ્યાજે લોન આપીએ છીએ. ૬૦૦ લોકોની વસ્તી ધરાવતા આ ગામના કાર્યોની અને આયોજનની સુવાસ ગુજરાતના અનેક ગામો સુધી પહોંચી રહી છે. આ ગામમાં આવેલી દૂધમંડળીમાં પણ મહિલાઓ સભ્ય છે."

અનેક લોકો આ ગામની પિયત મંડળીની મુકાલાતે આવે છે અને પાણીનો યોગ્ય અને કરકસરપૂર્વક ઉપયોગ કેવી રીતે કરવો તે શીખે છે. ખરેખર આ ગામને મહિલાઓ દ્વારા આદર્શ ગામ બનાવવામાં આવ્યું છે. જે મહિલા શક્તિની સમજ અને દુરદર્શીતાના દર્શન કરાવે છે.

જિલ્લો: સાબરકાંઠા

તાલુકો: હિંમતનગર

ગામ: નવાનગર

# શિક્ષિત સરપંચે નગીચાણા ગામની કરી કાયાપલટ

- ગામમાં ૧૦૦ ટકા ઘરોમાં શૌચાલય
- રૂા.૪૫ લાખના ખર્ચે તમામ રસ્તા પેવર બ્લોકથી મઢાયા
- ઘરે-ઘરે નળ દ્વારા પાણી વિતરણ
- સી.સી.ટી.વી કેમેરાથી સજ્જ ગામ
- ખાનગી શાળાને ટક્કર આપે તેવું રૂા.૭૫ લાખના ખર્ચે નિર્મિત પે સેન્ટર શાળાનું બિલ્ડીંગ
- ગ્રામ પંચાયતનુ અદ્યતન બિલ્ડીંગ
- જિલ્લા દુધ સંઘનું બી.એમ.સી સેન્ટર
- ગ્રામજનોને સ્વચ્છતા-સવલતો આપી નગીચાણા બન્યું આદર્શ ગામ

જૂનાગઢ જિલ્લામાં આવેલા માંગરોળ તાલુકાના નગીચાણા ગામમાં પ્રવેશો ત્યાં જ આંખને ઠારે તેવા દ્રશ્યો નજરે પડે છે. સુંદર પ્રવેશદ્વાર, ડોમ અને બન્ને બાજુ લીલાછમ વૃક્ષોના પ્રાકૃતિક સુંદર પ્રવેશ દ્વારથી જ તમારું સ્વાગત થાય છે. ગામનું બસ સ્ટેન્ડ પણ આદર્શ પ્રાથમિક શાળાનું અદ્યતન બિલ્ડીંગ, ફર્નીચર, કોમ્પ્યુટર સહિતની સુવિધાથી સજ્જ ગ્રામ પંચાયત કચેરી છે અને ગામની સ્વચ્છતા તો ઉડીને આંખે વળગે એવી છે. અંદાજે ૩,૨૫૭ લોકોની વસ્તી ધરાવતા નગીચાણામાં ૬૦૦થી વધુ કુટુંબો વસવાટ કરે છે. આ તમામના ઘરમાં શૌચાલયની સુવિધા છે. આહિર, મુસ્લિમ, દલિત, રબારી અને અન્ય સમાજના લોકોની વસ્તી ધરાવતા આ ગામના તમામ રસ્તા રૂ.૪૫ લાખ ઉપરાંતના ખર્ચે પેવર બ્લોકથી મઢી દેવામાં આવ્યા છે. પીવાના પાણીની મુશ્કેલી નિવારવા 'નલ સે જલ' યોજના તળે ઘરે-ઘરે નળ લગાવવામાં આવ્યા છે. નળ દ્વારા નિયમિત રીતે પાણીનું વિતરણ થાય છે. ગ્રામજનો અને પંચાયતની સજ્જતા એવી છે કે સી.સી.ટી.વી. કેમેરાથી ગામને સજ્જ કરવામાં આવ્યું છે.

પીવાનું પાણી, રસ્તા અને પ્રાથમિક શિક્ષણ ગામડાની પાયાની જરૂરીયાતો છે. જેમાં નગીચાણાની પે સેન્ટર પ્રાથમિક શાળા આદર્શ શાળા છે. ૯ કલાસરૂમ ધરાવતું રૂા.૭૫ લાખના ખર્ચે વિશાળ ગ્રાઉન્ડ સાથેનું બિલ્ડીંગ શહેરની ખાનગી શાળાને ટક્કર મારે છે. ૪ વિઘા જમીનમાં પથરાયેલી શાળામાં ગામના સરપંચ મસરીભાઇ પીઠીયા, આચાર્ય દિલીપભાઇ નંદાણીયા તેમજ શિક્ષકો દ્વારા નારીયેલીનું વાવેતર કરી શાળાને નિયમિત રૂપે વાર્ષિક રૂા.૬૦ હજારની આવક મળે તેવું આયોજન કરાવામાં આવ્યું છે.

ધો.૧૨ સુધી ઉચ્ચત્તર માધ્યમિક શાળાની સુવિધા ધરાવતા નગીચાણા ગામમાં પ્રવેશતા જ ગ્રામ પંચાયત બિલ્ડીંગ નજરે પડે છે. ગ્રામ પંચાયતની બિલ્ડીંગમાં ફર્નીચર, કોમ્પ્યુટર, માઇક સિસ્ટમની સુવિધા જોતા જ તમને ખ્યાલ આવશે કે આ ગામના સરપંચ શિક્ષિત હશે અને પ્રગતિશીલ વિચારધારા ધરાવતા હશે. વર્ષ ૨૦૧૮-૧૯માં મસરીભાઇ પીઠીયા નગીચાણાના સરપંચ બન્યા હતા. તેમનો નિર્ધાર હતો કે, મારું ગામ આદર્શ ગામ બને અને એક-એક ગ્રામજનોને રસ્તા, પાણી, આરોગ્ય તેમજ શિક્ષણની સુવિધા મળી રહે ઉપરાંત ગામ સ્વચ્છ રહે, ગંદકી નાબુદ થાય, ૧૦૦ ટકા બાળકો શિક્ષણ મેળવે, ૧૦૦ ટકા ઘરોમાં શૌચાલય બને તેમનો આ નિર્ધાર ગ્રામજનો અને પંચાયતના સભ્યોના સહકારથી સાકાર થયો. તેમની આ કામગીરીમાં યુવાન તલાટી રમેશ વાઢેરનો સહયોગ મળ્યો છે. માથુ રહે ગામમાં ને ધડ લડે મેસવાણમાં ધન્ય એ સુર સપુત વીર હિમારાબાપાના ગામ નગીચાણામાં આરોગ્યની સુવિધા માટે પેટા આરોગ્ય કેન્દ્ર, દૂધની ડેરી, જિલ્લા સંઘનું દૂધ કલેકશન માટે બી.એમ.સી સેન્ટર, એલઇડી સ્ટ્રીટલાઇટ, શાક-માર્કેટ, સહકારી મંડળી, જયોતિગ્રામ, ગૌશાળા સહિત ગ્રામ્ય વિસ્તારની તમામ જરૂરીયાત નગીચાણામાં સંતોષાય છે. આથી જ વર્ષ

૨૦૧૯માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં નગીચાણા ગામને આદર્શ ગામનો એવોર્ડ મળ્યો હતો. વિજ્ઞાનભવન દિલ્હી ખાતે સરપંચશ્રીએ એવોર્ડ સ્વીકારી ગામને વધુ પ્રગતિશીલ બનાવવા સંકલ્પબધ્ધ થયા છે.

નગીચાણાની અદ્યતન પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર લેબ બનાવવા સરપંચ દ્વારા તેમના પિતા કાનાભાઇ પીઠીયાના અવસાન નિમિત્તે રૂા.૨ લાખ દાન આપવામાં આવ્યું હતું. જ્યારે મેણસીભાઇ પીઠીયા દ્વારા પ્રાથમિક શાળામાં આચાર્યની ઓફિસ બનાવવા માટે રૂા.૨ લાખનું દાન અપાયું હતું. કોમ્પ્યુટર લેબમાં મૂળ નગીચાણાના પણ વ્યવસાય અર્થે કતાર સ્થિત જગદીશભાઇ પીઠીયાએ પાંચ કોમ્પ્યુટર આપ્યા હતા ગ્રામજનોના આ ઉત્સાહને જોઇ શાળાના તમામ શિક્ષકો દ્વારા પણ કોમ્પ્યુટર લેબ માટે એક-એક કોમ્પ્યુટર આપવામાં આવશે. સંપીલા અને સુખી ગામની આજ તો મજા છે. નગીચાણાના વિકાસકાર્યોની પ્રગતિ અને ગુણવત્તા જોઇ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા શાળા કમ્પાઉન્ડ માટે રૂા. ૧૩ લાખની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

જિલ્લો: જૂનાગઢ
તાલુકો: માંગરોળ
ગામ: નગીચાણા

# ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’નો મંત્ર આત્મસાત કરતું બોટાદ જિલ્લાનું માંડવધાર ગામ

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના માંડવધાર ગામે સ્વચ્છતાના ક્ષેત્રે પથદર્શક કામ કર્યું છે. અંદાજે આઠ હજારની વસ્તી ધરાવતા આ ગામે સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો ધ્યેયમંત્ર આત્મસાત કર્યો છે. ‘સ્વચ્છતા મિશન’ હેઠળ માંડવધાર ગામે દરેક ઘરમાં જઈ કચરો ઉઘરાવવાની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન યોજનાનું સફળતાપૂર્વક અમલીકરણ થઈ રહ્યું છે. આ અમલીકરણનો સૌથી મહત્વનો મુદ્દો છે ગ્રામજનોની લોકભાગીદારી.

ગામની સ્વચ્છતા ઝુંબેશની ગૌરવ-ગાથા વર્ણવતા માંડવધારના તલાટી-મંત્રી શ્રીનું કહેવું છે કે, “અમે ગામના દરેક ઘરમાંથી કચરો એકઠો કરીએ છીએ. આ કચરાનો ચોક્કસ જગ્યાએ નિકાલ કરીએ છીએ, જેથી ગામની શેરીઓ સ્વચ્છ રહે.” તેઓ આ વ્યવસ્થા પર વધુ પ્રકાશ પાડતા કહે છે કે, “અમે ગામના દરેક ઘરમાં કચરાપેટી આપી છે. આ કચરાપેટીમાં એકત્રિત થતો કચરો ભેગો કરવા દરરોજ સવારે એક ટ્રેક્ટર વિવિધ શેરીઓમાં જાય છે. આ ટ્રેક્ટરની મદદથી એકત્રિત કરેલો કચરો નક્કી કરવામાં આવેલા સ્થળે નિકાલ કરવામાં આવે છે. સ્વચ્છતા અંગે જાહેર સૂચના આપવી હોય ત્યારે અમે પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો પણ ઉપયોગ કરીએ છીએ. આ સૂચના-પદ્ધતિ થકી લોકજાગૃતિ પણ ઊભી કરીએ છીએ.”

ગ્રામજનોએ ગામમાં સ્વચ્છતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. ગામમાં એક પણ જગ્યાએ ગંદા પાણીનો નિકાલ થતો નથી કારણ કે ગામમાં ભૂગર્ભ ગટર યોજનાનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવ્યો છે. જ્યારે ગ્રામના અગ્રણ શ્રી કલ્પેશભાઈને પૂછવામાં આવ્યું કે, “ગામને સ્વચ્છ રાખવામાં લોકોનો સહકાર કેવી રીતે મેળવો છો?” આ પ્રશ્નનો કલ્પેશભાઈ ગામઠી શૈલીમાં પ્રતિઉત્તર આપતા જણાવે છે કે, “આપણે સૌ પહેલા નિયમમાં આવવું પડે, પસી બીજા વિશે કે બીજાને

કંઈક કહી શકીએ.'' મતલબ - પહેલા અમે સ્વચ્છતાના નિયમોનું પાલન કરીએ છીએ એટલે ગામના બીજા લોકોને પ્રેરણા મળી રહે છે. ગામની સ્વચ્છતા ઝુંબેશનો ચિતાર આપતા તેઓ કહે છે કે, સ્વચ્છતા જાળવવા માટે અમે બહુ સાદો રસ્તો અપનાવ્યો છે. અમારા ગામમાં બધા સવારે સૌ પોત-પોતાનું આંગણુ સાફ કરી કચરો એકઠો કરી લઈએ છીએ અને તે કચરો એકઠો કરવા આવતા ટ્રેક્ટરને આપી દઈએ છે. તેથી ગામમાં ક્યાંય ગંદકી જોવા મળતી નથી.

એવું નથી કે માંડવધારે માત્ર સ્વચ્છતા ક્ષેત્રે જ પ્રસંશનીય કામ કર્યું છે. ગ્રામ પંચાયતે આવાસ, ખેતી, આરોગ્ય, શિક્ષણ —એમ તમામ ક્ષેત્રોમાં નોંધનીય કામ કર્યું છે. આ વરસે રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે ધરતીપુત્રો માટે જાહેર કરેલી સહાયની રકમ ગામના ખેડૂતોને સત્વરે મળે તે માટે પંચાયતે યોગ્ય વ્યવસ્થા કરી છે. ગામના અંદાજે ૨૦ હજાર ખેડૂત ખાતેદારોના બેન્ક એન્કાઉન્ટમાં એક કરોડ પાંત્રીસ લાખથી વધુ રકમ જમા થઈ છે. ગ્રામ પંચાયતે ગામના એક પણ વિધવા બહેનોને 'વિધવા પેન્શન'થી વંચિત ન રહે તે માટેની વિશેષ કાળજી લીધી છે. ગામની ૧૩૫ વિધવા બહેનોને દર મહિને વિધવા પેન્શન યોજના હેઠળ ૧૨૫૦ રૂપિયા મળે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. ગ્રામજનોને તમામ સુવિધાઓ ઘરઆંગણે મળી રહે તે માટે ગ્રામ પંચાયત દ્વારા સરાહનીય પ્રયાસો થયા છે. ગામના ઈ-ગ્રામ સેન્ટરમાં ડિજિટલ સેવાઓ ઉપ્લબ્ધ છે, જેથી ગ્રામજનોને તાલુકા મથકે પણ જવું પડતું નથી.

નોંધપાત્ર બાબત એ છે કે માંડવધારમાં જ્યારે કોઈ વિકાસલક્ષી કામ કરવાનું હોય ત્યારે શાળાના આચાર્ય, દરેક જ્ઞાતિના પ્રતિનિધિ, સહકારી મંડળીના આગેવાન અને હિરા ઉદ્યોગના આગેવાનની બેઠક મળે છે. આ બેઠકમાં આયોજન અંગે ચર્ચા-વિચારણા થાય છે અને ત્યારબાદ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવે છે. ટૂંકમાં કહી શકાય કે માંડવધાર ગામે ગાંધીજીના ગ્રામ-સ્વરાજના વિચારોને મૂર્તિમંત કરી અન્ય ગામો માટે નેતૃત્વ અને લોકભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

જિલ્લો: બોટાદ

તાલુકો: ગઢડા

ગામ: માંડવધાર

# વિકાસના પરિમાણોને પરિપૂર્ણ કરતું જાફરીપુરા ગામ

- ૧૦૦% સાક્ષર ગામ
- ૧૦૦% નળ કનેક્શન
- ૧૦૦% ગટર કનેક્શન
- ૧૦૦% ઘરોમાં શૌચાલય
- ૧૦૦% સી.સી. રોડ – ફૂટપાથ સાથે
- સી.સી.ટી.વી કેમેરા અને વાઈ-ફાઈથી સજ્જ
- જાહેરમાર્ગો પર એલ.ઈ.ડી સ્ટ્રીટલાઈટ્સ
- જાહેરમાર્ગો પર થૂંકદાની અને કચરાપેટીની વ્યવસ્થા
- મિનરલ વૉટર પ્લાન્ટ થકી પીવાના શુદ્ધ પાણીની વિતરણ વ્યવસ્થા
- ગુટખાના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ
- છેલ્લા ૨૫ વર્ષમાં એકપણ ગુનો નોંધાયો નથી

મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, "ભારતના ગામડાઓનો સર્વાંગી વિકાસ સધાશે તો જ દેશ સમૃદ્ધ બનશે અને એ જ સાચું ગ્રામસ્વરાજ." પૂજ્ય બાપુના આ શબ્દોને સાર્થક કરી રહ્યું છે પાટણ જિલ્લાનું સિદ્ધપુર તાલુકાનું જાફરીપુરા ગામ. જે શહેરી વિસ્તારથી પણ ચડિયાતી પ્રાથમિક સુવિધાઓ સાથે સમરસ પંચાયત થકી સર્વાંગી વિકાસના સોપાન સર કરી રહ્યું છે. આદર્શ ગામ તરીકે પરિપૂર્ણતાના પરિમાણોને સિદ્ધ કરતું સિદ્ધપુર તાલુકાનું જાફરીપુરા ગામ હાલ એક હજારની વસ્તી ધરાવે છે. સિદ્ધપુરથી થોડા અંતરે આવેલા આ નાનકડા ગામમાં તમામ આર.સી.સી રોડ, ફૂટપાથ અને કતારબદ્ધ વૃક્ષો સહિતની સગવડ શહેરના કોઈ પૉશ વિસ્તારની સુંદરતાને પણ ઝાંખી પાડે તેવી લાગે છે. પાસે આવેલા સહેસા ગામની જૂથ પંચાયતમાંથી સ્વતંત્ર પંચાયત તરીકે સ્થાપિત થયા બાદ છેલ્લા તેર વર્ષમાં જ જાફરીપુરા રળીયામણું ગામ બન્યું છે.

'ગામ' શબ્દ સાંભળતા જ ઉકરડા અને કચરાના ઢગલા સહિતના માનસપટ પર ઉભરી આવતા ચિત્રથી બિલકુલ વિપરીત જાફરીપુરામાં ગ્રામ પંચાયત દ્વારા નિયુક્ત કરવામાં આવેલા હંગામી સફાઈકર્મીઓ દ્વારા ગામની નિયમિત સફાઈ કરવામાં આવે છે. ઉપરાંત જાહેરમાર્ગો પર નિયત અંતરે થૂંકદાની અને

કચરાપેટીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સ્વચ્છતાગ્રહ અને સ્વયંશિસ્તને નૈતિક જવાબદારી રૂપે સ્વીકારી જાફરીપુરાના ગ્રામજનો ગામને સ્વચ્છ રાખવામાં પૂરતો સહયોગ પણ આપે છે. ખુલ્લામાં શૌચ મુક્ત ગામના અભિયાન પહેલાંથી એટલે કે લગભગ છેલ્લા ૨૫ વર્ષથી આ ગામના તમામ ઘરોમાં શૌચાલય છે. ગામની સ્વચ્છતા માટે કેન્દ્ર સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૦૭માં 'નિર્મળ ગામ' પુરસ્કાર અને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં સ્વચ્છ ગામ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે.

માળખાકિય સુવિધાઓમાં અવ્વલ એવા જાફરીપુરાના જાહેરમાર્ગ ઉપરાંત ગલી-મહોલ્લા સહિતના આર.સી.સી. રોડની સાથે રસ્તાની બંને બાજુ ફૂટપાથ છે. તમામ માર્ગો પર એલ.ઈ.ડી સ્ટ્રીટ લાઈટ્સ, રસ્તાની એક તરફ વિજળીના થાંભલા અને નીચે અંડરગ્રાઉન્ડ ગટરલાઈન તો બીજી તરફ કતારબદ્ધ વૃક્ષો પંચાયતના ગ્રામ આયોજનનું ઉત્તમ ઉદાહરણ છે. વરસાદની ઋતુમાં અડધો ઈંચ પણ પાણી ન ભરાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ જાહેરમાર્ગોની જાળવણી માટે રસ્તા પર પાણી ઢોળનાર પાસેથી પ્રથમ વખત રૂ.૫૦૦/- અને બીજી વખતથી રૂ.૧,૦૦૦/- નો દંડ પંચાયત દ્વારા નક્કી કરવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાંક વર્ષોમાં શહેરોમાં મિનરલ વૉટરના વપરાશનું ચલણ વધ્યું છે. ત્યારે જાફરીપુરાના ગ્રામજનો છેલ્લા તેર વર્ષથી મિનરલ વૉટર પ્લાન્ટનો ઉપયોગ કરી રહ્યા છે. ૧૦૦ ટકા 'નલ સે જલ' ધરાવતા આ ગામના દરેક ઘરમાં 'ઘરોઈ જૂથ યોજના'નું પાણી નળ કનેક્શન દ્વારા આપવામાં આવે છે. પીવાના પાણીની અગવડ ન પડે તે માટે ગામમાં ૨.૫૦ લાખ લીટરની ક્ષમતા ધરાવતી ઑવરહેડ અને અંડરગ્રાઉન્ડ ટાંકી પણ છે. જાફરીપુરા ગામની પાણી સમિતિને વર્ષ ૨૦૧૬માં વાસ્મો દ્વારા પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. બદલાતા સમય સાથે કદમ મિલાવતા જાફરીપુરા ગામમાં વાઈ-ફાઈની સુવિધા પણ ઉપલબ્ધ છે. સાથે જ જાહેરમાર્ગો અને મહોલ્લાઓને સી.સી.ટી.વી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. ૧૦૦ ટકા સાક્ષરતા દર ધરાવતા આ ગામમાં અંગ્રેજી માધ્યમની પ્લેગૃપ, એલ.કે.જી અને યુ.કે.જી ધરાવતી નાનકડી ખાનગી શાળા પણ છે. શિક્ષિત ગ્રામજનોએ વ્યસનને જાકારો આપી ગામમાં ગુટખાના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. સામાજિક સુમેળ જાળવી સૌહાર્દપૂર્ણ વાતાવરણ ધરાવતાં જાફરીપુરા ગામમાં છેલ્લા ૨૦ વર્ષથી એક પણ ગુનો નોંધાયો નથી.

જાફરીપુરાના યુવા સરપંચશ્રી મહેર અલી જણાવે છે કે, "જે ગામમાં હું જન્મ્યો તેનું ઋણ ચૂકવવા ગામની પ્રગતિ માટે તન-મન-ધનથી સમર્પિત છું. રાજ્ય સરકારની સહાય અને ગ્રામજનોના સહકારથી જ ગામનો આ વિકાસ શક્ય બન્યો છે." સતત ત્રણ ટર્મ સુધી સમરસ ગ્રામ પંચાયત જાહેર થતા જાફરીપુરામાં ૧૪માં નાણાંપંચ, જિલ્લા આયોજન અને 'આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો (ATVT)'ની ગ્રાન્ટથી ગામનો વિકાસ અવિરત રહ્યો છે. પંચાયત વેરાની છેલ્લા ચાર વર્ષથી ૧૦૦ ટકા વસુલાતની આવક સિવાય ગ્રામજનો પાસેથી એક પણ રૂપિયાનો લોકફાળો એકત્ર કર્યા વગર માત્ર રાજ્ય સરકારના અનુદાન, ગ્રામ પંચાયતના ઉત્તમ વહિવટ અને ગ્રામજનોના સહકારથી જાફરીપુરાએ શહેર સમકક્ષ સુવિધાઓ વિકસાવી છે. તમારે સાચા ભારત દેશના દર્શન કરવા હોય તો ગામડાઓમાં જવું જોઈએ. ગાંધીજીના આ કથનને અનુસરીને જો તમે કોઈ ગામની મુલાકાત લેવાનું વિચારતા હોવ તો એકવાર પાટણના જાફરીપુરાની ચોક્કસ મુલાકાત લેજો. સિદ્ધપુરનું આ નાનકડું ગામ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નયા ભારતના સ્વપ્નને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યું છે.

જિલ્લો: પાટણ

તાલુકો: સિદ્ધપુર

ગામ: જાફરીપુરા

“

# ઈ - પંચાયત

પાયાના સ્તરના નાગરિકો સુધી
પહોંચવા અને તેમના ઉત્કર્ષ માટે

”

પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.